MARKET 4U (OPC) PVT. LTD.

જંગ-એ-ગુજરાત

અખબાર

સુરત ઓફિસ

૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.

કોલ કરીને જ આવવું

મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી

● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શુક્વાર । તા. ૨૮-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૦ + ૨

4 દિલ્હી હિંસામાં મૃત્યુઆંક ૩૭ પર પહોંચ્યોઃ ૧૦૮ લોકોની ધરપકડ

5 દિલ્હી સળગતું રહ્યું અને સરકાર મૂકદર્શક બની જોતી રહીઃ કોંગ્રેસ

7 એસ.ટી.ની ખોટ ૭૪૮ કરોડ, ખાનગી એજન્સીઓ પાસેથી ભાડે લીધેલી બસો માટે રૂ.૬૦ કરોડ ચૂકવ્યા

10 સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સમૂહમાં ૧૦૮ સૂર્યનમસ્કાર દ્વારા મોદીના ફિટ ઈન્ડિયા" સૂત્રને સાકાર કરવા પ્રયાસ

MARKET4U (OPC) PVT. LTD.ની તમામ જિલ્લા- શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જેણે ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે ૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)

એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૫૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ

જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો 9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650

INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.

★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ ડાયરેક્ટરઃ જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ સિલ્વર ડાયરેક્ટરઃ જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ ગોલ્ડ ડાયરેક્ટરઃ જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ પ્લેટિનમ ડાયરેક્ટરઃ જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

વર્ષો જૂની પાઈપ લાઈન બદલવાની કામગીરી મોટાભાગના શહેરમાં પાણી કાપ

રાંદેર ઝોન તાબા સિવાઈના તમામ વિસ્તારોમાં શુક્રવારે પાણીનું વિતરણ કરવામાં આવશે નહીં

સુરત

વરાછામાં વર્ષો જુની પાણીની લાઈન બદલીને હાલમાં નાંખેલી નળી નળીકાની જોડાણની કામગીરી કરવાના કારણે આવતીકાલે તા.૨૮મીએ શહેરના મોટાભાગના વિસ્તારોમાં પાણી બિલકુલ નહિ મળી શકે તેમ જણાવવામાં આવ્યું છે. વરાછામાં વૈશાલી હેલ્થ સેન્ટર જંકશન ચાર રસ્તા ખાતે વરાછા મેઈન રોડ, ખાંડ બજાર સૂર્યપુર રેલવે ગરનાળા નજીક અંદાજીત વર્ષ ૧૯૬૯માં નાંખવામાં આવેલી નળીકા જર્જરિત થઇ ગઇ છે. જેથી આ નળીકાને બંધ કરી નવી નાંખવામાં આવેલ ૧૨૧૯ મીમી વ્યાસની એમએસ નળીકાને હયાત ૧૨૧૯ મીમી વ્યાસની પાણી પુરવઠાની એમએસ નળીકા સાથે જોડાણની કામગીરી આજે રાત્રે ૧૧ થી ૨૯ના સવારે ૫ કલાક દરમ્યાન હાઇડ્રોલિક વિભાગ દ્વારા હાથ ધરવામાં આવનાર છે. જેથી હેડ વોટર વર્કસ, સરથાણા વોટર વર્કસ, ઉમરવાડા જળવિતરણ મથક, કતારાગમ, સીંગણપોર, ખટોદરા, અઠવા, ઉધના ચીકુવાડી, ઉધ્ના સંઘ, અલથાણ, ભીમરાડ, ડુંભાલ, વેસુ, કિન્નરી સહીતના જળવિતરણ મથક ખાતેથી શહેરમાં પહોંચાડવામાં આવતો પાણી પુરવઠો નહિંવત મળે જ્યારે ૨૯મીએ ઓછા પ્રેસરથી મળે તેવી શક્યતાઓ વ્યક્તે કરવામાં આવી રહી હોવાથી આ અંગેની જાણ સાથે નોંધ લેવા શહેરીજનોને સુરત મહાનગરપાલિકા દ્વારા અપીલ કરવામાં આવી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં રેલવે સ્ટેશનથી ચોક, ઉમરવાડા, મગોબ, ડુંભાલ, આંજણા, ભાઠેના, પાંડેસરા, ઉધના, ખટોદરા, ભેદવાડ, ચુકવાડી, મજૂરા, અઠવા, પાર્લે પોઈન્ટ, સીટીલાઇટ, અલથાણ, પનાસ, ભટાર, કતારગામ, વેડ, ડભોલી, સીગણપોર, વેસુ, ડુમસ, ભીમપોર, દવિયર, સુલતાનાબાદ, વાંટા, પુણા, ઉમરા, પીપલોદ, વરાછા, લંબેહનુમાન રોડ, બમરોલી સહિતનો વિસ્તારનો પણ સમાવેશ થાય છે. અત્રો ઉલ્લેખનીય ચે કે, રાંદેર ઝોન તાબાના તમામ વિસ્તારોમાં પાણી પુરવઠો યથાવત ધોરણે વિતરીત કરવામાં આવશે.

રિંગરોડ અને કતારગામની દુકાનમાં કામ કરતા બાળમજૂરો મુક્ત કરાયા

ચાની દુકાનના માલિકો સામે ગુનો દાખલ

સુરત

જિલ્લા બાળ અને શ્રમ વિભાગ તથા પોલીસે રિંગરોડની ચામુંડા ટી અને કતારગામની નવાબ ટીમાં કામ કરતા કુલ ૬ બાળ મજૂરોને છોડાવી ચિલ્ડ્રન હોમમાં મોકલી આપ્યા છે. ચાઇલ્ડ લેબર વિભાગની ટાસ્ક ફોર્સની ટીમે અને પોલીસની ટીમે રિંગરોડ સબજેલની સામે આવેલી ચામુંડા રેસ્ટોરન્ટમાં છાપો મારી મજૂરી કરી રહેલા ૨ તરૂણોને છોડાવ્યા હતા. જ્યારે કતારગામ હોડી બંગલા ખાતે આવેલી નવાબ ટી સ્ટોલમાં મજૂરી કરી રહેલા ૩ બાળકો અને ૧ તરૂણ મળીને કુલ ૪ બાળ મજૂરોને છોડાવી ચિલ્ડ્રન હોમમાં મોકલી આપ્યા હતા. આ બાળકોમાં ૩ રાજસ્થાન, ૨ પ.બંગાળ અને ૧ યુપીનો છે. ૧૦ થી ૧૬ વર્ષના આ બાળકો પાસે બપોરે ૧૨થી રાત્રે ૧૨ વાગ્યા સુધી મજૂરી કરાવી રૂ.૬થી ૮ હજારનો પગાર ચૂકવાતો હતો. બનાવ અંગે પોલીસે ચામુંડા રેસ્ટોરન્ટના માલિક મફતલાલ કેશાજી પુરોહિત(રહે,વિધાતા એપાર્ટમેન્ટ, રંગ અવધૂત સોસાયટી, માતાવાડી, વરાછા) તથા નવાબ ટી સ્ટોલના માલિક કરામુલ્લા સલામુલ્લા શેખ (રહે,હોળી બંગલા)ની સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

સૂર્યા મરાઠી હત્યા કેસ : નાસતાં ફરતા વધુ બે આરોપીની ધરપકડ

સુરત

સુરતના વેડ રોડ ખાતે આવેલા ત્રિભોવન નગરમાં ભર બપોરે સૂર્યા મરાઠીની ઓફીસમાં ૭ જેટલા શખ્સોએ ઘૂસી સૂર્યાને ચપ્પૂના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતાર્યો હતો. ત્યારે ઘટનામાં મુખ્ય આરોપી હાર્દિક પટેલને પણ સૂર્યાએ પલટવાર કર્યો હતો. જ્યાં હાર્દિક પટેલનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ઘટનાને લઈ સુરત શહેરમાં ચકચાર મચી જવા પામી હતી. ચોક બજાર પોલિસે મુખ્ય બે આરોપીની અગાઉ ધરપકડ કરી જેલના હવાલે કરી દીધા છે. ત્યારે હવે ઘટનાને લઈ વધુ એક ચોંકાવનારી માહિતી સામે આવી છે.

મળતી માહિતી મુજબ હત્યાને અંજામ આપનાર ૭ પૈકી ૨ આરોપી પોલીસથી નાશતાં ભાગતા ફરતા હતા. ત્યારે વધુ બે મુખ્ય આરોપી ચોક બજાર પોલીસે ઝડપી પાડ્યા છે. તેથી હવે કુલ ચાર આરોપીઓ પોલીસના હાથે લાગી ચૂક્યા છે. બાતમીના આધારે મગદલ્લા ગામ પાસેથી કુલદીપ પટેલ અને શૈલેષ વાતલિયાને સૂર્યાની હત્યા કરવાના ગુનામા ઝડપી પાડ્યા છે. આ સાથે ઘટનામાં સૂર્યાની હત્યાના કવતારામાં સૂર્યાના ચાર માણસો પણ સામેલ હોવાથી પોલીસે તેઓની પણ ધરપકડ કરી હતી. સમગ્ર મામલે ચોક બજાર પોલીસને સુર્યાના હત્યાકાંડમાં ૮ આરોપીની ધરપકડ કરી લીધી છે. તો અન્ય ફરાર આરોપીની પણ પોલીસ શોધ ખોળ કરી રહી છે.

પકડાયેલા આરોપીઓની હાર્દિક પટેલ સાથે જેલમાં દોસ્તી થઈ હતી અને તેઓ પણ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. હાર્દિકની દોસ્તીને લઈ તેઓએ સૂર્યા મરાઠીની હત્યામાં સામેલ થયા હતા. પકડાયેલો શૈલેષ પોતે જમીનની દલાલીના વ્યવસાય સાથે જોડાયેલો છે. ત્યારે કુલદીપ એક કેબ ડ્રાઈવર છે. હાર્દિક સાથે જેલમાં થયેલી દોસ્તીના કારણે તેઓએ સૂર્યાને મોતને ઘાટ ઉતરવાના કાવતરામાં સામેલ થયાનો ખુલાસો બહાર આવ્યો છે.

પાંડેસરામાં જેલમાંથી પેરોલ પર છૂટેલા બે મિત્રો પર ખૂની હુમલો

જેલવાસ દરમિયાન વિવિધ સવલત પુરી પાડવાની ના પાડતા હુમલો કરાયો

સુરત

પેરોલ ઉપર છુટેલા આરોપીઓએ જેલમાં જે જોઈએ તે પહોંચાડવાની માંગણી કરી ચાર જણાએ બે મિત્ર ઉપર હુમલો કરી જામીન ઉપર છૂટીને આવ્યા બાદ જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાનો બનાવ પાંડેસરા પોલીસ સ્ટેશને નોંધાયો હતો.

પાંડેસરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પાંડેસરા અપેક્ષાનગર ખાડી કિનારે ફરિયાદી ગુલશન વિનોદ પાંડે તથા તેનો મિત્ર રાજસિંગ આરોપી બાબુ ઉર્ફે બાબુ બોખોને મળવા ગયા હતા. ત્યારે આરોપી બાબુએ જણાવ્યું હતું કે, હું અત્યારે જેલમાંથી પેરોલ રજા ઉપર આવેલો છુ, થોડા દિવસ પછી હાજર થવાનો છુ, તમો મને જેલમાં મળવા આવો, ત્યારે મને જે જોઈએ તે પહોંચાડજો, જેથી ફરિયાદીએ જણાવ્યું હતું કે અમો મળવા આવીશું. પરંતુ અમો કંઈ પહોંચાડીશ નહીં, જેથી આરોપી બાબુ, નિરજ, પેલુ અને બુચીએ ફરિયાદી અને તેના મિત્રને ગાળો આપી લોખંડના સળીયાથી હુમલો કરી ઈજા પહોંચાડી હતી. તેમજ જામીન પર છૂટીને આવીશ તો તને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી નાસી ગયા હતા. પાંડેસરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

સુરત મહાનગર પાલિકામાં

પાંડેસરા ગ્રીન કો.ઓ.સોસાયટી દ્વારા ૩. ૩.૮૪ કરોડ જમા કરાવાય

બાકી નાણા ટૂંક સમયમાં ભરી દેવાશે

સુરત

સુરત મહાનગરપાલિકા દ્વારા પાંડેસરા ઔદ્યોગિક એકમોને પીવાલાયક તેમજ ટર્શરી ટ્રીટેડ મિશ્રિત પાણી પુરુ પાડવામાં આવે છે. ઔદ્યોગિક એકમોને પુરુ પાડવામાં આવતા ટર્શરી ટ્રીટેડ પાણીના ભાવ તફાવતના નાણાં અંદાજિત રૂા.૧૫ કરોડના બીલ તેમને આપવામાં આવેલ હતા. સદર નાણાં ચૂકવણી બાબતે ઔદ્યોગિક એકમો તરફથી વિસંગતતા ઉભી થતા સદર નાણાંની ચૂકવણી કરતા ન હતા. તા.૦૪/૦૨/૨૦૨૦ ના રોજ કમિશનરશ્રીની અધ્યક્ષતામાં સુરત મહાનગરપાલિકા અધિકારીગણ અને પાંડેસરા ગ્રીન એન્વાયરોમેન્ટ એન્ડ વોટર વેલ્ફર કો-ઓ.સોસા.લી. ના હોદેદારો સાથે થયેલ મીટીંગમાં ચર્ચા થયા મુજબ ઔદ્યોગિક એકમો ૨૫ % નાણાં જમા કરાવવાનું નકકી થયેલ હતું. જે અનુસંધાને તેઓ તરફથી તા.૨૫/૦૨/૨૦૨૦ ના રોજ ૩.૩.૮૪ કરોડના નાણાંના એક કમિશનરશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે. તેમજ બાકી રહેતા નાણાં ટૂંક સમયમાં સુરત મહાનગરપાલિકામાં જમા કરાવવાનું કે.કમિશનરશ્રીને ખાત્રી આપેલ છે.

શિક્ષણનું સ્તર ક્યાંથી સુધરે..?!! સમિતિની શાળામાં ૭૯૧ શિક્ષકોની ઘટ

સુરત

સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ માટે ૬૦૦ કરોડથી વધુનું બજેટ ફાળવવામાં આવી રહ્યું છે. આટલું મોટું બજેટ છતાં શિક્ષણનું સ્તર સુધરતું ન હોવાની ફરિયાદ છે. સમિતિના શિક્ષણનું સ્તર સુધરતું ન હોવા પાછળનું કારણ વિદ્યાર્થીઓને શિક્ષણ આપતાં શિક્ષકોની ઘટ જવાબદાર છે.

શિક્ષણ સમિતિના ગુજરાતી અને હિન્દી માધ્યમમાં ૫૦૦થી વધુ શિક્ષકોની ઘટ છે જ્યારે વિવિધ ભાષાના શિક્ષકો મળીને કુલ ૭૯૧ શિક્ષકોની ઘટ છે. આ ઘટ પુરવા માટે પ્રયાસ કરવામાં આવતા ન હોવાથી શિક્ષણ પર માઠી અસર પડી રહી છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ગુજરાતી માધ્યમની ૨૦૨ શાળા છે જેમાં ૨૭૬૦ શિક્ષકો હોવા જોઈએ તેની સામે ૨૫૦૨ શિક્ષકો હોવાથી ૨૫૮ શિક્ષકોની ઘટ છે. આવી રીતે હિન્દી માધ્યમની ૨૫ શાળામાં ૪૪૭ શિક્ષકો હોવા જોઈએ તેની જગ્યાએ માત્ર ૧૯૬ શિક્ષક હોવાથી હિન્દી માધ્યમમાં ૨૫૧ શિક્ષકોની ઘટ છે.

આ ઉપરાંત મરાઠી માધ્યમમાં ૭૬, ઉર્દુ માધ્યમની શાળામાં ૧૨૬, ઉડિયા માધ્યમની શાળામાં ૧૬, તેલુગુ માધ્યમની શાળામાં ૪ અને થોડા સમય પહેલાં શરૂ કરેલી અંગ્રેજી માધ્યમની શાળામાં ૬૪ શિક્ષકો મળીને કુલ ૭૯૧ શિક્ષકોની ઘટ છે.

ગુજરાત સરકારના સર્વહિત લક્ષી બજેટને આવકારતા પૂર્ણેશ મોદી

સરકારનો આભાર માનતા ધારાસભ્ય

સુરત

૧૬૭- સુરત (પશ્ચિમ) વિધાનસભાના ધારાસભ્ય શ્રી પૂશભાઈ મોદીએ સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રી શ્રી નીતિનભાઈ પટેલે રજૂ કરેલા જનહિતલક્ષી બજેટને આવકારી આ બજેટને કૃષિ વિકાસ, ખેડૂત કલ્યાણ, યુવા રોજગાર તેમજ ગરીબ અને મધ્યમ વર્ગની સર્વવ્યાપી, સર્વ સમાવિષક અને સર્વાગીણ સુખાકારીને પ્રાધાન્ય આપતું બજેટ લેખાવ્યું હતું. ખાસ કરીને સુરત તેમજ દક્ષિણ ગુજરાત માટે કરવામાં આવેલી જોગવાઈઓ માટે આભાર વ્યક્ત કર્યો છે. ડાયમંડ સિટી સુરતના મેટ્રો રેલ પ્રોજેક્ટને કેન્દ્ર સરકારની મંજૂરી મળેલ છે. આ પ્રોજેક્ટની શરૂઆત કરવા માટે તેમજ અમદાવાદ-ગાંધીનગર મેટ્રોની કામગીરી આગળ ધપાવવા માટે રૂા.૪૦૬ કરોડની જોગવાઈ. વૈશ્વિક ઓળખ મેળવી ચુકેલ સ્ટેગ્યુ ઓફ યુનિટીની કેવડીયા ખાતે મુલાકાતે આવનાર પ્રવાસીઓની વિપુલ સંખ્યાને ધ્યાને લઈને વિવિધ સુવિધાઓ તેમજ આકર્ષણો વિકસાવવામાં આવી રહેલ છે. આ વિસ્તારના સંતુલિત અને આયોજનબદ્ધ વિકાસ માટે સ્ટેગ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તા મંડળની સ્થાપના કરવામાં આવી છે. અહીં જંગલ સફારી, વિશ્વ વન, આરોગ્ય વન, એકતા નર્સરી, કેકટસ ગાર્ડન, વેલી ઓફ ફલાવર્સ, ન્યુટ્રીશન પાર્ક, ઓકડેરિયમ, ક્રોકોડાઈલ સેન્ટર વિગેરેનું નિર્માણ કાર્ય હાથ ધરાયેલ છે. ઉપરાંત, મહિલા સ્વસહાય જૂથો મારફતે હર્બલ સાબુ બનાવવા, રોપાઓની જાળવણી જેવા રોજગારલક્ષી આયોજન કરવામાં આવેલ છે. આમ, આ પ્રવાસન સ્થળના સર્વાગી વિકાસ માટે કુલ રૂા. ૩૮૭ કરોડની માતબર રકમની જોગવાઈ કરવામાં આવી છે.

હોળી નિમિત્તે પુણે અને બલ્હારશાહ વચ્ચે વિશેષ ટ્રેન દોડાવાશે

સુરત

ધુળેટીના તહેવારની ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ તા. ૩જીથી ૩૧ માર્ચ દરમિયાન વિશેષ ટ્રેનના દશ ફેરા પુણે અને બલ્હારશાહ વચ્ચે દોડાવવાની જાહેરાત કરી છે.

સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વસતા મહારાષ્ટ્રનો માટે જલગાંવ-ભૂસાવલ તરફની આ ટ્રેન વધારવાની સુવિધા પૂરી પાડશે. પુણે મલ્હાર શાહ સુપરફાસ્ટ (૦૨૦૪૯) એક્સપ્રેસ પુનાથી તા. ૩જીને મંગળવારે પુનાથી ૧૭:૩૦ કલાકે ઉપડશે જે બીજે દિવસે તા. ૪થીએ બુધવારે બપોરે ૧૪:૨૫ બલ્હારશાહ પહોચશે.

વળતામાં ટ્રેન (૦૧૪૮૦) તેજ દિવસે બુધવારે બલ્હારશાહથી ૧૮:૧૫ કલાકે ઉપડી બીજા દિવસે તા. પમીએ ગુરુવારે ૧૭:૦૦ કલાકે પુણે પહોચશે.

નવસારી જિલ્લામાં ધનવંતરી આરોગ્ય રથનું એક વર્ષ પુણ થતાં કરાયેલી ઉજવણી

નવસારી

શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ રચયેલ ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ જિલ્લા નવસારી દ્વારા બાંધકામ શ્રમિકોને કામના સ્થળે આરોગ્યલક્ષી સારવાર મળી રહે તે હેતુસર ધનવંતરી આરોગ્ય રથ નવસારી જિલ્લામા શરૂ કરવામાં આવ્યો હતો. જેની વાર્ષિક ઉજવણી કરવામાં આવી હતી. એક વર્ષ દરમિયાન નવસારી જિલ્લામાં કુલ ૨૪,૪૬૯ બાંધકામ શ્રમિકોને ચકાસણી તથા ૫૯૫૭ લેબ ટેસ્ટ કરી પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. ધનવંતરી આરોગ્ય રથ અઠવાડિયાના દર ગુરુવારે રેલ્વે સ્ટેશન કડિયાનાકા બીલીમોરા ખાતે તથા શુક્રવારે શહીદચોક અને શનિવારે રેલ્વેસ્ટેશન નવસારી ખાતે સેવા આપવામાં આવે છે. તેમ પ્રોજેકટ મેનેજર ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ નવસારી દ્વારા જણાવાયું છે.

તા.૧'લી માર્ચે વાંસકોઈમાં ગોળીધર બાપુનો મેળો

અત્રે ગુજરાત રાજ્યના મહુવા ગામ પાસે વાંસકોઈ ગામમાં જૂના પુરાણા શ્રી ગોરીધર બાપુની અને બીલીમોરા પાસે આવેલુ શ્રી ઉનાઈ માતાની સાલગીરી ફાગણ સુદ છઠને રવિવાર તા.૧લી માર્ચના રોજ મેળો ભરાશે. આ દિવસે આજુબાજુ નાના મોટા ગામના બારડોલી પાસે શ્રદ્ધાળુ ભાવિક ભક્તજન ઉત્સાહ ઉમંગથી દર્શને આવે છે. જૈન સમાજનું વિઘ્નેશ્વર દાદાની પણ સાલગીરી હોય છે.

સુરત જિલ્લા પંચાયત કચેરી

જાતિય સતામણી ફરિયાદ સમિતિમાં વકીલ પ્રિતબેન જોષીની નિમણુંક

સુરત

જિલ્લા પંચાયત કચેરી દ્વારા ભારત સરકારશ્રીના કાયદા વિભાગની રીખ : ૨૩/૦૪/૨૦૧૩ ની વિશાખા ગાઇડ લાઇનના ચેપ્ટર નં. ૨,૪(૧)(૨)(૩)(૪) ની મુજબ દરેક સંસ્થામાં કે જયાં સ્ત્રી કર્મચારી કાર્ય કરતા હોય ત્યા ફરીયાદી સમિતિની નિમણુક કરવાની હોય છે અને આવી સમિતિમાં મોટા ભાગે મહીલા સભ્યોનો સમાવેશ કરવામાં આવે છે. જેમાં દરેક સભ્યોનો હોદો ૩ વર્ષ સુધી રહે છે અને આ સમિતિની બેઠક દર માસે બેસાડવામાં આવે છે અને જો કોઈ ફરીયાદ આવેલ હોય તો તેના નિવારણ માટે યોગ્ય પગલાં લેવા સરકારશ્રીને ભલામણ કરવાની હોય છે. સુરત શહેરમાં છેલ્લા ૨૬ વર્ષ ઉપરાંતથી વકીલાત કરતા, સુરત શહેરમાં મહીલાઓ પ્રત્યે થતા અત્યાચાર રોકવા માટે સતત લડત આપનાર, સામાજીક ક્ષેત્રમાં સ્ત્રીઓના વિકાસ, હિત માટે સતત કાર્ય કરનાર, સફળ વકીલાત સાથે સાથે કાનુની જાગૃતાના કેમ્પ કરી સ્ત્રીઓના કાનૂની જાગૃતા લાવવાના વિગેરે જેવા મહત્વના કાર્યોની નોંધ લઈ એડવોકેટ શ્રીમતિ પ્રતિ જીજ્ઞેશ જોષીની ફરીયાદ સમિતિમાં નિમણુંક કરવામાં આવેલી. જે ગૌરવની વાત છે.

દક્ષિણ ગુજરાતનું તાપમાન વધી ગયું સુરતમાં મહત્તમ ૩૫ ડીગ્રી તાપમાન

સુરતનું લઘુતમ તાપમાન ૨૧ ડીગ્રી નોંધાયું

સુરત

ફેબ્રુઆરી મહિનાના છેલ્લા સપ્તાહ દરમ્યાન સમગ્ર દક્ષિણ ગુજરાતના તાપમાનમાં નજીવો વધારો થવાની સાથે બપોરે આકરા તાપનો અનુભવ થઈ રહ્યો છે. આગામી દિવસોમાં ઉત્તર દિશાથી ગરમ પવન ફુંકાવાની સાથે ઉનાળાનો તાપ પડે તેવી શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૩૫.૩ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૨૧ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૩૯ ટકા અને હવાનું દબાણ ૧૦૧૦.૭ મિલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર દિશાથી કલાકના ૪ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે ન્યુનતમ તાપમાનમાં ૨ ડીગ્રીનો વધારો થયો છે. રાત્રે અને મળસ્કે પણ ઠંડીનો ચમકારો ધીરે ધીરે ઘટી રહ્યો છે. દિવસ દરમ્યાન અધિકતમ તાપમાનમાં નજીવો વધારો થઈ રહ્યો છે. આજે બપોરે આકરા તાપનો અનુભવ થયો હતો. બપોરના સમયે ઉનાળાની ગરમી જેવો માહોલ અનુભવાઈ રહ્યો છે. આગામી સપ્તાહથી ઉનાળાની વિધિવત શરૂઆત થાય તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.



શ્રી Design
A Complete Printing Solution
Our Services
• Graphic Design • Book Work
• I Card (School & Commercial) • Brochure
• Stationary Printing • Pamphlet
• Calendar
All Type of Designing & Printing Work @ One Junction
93774 65170 • 70160 46096

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શુક્રવાર । તા. ૨૮-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ ।

દિલ્હી ભાજપ નેતાઓના ભડકાઉ ભાષણો સામે કેસ નોંધવા કર્યો હતો હુકમ

હાઈકોર્ટના જજ મુરલીધરનની એકાએક બદલીથી વિવાદ



જજની બદલી પંજાબ-હરિયાણા હાઈકોર્ટમાં કરાઈ,તેમણે દિલ્હી હિંસા મામલે પોલીસ-કેન્દ્ર સરકારની પણ આકરી ટીકા કરી હતી

ન્યુ દિલ્હી

ભાજપના નેતાઓના કથિત ઉશ્કેરણીજનક ભાષણોને લઈને તેમની સામે ફોજદારી કેસ નોંધવા અને દિલ્હીમાં ફાટી નિકળેલા કોમી તોફાનોને ડામવામાં નિષ્ફળતા બદલ ગઈકાલે બુધવારે જ દિલ્હી પોલીસને ફટકાર લગાવી ગુરૂવારે તેનો જવાબ આપવાનો આદેશ કરનાર દિલ્હી હાઈકોર્ટના જસ્ટીસ એસ. મુરલીધરનની ગઈકાલે જ રાતોરાત બદલી કરી દેવાતા કાયદાકિય અને રાજકિય ક્ષેત્રે તેના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા હતા. જો કે કાયદામંત્રી રવિશંકરપ્રસાદે તેને વહીવટી પ્રક્રિયા અને સુપ્રિમ કોર્ટના કોલેજીયમ (જજોની સમિતિ)ની ૧૨ ફેબ્રુઆરીના રોજ કરાયેલી ભલામણના આધારે તેમની બદલી કરવામાં આવી હોવાનો બચાવ કર્યો હતો. શું હિંસા ભડકાવનારાઓ પર તાત્કાલિક એફઆઈઆર નોંધવાની જરૂર નથી ? હિંસા રોકાવા માટે તાત્કાલિક પગલા ભરવાની જરૂર છે. અમે દિલ્હીમાં ૧૯૮૪ જેવી સ્થિતિ બનવા દઈશું નહિ,એવું અવલોકન જજ દ્વારા કરવામાં આવ્યું હતું અને ભાજપ નેતા કપિલ મિશ્રા, અનુરાગ ઠાકુર અને પ્રવેશ વર્માની વિરુદ્ધ એફઆઈઆર નોંધવાનો આદેશ આપ્યો હતો. તોફાનગ્રસ્ત વિસ્તારમાંથી પોલીસ પહેરા હેઠળ ઈજાગ્રસ્ત દર્દીઓને એમ્બ્યુલન્સમાં લઈ જવા માનવતાને ધ્યાનમાં રાખીને અડધીરાત્રે આદેશ પણ આ જ જજે આપ્યો હતો.

જો કે ભાજપના એક નેતા કપિલ મિશ્રાના ભાષણનો વિડિયો કોર્ટમાં દર્શાવી દિલ્હી પોલીસને તેમની ફરજ યાદ કરાવીને શરમજનક અને ક્ષોભજનક સ્થિતિમાં મૂકી નેતાઓ સામે ત્વરિત એફઆઈઆરના પગલા લેવા જણાવનાર આ જજની એકાએક બદલીનો સમય એટલે કે ટાઈમિંગને લઈને કેન્દ્ર સરકારની ટીકાઓ પણ થઈ રહી હતી. આ જજને પંજાબ-હરિયાણા હાઈકોર્ટના જજ તરીકે મૂકવામાં આવ્યાં છે. કેન્દ્ર સરકારે બુધવારે રાતે આ અંગેનું નોટિફિકેશન બહાર પાડ્યું હતું. આ પહેલા ગઈકાલે જસ્ટિસ મુરલીધરને ૩ કલાક સુધી ચાલેલી સુનાવણી દરમિયાન પોલીસ કમિશ્નરને ભડકાઉ ભાષણોના તમામ વીડિયો બતાવવા અને

અનુસંધાન પાના નં. ૫

સુપ્રિમની ભલામણ અનુસાર જજની બદલી કરાઈ: કાયદામંત્રીનો બચાવ

દિલ્હી હોઈકોર્ટના જસ્ટિસ એસ.મુરલીધરની બદલી પર કોંગ્રેસે કેન્દ્ર સરકાર પર ભાજપના નેતાઓ બચાવ કરવાનો આરોપ લગાવ્યો છે. કેન્દ્રીય કાયદા પ્રધાને આ મામલે કહ્યું કે, હાઈકોર્ટના જસ્ટિસની બદલી કૉલેજિયમની ભલામણના આધારે કરવામાં આવી છે. કાયદા પ્રધાન રવિશંકર પ્રસાદે કહ્યું કે, મુરલીધરની બદલી ભારતના ચીફ જસ્ટિસની અધ્યક્ષતા વાળી સુપ્રીમ કોર્ટના કૉલેજિયમની ભલામણના આધારે કરવામાં આવી છે. રવીશંકર પ્રસાદે કહ્યું કે, જસ્ટિસ લોયાના કેસની સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી. કેટલાક લોકો આના પર સવાલ ઉઠાવીને કોર્ટનું અપમાન કરી રહ્યા છે. સુપ્રીમ કોર્ટમાં આ મામલે વ્યાપક ચર્ચા થઈ હતી. શું રાહુલ ગાંધી પોતાને સુપ્રીમ કોર્ટથી ઉપર સમજે છે? રવિશંકર પ્રસાદે કહ્યુ હતુ કે , મુરલીધરની બદલીની ભલામણ ૧૨ ફેબ્રુઆરીએ જ થઈ ગઈ હતી.એક રેગ્યુલર ટ્રાન્સ્ફરનુ પણ કોંગ્રેસે રાજકીયકરણ કરી નાંખ્યુ છે. ભારતના લોકોએ કોંગ્રેસને નકારી દીધી છે.જેના કારણે હવે તે ભારતની સંવિધાનિક સંસ્થાઓને બરબાદ કરવા માંગે છે.

આજે જાહેર થશે જીડીપીના આંકડા: ૫ ટકા ગ્રોથ રેટનું અનુમાન

ન્યુ દિલ્હી

ડિસેમ્બર મહિનામાં પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં જીડીપીના આંકડા આવતીકાલે એટલે કે શુક્રવારે જાહેર થશે. ગ્રોથ રેટ વધારવા માટે છેલ્લા કેટલાક સમયથી સરકારે અનેક પગલા ભરવા છતાં મોટાભાગના નિષ્ણાતોનું અનુમાન છે કે ગ્રોથ રેટ ૫ ટકા આસપાસ રહી શકે છે. આ સાથે એવો પણ અંદાજ છે કે ચોથા ત્રિમાસિક ગાળામાં પણ ગ્રોથ રેટ ઓછો રહી શકે છે. તેમનું કહેવું છે કે કોરોના વાઈરસના સંક્રમણની અસર અર્થતંત્ર પર જોવા મળશે. નોમારાના નિષ્ણાતોના અંદાજ પ્રમાણે વર્ષ ૨૦૧૯ના ચોથા ત્રિમાસિક ગાળામાં ગ્રોથ રેટ ૪.૫ ટકાથી ઘટી ૪.૩ ટકા આસપાસ રહી શકે છે. આરબીઆઈના અંદાજ પ્રમાણે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે વિકાસ દર ૬ ટકા રહેવાનો અંદાજ છે. નાણાકીય વર્ષ પ્રથમ છ મહિનાના ગાળા દરમિયાન ગ્રોથ રેટ ૫.૫-૬.૦ ટકા વચ્ચે રહેવાનો અંદાજ છે. તાજેતરમાં રજૂ કરવામાં આવેલી નાણાં નીતિની સમીક્ષા બેઠકમાં આરબીઆઈએ ગ્રોથ રેટ ૫ ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે.

સરકાર અને આરબીઆઈ દ્વારા સંખ્યાબંધ પગલાં ભરવામાં આવવા છતા ડિસેમ્બર,૨૦૧૯માં મુખ્ય ઈન્ડીકેટરમાં ખાસ ગ્રોથ જોવા મળી શક્યો નથી. કોરોના વાઈરસના સંક્રમણની અસર અનેક સેક્ટર પર જોવા મળી છે.

એજન્સીને અનુમાન છે કે

અનુસંધાન પાના નં. ૫

દિલ્હી હિંસામાં ઘાયલો પર 'ફરિશ્તા યોજના' લાગુ થશે: મુખ્યમંત્રી

મૃતકોના પરિવારજનોને વળતર રૂપે ૧૦ લાખ અપાશે: કેજરીવાલ

દિલ્હી હિંસામાં મારી પાર્ટીના નેતા દોષી સાબિત થાય તો બમણી સજા આપજો: કેજરીવાલ

ન્યુ દિલ્હી

દિલ્હી હિંસાને લઈને મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પત્રકાર પરિષદ કરી હતી. કેજરીવાલે કહ્યું કે, હિંસામાં હિન્દૂ અને મુસ્લિમ બધાને નુકસાન થયુ છે. આ દરમિયાન કેજરીવાલે રાહતના સમાચાર આપતા વળતરની પણ જાહેરાત કરી હતી. કેજરીવાલે કહ્યુ કે હોસ્પિટલમાં ઘાયલોની મફત સારવાર કરવામાં આવી રહી છે. ઘાયલો પર ફરિશ્તા યોજના લાગુ થશે. આ દરમિયાન અરવિંદ કેજરીવાલે મૃતકોના પરિવારને ૧૦-૧૦ લાખ વળતરની પણ જાહેરાત કરી છે. સગીરોના મોત પર



પરિવારજનોને ૫-૫ લાખ રૂપિયા આપવામાં આવશે.

કેજરીવાલે આગળ કહ્યુ કે, સામાન્ય રીતે ઘાયલોને ૨૦-૨૦ હજાર રૂપિયાનું વળતર આપવામાં આવશે. હિંસામાં જેમની રિક્ષાને નુકસાન થયુ તેમણે ૨૫ હજાર, ઈ રિક્ષા માટે ૫૦ હજાર, જેમનું ઘર સળગ્યુ છે તેમણે ૫ લાખ રૂપિયા આપવામાં આવશે. આ સિવાય દુકાન સળગવા પર ૫ લાખ રૂપિયાનું વળતર આપવામાં આવશે.

દિલ્હીના મુખ્યમંત્રીએ કહ્યુ કે જેમના પશુ સળગી ગયા તેમણે પાંચ હજાર પ્રતિ પશુ આપવામાં આવશે. જેમના આધાર કાર્ડ, વોટર કાર્ડ સળગી ગયા છે તેમના નવા દસ્તાવેજ બનાવવામાં આવશે, તેની માટે કેમ્પ લાગશે. સીએમે કહ્યુ કે, સરકાર રમખાણ પીડિતોને મફત ભોજન પહોચાડશે. હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવી રહ્યા છે. વિસ્તારમાં શાંતિ અને અમન કમિટીઓ સક્રિય થશે. કેજરીવાલે કહ્યુ કે, દિલ્હી સરકાર તરફથી જે પણ પગલા ભરવા જોઈતા હતા તે ભરવામાં આવ્યા છે. કાલથી હિંસાની ઘટના ઓછી થઈ છે, આજે પણ અમે આ મામલે કેટલીક મીટિંગ કરી છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે મારી માર્ટીના કોઈ નેતા કે સભ્ય નજરે ચડ્યો તો તેના પર બમણી કાર્યવાહી થવી જોઈએ.

૧૩ એપ્રિલ સુધી સુનાવણી ટળી,કેન્દ્ર સરકારને નોટિસ ફટકારી

દિલ્હી હિંસા: ભડકાઉ ભાષણો મુદ્દે ૪ સપ્તાહમાં જવાબ આપવા હાઈકોર્ટનો આદેશ

ન્યુ દિલ્હી

નોર્થ-ઈસ્ટ દિલ્લીમાં થયેલી હિંસા અંગેની અરજી પર ગુરુવારે દિલ્લી હાઈકોર્ટમાં સુનાવણી થઈ. દિલ્લી પોલિસે કોર્ટમાં પોતાનો જવાબ દાખલ કરવા માટે જવાબ માંગ્યો. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યુ કે કોર્ટે ભડકાઉ ભાષણ મામલે કાર્યવાહી કરવા માટે જવાબ માંગ્યો હતો જ્યારે આ નિવેદન ૧-૨ મહિના પહેલાનુ છે. તુષાર મહેતાએ દિલ્લી હિંસા અને વિધાનસભા ચૂંટણી દરમિયાન ભડકાઉ નિવેદનબાજી પર એફઆઈઆર નોંધવાનો વિરોધ કરીને કહ્યુ કે આના માટે હજુ માહોલ અનુકૂળ નથી.

જો કે અરજીકર્તાના વકીલે તુષાર મહેતાની દલીલોનો વિરોધ કર્યો અને કહ્યુ, ઉત્તર પૂર્વી દિલ્લીમાં હિંસાના વિવિધ કેસોમાં અત્યાર સુધી ૪૮ એફઆઈઆર નોંધવામાં આવી છે. તો હવે એફઆઈઆર કેમ નહિ? અરજીકર્તા તરફથી અન્ય વકીલ કોલીન ગોંઝાલવીસે કહ્યુ કે તે ધરપકડ માટે દબાણ નથી કરી રહ્યા પરંતુ એક

અનુસંધાન પાના નં. ૫

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો
૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

મને અને મારી પાર્ટીને બદનામ કરવાનું ભાજપનું કાવતરું: તાહિર

આપના કોર્પોરેટરના ધાબેથી મોટી માત્રામાં વાંધાજનક ચીજવસ્તુઓ મળતા વિવાદ





પોલીસે ધાબા પરથી ઈંટ-પથ્થરો અને પેટ્રોલ બોમ્બ મળ્યા, આઈબી ઓફિસરની હત્યાનો આરોપ પણ તાહિર પર મૂકાયો

ન્યુ દિલ્હી

દિલ્હી હિંસાના મામલે આમ આદમી પાર્ટીના કોર્પોરેટર તાહિર હુસૈન પર આરોપ લાગી રહ્યા છે. હિંસામાં માર્યા ગયેલા ઈન્ટેલિજન્સ બ્યૂરોના અધિકારી અંકિત શર્માના પરિવારજનોએ કથિત રીતે તાહિર પર હત્યાનો આરોપ લગાવ્યો છે. તાહિર પર બીજો એવો આરોપ પણ લગાવવામાં આવ્યો છે કે, ૨૫ ફેબ્રુઆરીના રોજ તેમના ચાંદબાગ સ્થિત ઘરમાંથી અસામાજીક તત્વોએ લોકો પર પથ્થરમારો કર્યો હતો અને પેટ્રોલ બોમ્બ ફેંક્યા હતા. જોકે, તાહિર હુસૈને તમામ આરોપોને નકારી કાઢ્યા છે. પરંતુ તેમના ઘરના ધાબા પરથી મોટી સંખ્યામાં ઈંટ-પથ્થરો અને પેટ્રોલ બોમ્બ મળી આવ્યા છે. જેનો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયુવેગે વાયરલ થઈ રહ્યો છે. જેમાં સ્પષ્ટ રીતે દેખાઈ રહ્યું છે કે તેમના ધાબા પર મોટી માત્રામાં પથ્થરો પડેલા છે અને પ્લાસ્ટિકના કેરેટ્સમાં પેટ્રોલ બોમ્બ્સ અને પથ્થરો અને ઈંટોના ટુકડાઓ ભરેલા છે. તાહર હુસૈનનું કહેવું છે કે જ્યારે આ ઘટના ઘટી ત્યારે તેઓ ઘરે હતા જ નહીં. તેમજ આ ષડયંત્ર ભાજપના નેતા દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. તેઓ મને અને આમ આદમી પાર્ટીને બદનામ કરવા માટે આ પ્રકારના પ્રયાસો કરી રહ્યા છે.

આઈએએસ અધિકારીઓ,નેતાઓ અને ઉદ્યોગપતિઓ રડારમાં

છત્તીસગઢના રાયપુરમાં ૨૫ સ્થળોએ આવકવેરા વિભાગના દરોડાથી ફફડાટ

રાયપુર

છત્તીસગઢના રાયપુરમાં કેન્દ્રીય આવકવેરા વિભાગની ટીમે ગુરુવારે ૨૫ સ્થળોએ દરોડા પાડ્યા હતા. સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, આવકવેરા અધિકારીઓએ આઈએએસ અનિલ તુટેજા, આઈએએસ વિવેક ધંધ, રાયપુરના મેયર અજાઝ ઢેબર, તેના ભાઈ અનવર ઢેબર અને દારૂના વેપારી પપ્પુ ભાટિયાના નિવાસસ્થાન અને ઓફિસ પર દરોડા પાડ્યા હતા. આવકવેરા વિભાગને ગુપ્તચર સ્ત્રોતો પાસેથી માહિતી મળી હતી કે તે બધા પાસે અપ્રમાણસર સંપત્તિ છે. આવકવેરા અધિકારીઓ દ્વારા દરોડા હજુ પણ ચાલુ છે.

ગુરુવારે, આવકવેરા વિભાગની ટીમે ફિલ્મ શૈલીમાં દરોડા પાડ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર અધિકારીઓ પણ જાણતા ન હતા કે તેઓએ ક્યાં છાપો મારવો. આ માહિતી ખૂબ જ ગુપ્ત હતી અને માત્ર ઉચ્ચ કક્ષાના અધિકારીઓને જ આ અંગેની જાણકારી હતી. આવકવેરા વિભાગના તમામ વાહનોમાં બૌદ્ધિક સામાન્ય સભા, એકેડેમિક ભ્રમણ જેવા સ્ટીકરો સજ્જ હતા અને કોડ વર્ડવાળા અધિકારીઓ રવાના કરાયા હતા. ૨૫ સ્થળોએ દરોડા મુખ્યત્વે હોટલિયર ગુરચરણસિંહ હોરા, દારૂના બેરોન પપ્પુ ભાટિયા, આઈએએસ અધિકારી અનિલ તુટેજાની પત્ની અને બ્યુટી પાર્લરના ઓપરેટર મીનાક્ષી

અનુસંધાન પાના નં. ૫

તંત્રી સ્થાનેથી...

હિંસા પર અંકુશ જરૂરી

દિલ્હીમાં હિંસા ખતરનાક વળાંક પર આવી ગયા બાદ કોર્ટે કઠોર વલણ અપનાવીને લાલ આંખ કરી છે. સુધારેલા નાગરિક સુધારા કાનુનની સામે અને સમર્થનમાં જોરદાર હિંસા થઇ રહી છે. દિલ્હીના જુદા જુદા ભાગોમાં હિંસામાં ૩૩થી વધારે લોકોના મોત થયા છે. સીએએ સમર્થકો અને વિરોધીઓ વચ્ચે જારી ખેંચતાણના કારણે સામ સામે રક્તપાત જારી છે. હિંસાને રોકવામાં પોલીસ સંપૂર્ણપણે ફ્લોપ છે. દિલ્હી પોલીસ એ વખતે જ સક્રિય નજરે પડે છે જ્યારે ઉપરકથી કોઇ આદેશ આવે છે. મંગળવારના દિવસે કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહે ઉચ્ચસ્તરે બેઠકો યોજી હતી. ત્યારબાદ પોલીસે જાફરાબાદના રસ્તાને ખાલી કરાવી લીધા હતા. તે પહેલા પોલીસ કઠોર રીતે દેખાઈ ન હતી. કાનુન અને વ્યવસ્થાની સ્થિતીને જાળવી રાખવા માટે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોભાલ પણ સક્રિય થયેલા છે. તેઓ પોતે હિંસા અસરગ્રસ્ત વિસ્તારમાં માર્ગો પર ઉતરીને સ્થિતીની સમીક્ષા કરતા નજરે પડ્યા હતા. બીજી બાજુ દિલ્હી હાઇકોર્ટને એ ટિપ્પણી કરવી પડી કે ૧૯૮૪ જેવી સ્થિતી ઉભી થાય તેવી કોઇને તક આપવામાં આવનાર નથી. હાઇકોર્ટે પહેલા મંગળવારના દિવસે અને ત્યારબાદ બુધવારના દિવસે સુનાવણી કરી હતી. કોર્ટે આમ આદમી પાર્ટીમાંથી ભાજપમાં આવેલા કપિલ મિશ્રાના એ વિડિયોને પણ જોયો હતો જેમાં તેઓ ઉશ્કેરણીજનક નિવેદન કરતા દેખાઇ રહ્યા નથી. કોર્ટે આના પર સોલિસિટર જનરલની પ્રતિક્રિયા પણ માંગી હતી. બીજી બાજુ સુપ્રીમ કોર્ટે દિલ્હી પોલીસની કાર્યપ્રણાલી પર જોરદાર રીતે પ્રશ્નો ઉઠાવ્યા છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે હિંસાનો અંત લાવવા માટેની દિલ્હી પોલીસના તરીકા પ્રોફેશનલ નથી. સુપ્રીમ કોર્ટની આ ટિપ્પણી દિલ્હી પોલીસની ટિકા કરે છે. પોલીસનુ કામ કાયદા અને ન્યાયની સ્થિતી ન બગડે તે જોવાનુ રહેલુ છે. તેના બદલે દિલ્હી પોલીસમાં પ્રોફેશનલ વર્તન નથી. દિલ્હી પોલીસને શરૂઆતમાં જ ગંભીર રહેવાની જરૂર હતી. માત્ર ત્રણ દિવસમાં જ ૩૩ લોકોના મોત થઇ ગયા છે. હિંસા જોરદાર સ્વરૂપમાં ન આવે તે પહેલા કાર્યવાહી કરવાની જરૂર હતી. હિંસાની આ પ્રકારની ઘટના પોલીસ પ્રત્યે વિશ્વાસને ઘટાડી નાંખે છે. પોલીસની ગુપ્તચર ટીમ દરેક મોરચા પર ફ્લોપ રહી છે. દિલ્હીમાં જારી હિંસાને લઇને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ મૌન તોડી ચુક્યા છે. મોદીએ તમામને શાંતિ જાળવી રાખવા માટેની અપીલ કરી છે. મોદી કહી ચુક્યા છે કે શાંતિ અને સદભાવને જાળવી રાખવાની જરૂર દેખાઇ રહી છે. દિલ્હીમાં શાંતિ અને ભાઇચારાની સ્થિતીને જાળવી રાખવામાં આવે તે જરૂરી છે. કારણ કે દિલ્હીમાં નાની નાની બાબતો પણ મુશ્કેલીમાં લોકોને મુકી શકે છે. સાથે સાથે દુનિયાના દેશોમાં આના કારણે ભારતની છાપને અસર થઇ રહી છે. કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટીના લોકો એકબીજા સાથે આક્ષેપો કરવાના બદલે હિંસાગ્રસ્ત વિસ્તારોમાં જઇને સ્થિતીને કાબુમાં લેવાના પ્રયાસ કરે તે જરૂરી છે. દિલ્હીમાં શાંતિ સ્થાપિત કરવા માટે બનતા તમામ પ્રભાવશાળી વર્ગની મદદ પણ શક્ય હોય તો લેવી જોઇએ.

દિલ્હીમાં હિંસાને રોકીને ભાઇચારા અને શાંતિ સ્થાપિત કરવાની બાબતો જરૂરી છે

૧૧ કલાક બેસવાથી નુકસાન

મૃત્યુનો ખતરો ૪૦ ટકા સુધી વધી જાય છે : રિપોર્ટ

હાલમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે લાંબા સમય સુધી બેસી રહેવાથી આયુષમાં ઘટાડો થાય છે. અભ્યાસના તારણોને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. આનાથી હાર્ટ સાથે સંબંધિત રોગ અને ડાયાબિટીશનો ખતરો પણ અનેક ગણો વધી જાય છે. યુનિવર્સિટી ઓફ સિડનીના અભ્યાસમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. આમા જણાવવામાં આવ્યું છે કે એક દિવસમાં ૧૧ કલાક અથવા તો તેનાથી વધુ સમય સુધી બેસી રહેનાર પુખ્ત વયના લોકોમાં આગામી ત્રણ વર્ષમાં મૃત્યુનો ખતરો ૪૦ ટકા સુધી વધી જાય છે. એક દિવસમાં ચાર કલાકથી ઓછા સમય સુધી બેસી રહેનાર લોકો કરતા ૧૧ કલાકથી વધુ સમય સુધી બેસી રહેતા લોકોમાં ખતરો ખૂબ વધારે છે. એક નિવેદનમાં યુનિવર્સિટી ઓફ સિડની સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થના પ્રોફેસરે કહ્યું છે કે મોર્નિંગ વોક અથવા તો જીમમાં જવાની બાબત પણ ખૂબ જરૂરી છે પરંતુ લાંબા સમય સુધી બેસવાની બાબત ખૂબ જ ખતરનાક છે. આનાથી ઘણા રોગનો ખતરો વધી જાય છે. તેમના જણાવ્યા મુજબ અભ્યાસના પરિણામો દર્શાવે છે કે ઘરમાં, નોકરીમાં અને ટ્રાફિકમાં લોકો બેસવામાં ઘણો સમય ગાળે છે. આને ઘટાડવામાં આવે તે જરૂરી છે. વધારે સમય સુધી ઊભા રહેવાથી અને વોકિંગ વધુ કરવાથી આ ગાળાને ઘટાડી શકાય છે. સવારમાં ઓછામાં ઓછા ૩૦ મિનિટ સુધી વોકિંગ ખૂબ જ મહત્વપૂર્ણ છે. બ્રિટિશ ચેનલ ઓફ સ્પોર્ટ્સ મેડીસીન દ્વારા તૈયાર કરવામાં આવેલા આવા જ અહેવાલમાં લાંબા સમય સુધી બેસવા અને આરોગ્ય વચ્ચે સીધા સંબંધ હોવાની વાત કરાઈ છે. દિવસમાં છ કલાક સરેરાશ ટીવી નિહાળનાર લોકોને પણ આવરી લેવામાં આવ્યા હતા. વય, ડાઈટ અને કસરતની ટેવ જેવી બાબતોને ધ્યાનમાં લેવામા આવી છે.

આજે દિલ્હીમાં અશાંત વિસ્તારમાં કોઇ જવા માટે સાહસ કરતા નથી

અમે શુ હતા અને શુ બની ગયા છીએ

દેશના પાટનગર તરીકે ગણાતા દિલ્હીની સ્થિતી હવે બદલાઇ ગઇ છે. આ એ દિલ્હી નથી જ્યાં ૧૫મી ઓગષ્ટ અને ૨૬મી જાન્યુઆરીના દિવસે રાજપથ પર અમારી લોકશાહીની વિવિધતા એક સાથે નજરે પડે છે. રાજ્ય શક્તિની છટા આ મોટા દિવસોમાં દિલ્હીમાં જોવા મળે છે પરંતુ હવે સ્થિતી એકાએક બદલાઇ ગઇ છે. આજે દિલ્હીના વિવિધ વિસ્તારોમાં વ્યાપક રક્તપાતનો દોર જારી છે. ૩૩થી વધારે લોકોના મોત થઇ ચુક્યા છે. તેમ છતાં આજની સ્થિતીને જોઇને ૧૯૪૭ના વિભાજનના દિવસોની યાદ તાજી થઇ જાય છે. કમનસીબ બાબત એ છે કે લોકો એ ઇતિહાસને આજે ભુલી ચુક્યા છે જ્યારે તોફાનોને શાંત કરાવવા માટે મહાત્માં ગાધી ૧૩મી જાન્યુઆરીથી ૧૮મી જાન્યુઆરી વચ્ચે અનશન પર ઉતરી ગયા હતા. મહાત્મા ગાંધી ૧૩મી જાન્યુઆરીથી ૧૮મી જાન્યુઆરી ૧૯૪૮ સુધી અનશન પર રહ્યા હતા. સાથે સાથે હિંસાની હેવાનિયને કાબુમાં લેવામાં સફળ રહ્યા હતા. ૩૦મી જાન્યુઆરીના દિવસે પ્રાણોની આહુતિ આપીને દેશમાં શાંતિ સ્થાપિત કરવામાં તેઓ સફળ રહ્યા હતા. આજે આ શહેરમાં મોટા મોટા ભાષણબાજ, સંવાદના કૌશલમાં કુશળ, ચૂંટણી જીતાડનાર લોકો રહેલા છે. પરંતુ આ તમામ લોકો પૈકી કોઇ એવી હસ્તી નથી જે અશાંત વિસ્તારમાં જઇને સ્થિતીને કાબુમાં લઇ શકે. દિલ્હીના ખતરનાક વિસ્તારોમાં હવે જાનની બાજી લગાવીને માત્ર સુરક્ષા જવાનો જાય છે. અથવા તો ચેનલ અથવા તો અખબારના પત્રકારો પહોંચે છે. જો કે તેમની પણ કાર્યશૈલી પોતાની સંસ્થા પ્રત્યે અને ધાર્મિક પૂર્વાગ્રહથી ગ્રસ્ત રહે છે. દિલ્હીમાં મોટા મોટા રાજકીય પંડિતો, જુદી જુદી સંસ્થાઓના નિષ્ણાંતો, સમાજશાસ્ત્રી અને આંદોલનના લીડરો રહે છે. જો કે આ તમામ લોકો પણ ભયભીત છે. આ તમામ લોકો પણ બહાર નિકળવાની હિંમત કરી શકતા નથી. આ તમામ હિંસાગ્રસ્ત વિસ્તારમાં એવા દળ અને એ દળના લોકો પણ જતા નથી જે હાલમાં યોજાયેલી લોકસભાની ચૂટણી અને રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં જીત મેળવી ચુક્યા છે. આ તમામ લોકો દુરથી હાથને સેકવામાં અને દુરથી વિશ્વાસ અને ખાતરી આપવામાં વિશ્વાસ રાખે છે. હિંસા અને નફરતની દિશામાં થયેલા દિલ્હીમાં આ ફેરફારો ન તો દિલ્હી



અમે એ ઇતિહાસને ભુલી ચુક્યા છીએ જ્યારે મહાત્મા ગાંધીએ હિંસાને શાંત કરાવવા માટે અવિરત અનશન કર્યા હતા : આજે સ્થિતી બદલાઇ

માટે યોગ્ય છે અને ન દેશના હિતમાં છે. આ દિલ્હી એ જગ્યા લાગતી નથી જ્યાંથી દેશના લોકો રોજી રોટી માટે પહોંચે છે. જ્યાં દરેક હાથને કોઇને કોઇ કામ મળી જાય છે. આ એ દિલ્હી પણ નથી જ્યાં વિભાજન અને વિસ્થાપનના ઘેરા ઘા લઇને લાખો હતા અને અહીંની સરકારોની મદદ મેળવીને માત્ર પોતાના પગ પર ઉભા થયા પરંતુ દેશના લોકો ને પણ આગળ લઇ જવામાં ભૂમિકા અદા કરવામાં સફળ રહ્યા છે. દેશને આગળ લઇ જવામાં પણ અહીંના લોકો સફળ રહ્યા છે. આ એ દિલ્હી નથી જ્યાં દેશના લોકો પણ ક્ષેત્રમાંથી વ્યક્તિ ન્યાય મેળવી લેવા માટે આવે ચે અને ન્યાય મેળવે છે. આ એ દિલ્હી પણ હવે નથી જ્યા કોઇ મોટા રાજકીય ફેરફારની શરૂઆત થાય છે. જેની લહેર સમગ્ર દેશમાં ફેલાઇ જાય છે. આ દિલ્હી તો હવે એવા લોકોને ભયમા મુકે છે જે મોટા મોટા સપના લઇને અહીં આવે છે. તેને હાંસલ કરવામાં મહેનત કરવા માટે ઇચ્છુક હોય છે. પોતાના ગામ અને શહેરના હિરો પણ બનવા માટે ઇચ્છુક લોકોને દિલ્હી હવે ડરાવે છે. છેલ્લા ચાર પાંચ દિવસના ગાળામાં જ દિલ્હીમાં ૩૩થી વધુ લોકોના મોત થઇ ચુક્યા છે. સેંકડો લોકો બેઘર થઇ ચુક્યા છે. દિલ્હી હવે દેશમાં એક ખતરનાક સ્થળ તરીકે ઉભરી આવતા લોકોમાં ભારે ચર્ચા જોવા મળી રહી છે. દિલ્હીમાં વર્ષ ૧૯૮૪માં પણ વ્યાપક રક્તપાતનો દોર ચાલ્યો હતો. એ વખતે શિખ વિરોધી રમખાણોમાં વ્યાપક હિંસા થઇ હતી. હાલમાં દિલ્હીમાં વિધાનસભાની ચૂટણી પૂર્ણ થઇ છે. સીએએ અને એનઆરસી વિરોધી આંદોલનને ધ્યાનમાં લઇને જે રીતે આંદોલન થયા છે તે જટિલ સ્થિતી સર્જે છે. દિલ્હીમાં જે પ્રકારની હાલમાં હિંસા થઇ છે તે તમામ લોકશાહી સંસ્થાઓ પર ગંભીર પ્રશ્નો કરે છે. જે બંધારણની સમય અનુકુળતાની પરિભાષા કરવા અને તેને લાગુ કરવામાં રહેલી છે. દિલ્હીની વર્તમાન હિંસાને જોઇને વિભાજનના દિવસોની યાદ તાજી થઇ જાય છે. એ વખતે વડાપ્રધાન જવાહર લાલ નહેરુ જુની દિલ્હીના વિસ્તારમાં તોફાની તત્વોની સામે ડંડા લઇને આગળ આવી જતા હતા. દિલ્હીમાં હિંસા પાછળ અનેક કારણો રહેલા છે. જે છ માંગોની સાથે ગાંધીએ પોતાના અનશનની શરૂઆત કરી હતી અને પોતાની જાન આપીને આધુનિક દિલ્હીના નિર્માણની આધારશીલા મુકી હતી સાથે સાથે એશિયામાં શાંતિનો સંદેશ સમગ્ર દુનિયાને આપ્યો હતો. આજે દિલ્હી તે રસ્તાથી ખુબ દુર છે. ગાંધીએ પશ્ચિમ બંગાથી આવીને આ દિલ્હીમાં હિન્દુ અને મુસ્લિમ એકતાનો જે દાખલો બેસાડ્યો હતો તેને તેઓ પાકિસ્તાન સુધી લઇ જવા માટે ઇચ્છુક હતા. જો કે આમાં તેમને સફળતા મળી ન હતી. આના માટે પોતાના બે સાથીઓને પાકિસ્તાનમાં મોકલ્યા પણ હતા. ગાંધીની આ ભાવનાને આજના સમયમાં શાહીનબાગમાં મહિલાઓના ધરણાથી યાદ આવે છે. જાણકાર લોકો કહે છે કે સારા લોકતંત્રનુ નિર્માણ માત્ર સ્કુલો, પુલો અને હોસ્પિટલોથી થતુ નથી. તેના માટે સારા માનવી બનવાની જરૂર હોય છે. સારી માનવી તટસ્થ રહેતી નથી.

દિલ્હી હિંસા માટે જવાબદાર

સીએએ, એનઆરસી અને અન્ય કારણો છે

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં વ્યાપક હિંસાનો દોર જારી રહ્યો છે. દિલ્હીમાં જારી રક્તપાત માટે નાગરિક સુધારા કાનુન અને એનઆરસી પણ જવાબદાર છે. સાથે સાથે એ લોકો પણ જવાબદાર છે જે લોકો શાહીનબાગના આંદોલનને ભીમ આર્મી અને જમાતે ઇસ્લામીના રસ્તા પર લઇને જઇ રહ્યા છે. ચોક્કસપણે આ સમય આંદોલન કરવા સાથે સંબંધિત નથી. તેને લઇને શાંતિ સ્થાપિત કરવાનો છે. આ હિંસા માટે આમ આદમી પાર્ટીની સરકાર પોતાની ઉદાસીનતાના કારણે જવાબદાર છે. સાથે સાથે કેજરીવાલની પાસે જો કઇ છે તો નૈતિક બળ છે. જેના કારણે પ્રજાએ તેમની પસંદગી કરી છે. કારણ કે આના સિવાય તેમની પાસે કોઇ સુરક્ષા બળ નથી. જો કે કમનસીબ બાબત એ છે કે કેજરીવાલ પોતાની નૈતિક તાકાતને ભુલી ચુક્યા છે. તેમને કેન્દ્ર સરકારના એ સુરક્ષા દળ પર વધારે વિશ્વાસ છે જે કેટલાક વર્ષોથી નિષ્પક્ષ રીતે કામ કરવામાં નિષ્ફળ છે. આ બાબત પણ હોઇ શકે છે કે ભવિષ્યમાં કેજરીવાલની પાસે નૈતિક બળ પણ બચશે નહીં અને સુરક્ષા દળનો બચનાર નથી. તેમને આ બાબત ધ્યાનમાં લેવાની જરૂર છે કે સારી, સાચી લોકશાહીની રચના માત્ર સ્કુલ નિર્માણ, પુલ નિર્માણથી થનાર નથી. તેમના માટે સારી માનવી બનવાની પણ જરૂર છે. લોકશાહી મુલ્યો માટે સાહસ સાથે આગળ વધવાની જરૂર દેખાઇ રહી છે. ભ્રષ્ટાચાર માત્ર ખોટી રીતે નાણાં એકત્રિત કરવા સાથે સંબંધિત નથી. ભ્રષ્ટાચાર લોકશાહી મુલ્યોની અવગણના કરવાથી પણ વધે છે. જે પાર્ટી લોકશાહી મુલ્યોને ખતમ કરવા માટે પ્રયાસ કરી રહી છે તે લોકશાહીની હત્યા કરવાની દિશામાં આગળ વધી રહી છે. જો કે લાંબા ગાળે આવી પાર્ટી તેમની લોકપ્રિયતાને પણ ખતમ કરી રહી છે. દિલ્હીમાં હાલમાં હિંસા માટે વિવિધ કારણો જોડાઇ ગયા છે. એક કારણ તો નાગરિક સુધારા કાનુનને લઇને છે. આને લઇને મોટી સંખ્યામાં લોકો ગેરમાર્ગે દોરાયેલા છે. કારણ કે આ કાનુન અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહ અનેક વખત ખાતરી આપી ચુક્યા હોવા છતાં તોફાનો જારી છે. જે સાબિત કરે છે કે જાણી જોઇને હિંસા ફેલાવવામાં આવી રહી છે. આના નામે કેટલાક અસમાજિક તત્વો પરિસ્થિતીનો લાભ ઉઠાવવા માટે મેદાનમાં આવી ગયા છે.

સરોગેસી રેગ્યુલેશન બિન મંજુર કરાયા બાદ નવેસરથી ચર્ચા


સરોગેસીને લઇને ફરીવાર ચર્ચાઓ

ફરી એકવાર સરોગેસીને લઇને જોરદાર ચર્ચા જારી રહી છે. કારણ કે કેન્દ્ર સરકારે હાલમાં સરોગેસી રેગ્યુલેશન બિલને લીલીઝંડી આપી દીધી છે. જેના કારણે હવે કોઇ પણ મહિલા સરોગેટ મધર બની શકે છે. આખરે સરોગેસી શુ છે કોને કોને થઇ શકે છે તે બાબત પર ચર્ચા ચાલી રહી છે. બોલિવુડની લોકપ્રિય અભિનેત્રી શિલ્પા શેટ્ટી ૪૪ વર્ષની વયમાં બીજી વખત માતા બની છે. સરોગેસી મારફતે તે માતા બની છે. સરોગેસી મારફતે તેના ઘરમાં બાળકી સમિષા શેટ્ટીનો જન્મ થયો છે. શિલ્પા શેટ્ટી ઉપરાંત શાહરૂખ ખાન, આમીર ખાન, કરણ જોહર, એકતા કપુર, તુષાર કપુર જેવા બોલિવુડના અનેક કલાકારો પણ છે જે સરોગેસી મારફતે તેમના ઘરમાં બાળક ધરાવે છે. શિલ્પા શેટ્ટીની સરેગેસીના સમાચાર હાલમાં ચર્ચાના કેન્દ્રમાં છે. કેન્દ્ર સરકારે પણ સરોગેસી રેગ્યુલેશન બિલને લીલીઝંડી આપી દીધી છે. જેના કારણે હવે કોઇ પણ મહિલા સરોગેસી માતા બની શકે છે. કેન્દ્રિય કેબિનેટે સરોગેસી બિલમાં કેટલાક ફેરફારો કર્યા છે. જેના બાદ એવા કપલ્સ જે મેડિકલ કારણોથી પેરેન્ટસ બની શકતા નથી તે બાળકને જન્મ આપી શકે છે. સરોગેસી કરાવનાર કપના નજીકના સંબંધીઓ ઉપરાંત અન્ય કોઇ પણ મહિલા જે ઇચ્છુક છે તે સરોગેસી માતા બની શકે છે. સરોગેસીને લઇને ચારેબાજુ એટલી ચર્ચા થઇ રહી છે કે જેના કારણે દરેકના મનમાં સવાલ થાય તે સ્વાભાવિક છે. આખરે સરોગેસી શુ છે તેની ચર્ચા છે. કોણ કરાવી શકે છે. સરોગેસીમાં બાળકની માતા પોતે ગર્ભવતિ બનવાના બદલે ભાડાના ગર્ભનો ઉપયોગ કરે છે. એટલે કે તેના ઓવરીઝથી નિકળનાર એગ્સ અને પાર્ટનગના સ્પર્મને લઇને ઇન વિટ્રો ફર્ટિલાઇજેશન એટલે કે આઇવીએફ મારફતે બીજી મહિલા ગર્ભવતિ થાય છે. ત્યારબાદ બાળકને જન્મ આપવામાં આવે છે. આ



શિલ્પા શેટ્ટી ૪૪ વર્ષની વયમાં બીજી વખત માતા બની : શાહરૂખ, આમીર, કરણ જોહર, એકતા, તુષારના ઘરમાં સરોગેસીથી બાળક

સમગ્ર પ્રક્રિયામાં લેબમાં એગ અને સ્પર્મને મિક્સ કરીને ભ્રુણ તૈયાર કરવામાં આવે છે. ત્યારબાદ તેને સરોગેટ મહિલાના ભ્રુણમાં નાંખી દેવામાં આવે છે. જ્યાં સગર્ભાવસ્થા શરૂ થાય છે. બાળક પૈદા કરવા માટે સરોગેસી કરાવવા માટે કેટલાક કારણ હોઇ શકે ચે. જેમાં મેડિકલ કારણ, ઇન્ફર્ટિલિટીની સમસ્યા, અન્ય કારણ પણ હોય છે. સામાન્ય રીતે ૧૦ કારણો રહેલા છે જે પૈકી સરોગેસીની જરૂર પડે છે. ઇન્ફર્ટિલીટી મુખ્ય કારણ પૈકી એક છે. હાલના દિવસોમાં દરેકની લાઇફ ભાગદોડવાળી બની ગઇ છે. ખરાબ લાઇફસ્ટાઇલ, ખાવા પીવાનુ ધ્યાન ન રાખવાની બાબત આના માટેના કારણો હોય છે. જો વારંવાર પ્રયાસ કરવામાં આવ્યા બાદ પણ મહિલા ગર્ભપતિ ન થાય તો ત્યારબાદ આ પ્રક્રિયાનો ઉપયોગ કરવામાં આવે છે. કેટલીક મહિલાના શરીરમાં યુટ્રસ ન હોવાના કારણે પણ આ સમસ્યા થાય છે. આવા કેસ નહીંવત સમાન હોય છે. આ એક રેર જેનેટિક પરેશાની છે. કેટલાક કેસમાં મહિલા માતા બનવા માટે ઇચ્છુક હોય છે પરંતુ તેના શરીરમાં ગર્ભાશય ન હોય તો તે ઇચ્છા હોવાની સ્થિતીમાં પણ માતા બની શકતી નથી. ૧૦-૧૨ હજાર મહિલા પૈકી એકમાં આ સમસ્યા આવે છે. આવી સ્થિતીમાં ફેમિલી શરૂ કરવા માટે સરોગેસીની મદદ લેવામાં આવે છે. શારરિક બનાવટના કેસમાં પણ સમસ્યા આવે છે. પુરૂષોના કેસમાં લાભ રહે છે. તે કોઇ પણ વયમાં પિતા બની શકે છે. પરંતુ મહિલાના કેસમાં આ સ્થિતી ઓછી હોય છે. મહિલાઓમાં નેચરલ રીતે વય વધવાની સાથે સાથે માતા બનવાની ઇચ્છા પણ ઘટતી જાય છે. ૪૦ વર્ષની વયની આસપાસ મોનોપોઝ શરૂ થાય છે. આવી સ્થિતીમાં માતા બનવાની બાબત વધારે મુશ્કેલરૂપ બની જાય છે. જો કે હાલના સમયમાં કેટલાક વિકલ્પ આવી ગયા છે. જો કે આ પ્રકારની ગર્ભાવસ્થાની સ્થિતી જોખમી બની જાય છે. હેલ્થ સાથે જોડાયેલી પણ કેટલીક સમસ્યા રહેલી છે. બોલિવુડના અનેક કલાકારો હાલના સમયમાં સરોગેસીનો ઉપયોગ કરીને માતા અથવા તો પિતા બની રહ્યા છે. આ વિષય જટિલ હોવાના કારણે આને લઇને લોકોની પાસે માહિતી ઓછી છે.



બિગ બોસ-૧૩ ફેઇમને સફળતા મળી

આસીમ જેકલીન સાથે દેખાશે

બિગ બોસ-૧૩થી લોકપ્રિયતાની ચરમસીમા પર પહોંચી ગયેલા સ્પર્ધક આસીમ રિયાઝને હવે વધુ એક મોટી સફળતા હાથ લાગી ગઇ છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આસીમ એક ડાન્સ મ્યુઝિક વિડિયોમાં બોલિવુડની સૌથી લોકપ્રિય અને ખુબસુરત સ્ટાર જેકલીન સાથે નજરે પડનાર છે. આના માટે પ્રેકટીસ પણ શરૂ કરવામાં આવી ચુકી છે. જેના વિડિયો સોશિયલ મિડિયા પર છવાઇ ગયા છે. બિગ બોસ-૧૩ ના લોકપ્રિય સ્પર્ધક રહેલા આસીમે બિગ બોસ-૧૩માં છેલ્લે સુધી જોરદાર સ્પર્ધામાં રહીને પહેલાથી જ હોટફેવરીટ રહેલા સિદ્ધાર્થ શુકલાને જોરદાર ટક્કર આપી હતી. તેની કુશળતાના કારણે તે જ છેલ્લે સુધી રમ્યો હતો. છેલ્લે ફાઇનલમાં પણ તેની નજીકની સ્પર્ધા રહી હતી. તેની બોલિવુડમાં એન્ટ્રી હવે નિશ્ચિત બની ગઇ છે. આસીમ જેકલીનની સાથે એક પ્રોજેક્ટ પર કામ કરી રહ્યો છે. જેના કારણે તેના ફેન્સમાં ખુશીનુ મોજુ ફરી વળ્યુ છે. સોશિયલ મિડિયામાં તેના વિડિયોને તમામ લોકો નિહાળી રહ્યા છે. જેકલીનની સાથે આસીમના કેટલાક ફોટો પણ જારી કરવામાં આવ્યા છે. વિડિયો અને ફોટો હાલમાં જોરદાર રીતે શેયર કરવામાં આવી રહ્યા છે. એવા હેવાલ મળી રહ્યા છે કે આસીમ જેકલીન સાથે એક મ્યુઝિક વિડિયો કરવા જઇ રહ્યો છે. જેની જોરદાર તૈયારી ચાલી રહી છે. પહેલા એવા હેવાલ આવી રહ્યા હતા કે આસીમ કરણ જોહરની સાથે નવી ફિલ્મમાં કામ કરવા જઇ રહ્યો છે. જેમાં શાહરૂખખાનની પુત્રી સુહાનાને લોંચ કરવામાં આવનાર ચે. જો કે કરણ જોહર આ અહેવાલને રદિયો આપી ચુક્યા છે. આ ઉપરાંત એવી પણ ચર્ચા હતી કે આસીમ સલમાનની એક ફિલ્મમાં પણ કામ કરવા જઇ રહ્યો છે.

ઝડપથી તમારું વજન ઘટાડશે આ જાદુઈ પાણી, ડોક્ટર પણ આપે છે તેની સલાહ

ભાગદોડ ભરેલી જિંદગીમાં લોકોને સ્વાસ્થ્ય સાથે જોડાયેલી ઘણી સમસ્યાઓ થઈ જાય છે. જ ઘણા લોકો વધુ પડતા વજનને કારણે પરેશાન રહે છે તો અમુક લોકો તણાવનો સામનો પણ કરે છે. એટલા માટે પોતાના સ્વાસ્થ્ય પર ધ્યાન દેવું ખૂબ જ આવશ્યક છે. આજે અમે તમને આ લેખમાં એવા જ એક જાદુઈ પાણી વિશે બતાવવા જઈ રહ્યા છીએ, જેને દરરોજ પીવાથી શરીર હેલ્થી રહે છે અને શરીરમાં રહેલ ચરબી પણ દૂર થાય છે.

મધ સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક હોય છે. સાથોસાથ તે ફૂડ અને ડ્રિંકમાં મીઠાશ ઉમેરવા માટે પણ જાણીતું છે. ઘણા ડોક્ટર શરીરને ફિટ અને સ્વસ્થ રાખવા માટે નિયમિત રૂપથી મધ લેવાની સલાહ પણ આપે છે. મધને તમે ઘણા પ્રકાર થી લઈ શકો છો. તમે દરરોજ એક ચમચી કાચું મધ લઈ શકો છો અથવા તો તેને કોઈ ખાદ્ય પદાર્થોની સાથે ઉમેરીને પણ લઈ શકો છો.

મધ લેવાની એક સારી રીત એ છે કે તમે તેને ગરમ પાણી સાથે લો. મધ અને ગરમ પાણીના મિશ્રણ સાથે તમે લીંબુના થોડાં ટીપાં પણ ઉમેરી શકો છો. મધને ગરમ પાણી સાથે લેવાથી ઝડપથી વજન ઉતારી શકાય છે. તો ચાલો આવો જાણીએ કે કેવી રીતે વજન ઉતરશે.

પાચન

સારા પાચન માટે દરરોજ સવારે ગરમ પાણીમાં મધ અને લીંબુ ઉમેરીને પીવું. તે તમારા પેટને સાફ કરવામાં મદદ કરશે. તે લીવરમાં એવા જ્યુસના પ્રોડકશનને વધારે છે જે પાચનમાં મદદ કરે છે. વળી લીંબુ ડાયજેસ્ટિવ ટ્રેકને ઢીલું કરે છે, જેથી ભોજન સરળતાથી પસાર થઈ શકે. તેનાથી અનાવશ્યક રૂપથી વજન વધતું નથી અને બ્લોટિંગની સમસ્યા પણ થતી નથી. લીંબુ અને મધ અને ગરમ પાણી સાથે લેવાથી સરળતાથી વજન ઉતારી શકાય છે.

ક્લેંજર

મધની સાથે ગરમ પાણી લેવાથી શરીરના બિન જરૂરિયાત ટોક્સિન ખતમ થઈ જાય છે. ટોક્સિન થી જ બ્લોટિંગ અને બ્લીચીંગની સમસ્યા થાય છે. ગરમ પાણી સાથે મધ અને લીંબુ લેવાથી શરીરની અંદર રહેલા ટોક્સિન મૂત્રમાર્ગ થી બહાર નીકળી જાય છે અને શરીર સાફ થઈ જાય છે. તેનાથી વજન ઓછું થાય છે કારણ કે શરીરમાં જમા થયેલ દૂષિત પદાર્થ મોટી માત્રામાં વજન વધારે છે. મધની સાથે ગરમ પાણીના શરીરને સાફ કરવાના ગુણને કારણે વજન ઓછું થાય છે.

ઉર્જા વધારે

મધ અને ગરમ પાણીથી ઊર્જામાં પણ વૃદ્ધિ થાય છે. શરીરમાં વધારે ઉર્જા ઉત્પન્ન થવાથી શરીરનું મેટાબોલિઝમ અને કાર્યપ્રણાલીમાં વૃદ્ધિ થાય છે. મધ શરીરના અંગોને યોગ્ય રીતે કામ કરવા માટે પ્રેરિત કરે છે. તેવામાં હાઇ મેટાબોલિઝમ મોટી માત્રામાં કેલેરી બર્ન કરે છે. કેલેરી અને ફેટ બર્ન થવાથી વજન ઓછું થવા લાગે છે. સાથોસાથ સવારમાં ગરમ પાણી લીંબુ સાથે લેવાથી તમે દિવસભર ઊર્જાવાન રહેશો.

ભૂખની ઈચ્છા

મધ અને લીંબુની સાથે ગરમ પાણી લેવાથી ભૂખની ઈચ્છા પણ ઓછી થાય છે. જો તમે નિયમિત રૂપથી સવારે તેનું સેવન કરશો તો દિવસભર તમારા દ્વારા લેવામાં આવતા ભોજનની માત્રા ઓછી થઇ જશે. મધ અને લીંબુની સાથે ગરમ પાણીમાં મોટી માત્રામાં ફાઈબર મળી આવે છે જે ભૂખની ઈચ્છા અને શુગર લેવલને ઓછું કરીને પર્યાપ્ત ઉર્જા પ્રદાન કરે છે. એટલા માટે જો તમે પોતાના દિવસની શરૂઆત મધ અને લીંબુની સાથે ગરમ પાણી લઈને કરશો તો તમારું વજન ઘણું ઓછું થઈ જશે.

પોષક તત્વ અને વિટામિન

મધ અને લીંબુ અને ગરમ પાણી સાથે લેવાથી શરીરની ઈમ્યુનિટી વધે છે. તેમાં ઘણા જરુરી એન્ટીઓક્સીડંટ, વિટામિન અને પોષક તત્વ મળી આવે છે જે વજન ઓછું કરવામાં સહાયક હોય છે. સાથોસાથ તેમાં એન્ટી ઇન્ફ્લેમેટરી ગુણ મળી આવે છે જેનાથી બ્લોટિંગની સમસ્યા થતી નથી.

યુવકોના મન મોહી લેનાર મનારકલી

લગ્નસરાંની સિઝન ચાલી રહી છે અને ઘણા યુવાનિયાઓ ઘોડી ચઢવા માટે થનગની રહ્યા હશે. લગ્નનો દિવસ એકદમ યાદગાર બની રહે એવી દરેકની ઈચ્છા હોય છે. લગ્નમાં બધાની નજર નવવધુ પર જ હોય છે, પણ હવે આ રેસમાં જાણે છોકરીઓને ટક્કર આપવા માગતા હોય તેમ એકથી એક ચડિયાતા આઉટફિટ્સ ટ્રાય કરી રહ્યા છે. જીવનના યાદગાર દિવસોમાંનો એક દિવસ હોય છે લગ્નનો. છોકરીઓ તો આ દિવસે ફેશનેબલ લાગવામાં કોઈ જ કસર નથી છોડતી. એક સમય હતો કે છોકરીઓની સરખામણીએ છોકરાઓ પાસે વિકલ્પો થોડા ઓછા હોય છે, પણ હવે સમય બદલાયો છે, શેરવાનીઓમાં પણ અલગ અલગ ઓપ્શન ઉપલબ્ધ છે. આવો જ એક નવો ઓપ્શન છે મનારકલી.

આઈ નો, આઈ નો હવે તમને થશે કે અનારકલી વિશે તો સાંભળ્યું હતું, પણ હવે આ મનારકલી વળી કઈ બલાનું નામ છે? એ વિશે તો આજે આપણે વાત કરવાના છીએ. સોશિયલ મીડિયા પર ઘણા દુલ્હેરાજા પોતાના આ મનારકલીવાળા લૂકના ફોટા અપલોડ કરી રહ્યા છે અને લોકોને આ નવો અંદાજ અને ટ્રેન્ડ બંને પસંદ પણ પડી રહ્યા છે. સૌથી પહેલાં તો વાત કરીએ આ ટ્રેન્ડ આવ્યો ક્યાંથી? તો આનો સીધો સીધો જવાબ છે બોલીવૂડના બાજીરાવથી આ ટ્રેન્ડ શરૂ થયો છે. જી હા, રણવીર સિંહે પોતાની મહેંદી સેરેમનીમાં આ મનારકલી આઉટફિટ પહેર્યો હતો, અને ત્યારથી યુવાનો માટે એક નવો જ વિકલ્પ ખુલી ગયો. હકીકતમાં જોવા તો જાવ તો મનારકલી એ અનારકલીનો કુંભમેળામાં છૂટો પડી ગયેલો ભાઈ જ છે. આ એક લાંબો ફ્રૉક સ્ટાઈલ કુર્તો હોય છે, જે નીચેથી થોડો ફિટિડ હોય છે. છોકરીઓ જે અનારકલી નામનો આઉટફિટ પહેરે છે તેના પરથી જ પ્રેરાઈને આ આઉટફિટનું નામ મનારકલી એવું રાખવામાં આવ્યું છે.

પોતાની સાથે કઠોરતા અપનાવીને આગળ વધવામાં આવે તે જરૂરી...

સફળતા સુધી સરળતાથી પહોંચી શકાય


આધુનિક સમયમાં સફળ થવા માટે તમામ લોકો ૨૪ કલાક સુધી ભાગતા નજેર પડે છે. ગળા કાપ સ્પર્ધાના સમયમાં સફળતા હાંસલ કરવા માટે વ્યક્તિ તમામ પ્રયાસો કરે છે. જાણકાર નિષ્ણાંતો અને મોટી સફળતા હાંસલ કરી ચુકેલા લોકોનુ કહેવુ છે કે સરળતાથી સફળતા સુધી પહોંચી શકાય છે. પરંતુ આના માટે કેટલાક નક્કર પગલા લેવા પડશે. સાથે સાથે શિસ્તની બાબત પણ સૌથી મહત્વપૂર્ણ છે. જો જીવનમાં સફળતા મેળવવા કોઈ વ્યક્તિ ઇચ્છે છે તો તે વ્યક્તિને જીવનને સરળ બનાવી દેવુ પડશે. સરળતા અને સહેજતાથી જીવનમાં સફળ થઈ શકાય છે. જીવન અમને તમામને આ તક આપે છે કે અમે પોતાને અજમાવીને આગળ વધીએ તથા સફળતા હાંસલ કરીએ. છતાં ખુબ ઓછા એવા લોકો છે જે સફળતા હાંસલ કરી શકે છે. હકીકતમાં જીવનમાં સફળ થવાની બાબત એટલી જ સરળ છે જેટલી કોઈ બાળક માટે કોઈ નવી ચીજ શિખવા માટેની હોય છે. એટલે કે જો અમે કેટલાક જરૂરી અભ્યાસ અને તરીકાને લાઈફમાં સામેલ કરી લઈશુ તો સફળતા ચોક્કસપણે મળી જશે. આના કારણે કોઈ પણ ક્ષેત્રમાં સફળતા હાંસલ કરી શકાય છે. સફળતા અમારી જિન્દગીના મહત્વપૂરણ હિસ્સા તરીકે રહી શકે છે. સરળ રસ્તાથી માત્ર મંજિલ મળી શકે છે પોતાની ઓળખ મળી શકી નથી. જો અમે પોતાને સરળ રસ્તા પર ચાલવાની ટેવ પાડી ચુક્યા છીએ તો આ બાબત તો નક્કી છે કે સફળતા આડે સૌથી મોટી સમસ્યા અમે પોતે છીએ. આના માટે અમને કેટલાક નિયમો તો ચોક્કસપણે બનાવવા જ પડશે. જેમ કે સવારે વહેલી તકે ઉઠી જવાની બાબત ખુબ જ જરૂરી છે. રોજ શારરિક કસરત અને ધ્યાન કરવાની બાબત પણ જરૂરી બની છે. દરરોજ વાંચન, નક્કી કરવામાં આવેલા કામને નક્કી સમયમાં પૂર્ણ કરવાની ટેવ વિકસિત કરવાની જરૂર છે. સમય મુજબ તમામ બાબતોને

જો મે જીવનમાં સફળ થવા માંગો છો તોજીવનને સરળ બનાવવાની જરૂર પડશે : સરળતા-સહેજતાથી જ સફળ થઈ શકાય છે

ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરી છે. આ તમામ નિયમો દેખાવવામાં નાના લાગે છે પરંતુ મોટા ભાગના લોકો તો આ ટેવને પાડવામાં પણ સફળ રહેતા નથી. જો અમે પોતાને જ ઓળખવા માંગીએ છીએ તો પોતાને નવા નવા પડકારો આપવા પડશે. આવી સ્થિતીમાં જરૂરી કસોટી થઈ શકે છે.જાણકાર લોકો કહે છે કે વિચાર મોટા રાખવામાં આવે અને કામ નાના પાયે કરવામાં આવે તે પણ જરૂરી છે. સતત કામ કરતા રહેવાથી સફળતા મળે છે. કોઈ પણ લક્ષ્યને હાંસલ કરવા માટે આ નિયમ અતિ જરૂરી છે. અમે તમામ લોકો પોતાના નવા કામ અથવા તો કેટલાક ખાસ કરવાની વાત કરીએ છીએ. તેના પર કામ કરવાની શરૂઆત પણ કરી દઈએ છીએ. જો કે આ કામમાં આગળ વધ્યા બાદ સતત કામ જારી રાખી શકતા નથી. કારણ એ છે કે કેટલાક સમય બાદ અમારા વિચાર બદલાઈ જાય છે અથવા તો શરૂઆતમાં ઈચ્છિત પરિણામ હાંસલ થતા નથી. યોગ્ય સમય અને વાતાવરણ પણ કેટલાક કેસમાં અનુકુળ નથી. દુનિયામાં પોતાની મોટી વિચારધારાની દિશામાં કામ કરનાર લોકો ખુબ ઓછા રહ્યા છે. આ જ કારણ છે કે શ્રેષ્ઠ અને સફળ લોકોની સંખ્યા પણ ઓછી રહે છે. એક સારી શરૂઆતનો અર્થ એ નથી કે તમે સફળ થઈ ગયા. આવી જ રીતે એક ખરાબ શરૂઆતનો અર્થ પણ એ નથી કે તમે ફ્લોપ અથવા તો નિષ્ફળ થઈ ગયા છો. અમે વારંવાર અને સતત જોતા રહીએ છીએ કે એક માસુમ બાળક કેટલાક નવા કામ કરતી વેળા સતત પ્રયાસ કરે છે. પરિણામ સારા આવતા નથી અને તે સફળ રહેતો નથી પરંતુ તે સતત પ્રયાસ કરતો રહે છે. તે રોકાઈ જતો નથી. સફળતાની સાથે સાથે ખુશ રહેવા માટે સૌથી જરૂરી છે કે અમે દરેક સ્થિતીમાં સહેજ રહીએ. પરિણામ કેવા પણ મળે છતાં સહેજ રહેવામાં આવે તે જરૂરી છે. જો પરિણામ સારા મળી રહ્યા નથી તો પ્રશ્નો કરીએ. દુનિયામાં ચાર પ્રકારના લોકો હોય છે. પહેલા લોકો એવા છે જે ભુલ કરવાના ડરથી કઈ કરતા જ નથી. બીજા એવા લોકો હોય છે જે ભુલો કરે છે પરંતુ ભુલોથી કોઈ બોધપાઠ લેતા નથી. ત્રીજા લોકો એવા હોય છે ભુલો કરે છે અને તેનાથી શિખીને આગળ વધે છે. પોતાનામાં સુધારો કરે છે. ચોથા લોકો એવા હોય છે જે પોતાની ભુલોથી શિખવાની સાથે સાથે બીજાની ભુલોથી પણ બોધપાઠ લઈને આગળ વધે છે. આજના સમયમાં અમે જો અંતિમ શ્રેણી અથવા તો ચોથી વ્યક્તિની જેમ જ બનીને આગળ વધીશુ તો જ સફળતા સુધી પહોંચી શકાશે. અમને દરકે અનુભવમાંથી શિખીને પોતાને ચકાસીને આગળ વધવાની જરૂર પડશે. જો તમે શિખવા માટે તૈયાર છો તો દરેક અવસર સફળતાની દિશામાં એક પગલુ છે. કેટલાક પ્રશ્નો છે જે હમેંશા પોતાને કરી શકાય છે. આ અવસર અથવા તો વ્યક્તિ પાસેથી શુ શિખી શકાય છે આજે હુ નવુ શુ શિખી રહ્યો છુ આ નવા બોધપાઠને કઈ રીતે અમલી કરવામાં આવે આ તમામ પ્રશ્નો વ્યક્તિને પોતાને કરવા જોઈએ. આગળ વધવા માટે શિખવા માટે પુરતો સમય કાઢવામાં આવે તે જરૂરી છે. ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારના બાળકો પણ ટોપના સ્તર પર પહોંચી રહ્યા છે. જેથી સતત મહેનત, શિસ્ત અને નિયંમો સૌથી ઉપયોગી છે.

કિલર કેન્સરને પરાજિત કરી શકાય છે

વિશ્વ કેન્સર દિવસ દર વર્ષે ચોથી ફેબ્રુઆરીના દિવસે આવે છે. આ દિવસે કેન્સર રોગના સંબંધમાં જાગૃતિ જગાવવા માટે બનતા તમામ પ્રયાસ કરવામાં આવે છે. લોકોને સાવધાન કરવામાં આવે છે. જુદી જુદી થીમ રાખીને કાર્યક્રમનુ આયોજન કરવામાં આવે છે. નિષ્ણાંત તબીબો કહે છે કે ખાવાપીવાની ટેવમાં સુધારો કરવામાં આવે તો કેન્સરને પરાજિત કરી શકાય છે. આ વર્ષે કેન્સર દિવસની થીમ આઈએમ એન્ડ આઈવિલ છે. કેન્સરના વધતા દુષ્પ્રભાવને ઘટાડી દેવા માટે વ્યક્તિગત પ્રતિબદ્ધતા જરૂરી છે. હાલના સમયમાં એન્ટીઓકસીડેન્ટ અને પૌષકતામાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. આના માટે કેટલાક કારણો રહેલા છે. સાથે સાથે ઈમ્યુનિટી અથવા તો રોગ પ્રતિકારક ક્ષમતામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. તમામ નિષ્ણાંતો એક બાબત તો ચોક્કસપણે માને છે કે સ્વસ્થ રહેવા માટે સારી ખાવા પીવાની ટેવ, હેલ્થી લાઈફસ્ટાઈલ અને સારી ટેવ જરૂરી છે. પરંતુ જે રીતે હાલના વર્ષોમાં ઝડપથી વ્યક્તિની લાઈફસ્ટાઈલ ભાગદોડની લાઈફમાં બદલાઈ રહી છે તે જોતા કેટલીક બિમારી પણ થઈ રહી છે. જેમાં એક કેન્સર પણ છે. સૌથ ગંભીર બિમારી તરીકે તેને જોઈ શકાય છે. અમારા ભોજનમાં કેટલીક નવી ચીજો સામેલ થઈ ગઈ છે. જેના કારણે કેન્સરની બિમારી ફેલાઈ રહી છે. નિષ્ણાંતોની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો જંક ફુડ, ફાસ્ટ ફુડ, ભેળસેલવાળી ચીજો અને જન્તુનાશકવાળા ફુડના કારણે એન્ટીઓક્સીડેન્ટ અને પૌષકતાની ચીજો ઘટી ગઈ છે. આ તત્વો કેન્સર સેલને મારી નાંખે છે. કેટલીક બીજી ટેવ પણ છે જેમ કે સ્મોકિંગ, નશાજેને મોડિફાઈબલ કહેવામાં આવે છે. આ તમામ ટેવના કારણે પણ રોગ પ્રતિકારક ક્ષમતા ઘટવા લાગી જાય છે.રોગના સંબંધમાં વાત કરવામાં આવે તો



કેન્સરના દુષ્પ્રભાવને ઘટાડી દેવા માટે વ્યકિતગત કટિબદ્ધતા સૌથી વધારે જરૂરી છે : હાલમાં એન્ટીઓક્સીડેન્ટ-પોષકતા ઘટી ગઈ છે

કેન્સર એક જીવલેણ બિમારી તરીકે છે. આમાં શરીરના કોઈ પણ હિસ્સામાં કોશિકાઓ અનિયંત્રિત રીતે વધવા લાગી જાય છે. જે એક હિસ્સાથી બીજા હિસ્સામાં ફેલાય છે. કેન્સરના ૧૦૦થી વધારે પ્રકાર છે. જાણકાર અને સ્પેશિયાલિસ્ટ તબીબો કહે છે કે કેન્સર ચાર તબક્કામાં ફેલાય છે. પ્રથમ અને બીજી અવસ્થામાં કેન્સકર ટ્યુમર નાના હોય છે. ઘેરાઈ સુધી ફેલાયેલા હોતા નથી. ત્રીજી અવસ્થામાં તે મોટા પ્રમાણમાં ફેલાઈ જાય છે. ચોથી અને અંતિમ અવસ્થામાં તે શરીરના તમામ હિસ્સામાં ફેલાઈ જાય છે. આને વિકસિત મેટાસ્ટેટિક કેન્સર કહેવામાં આવે છે. પ્રમુખ લક્ષણ તરીકે વાત કરવામાં આવે તો આના લક્ષણ સરળ સામાન્ય છે. જેના ભાગરૂપે વજન અને ભુખમાં ઘટાડો થાય છે. તાવની સ્થિતી રહે છે. હાડકામાં દુખાવો રહે છે. ખાંસી અથવા તો મોમાંથી લોહી આવે છે. દેશમાં સૌથી વધારે મો, સ્તન, સર્વાઈકલ, ફેફસા અને પ્રોસ્ટેટ કેન્સર જોવા મળે છે. તેમાં ૬૦ ટકા મામલા મો, સ્તન અને ગર્ભાશયના કેન્સર હોય છે. દેશમાં ધુમ્રપાન અને તમાકુના કારણે મોના કેન્સરથી સૌથી વધારે મોત થાય છે. સારવારમાં દવા, રેડિયોથેરાપી અને સર્જરી સામેલ છે. કેન્સર શરીરના બીજા હિસ્સામાં ન ફેલાય તે માટે કિમોથેરાપી કરવામાં આવે છે. કેન્સર સેલને બાળી નાંખવા માટે રેડિયોથેરાપીનો ઉપયોગ કરવામાં આવ છે. તેની તપાસ માટે બ્લડ ટેસ્ટ, સીટી સ્કેન અને બાયોસ્પી કરાવવામાં આવે છે. કેટલીક બાબતોની કાળજી રાખવામાં આવે તે જરૂરી છે. કારણ કે બજરમાં મોટા ભાગે ખુશબુદાર અને ચટાકેદાર ખાવાની ચીજો મળે છે જેમાં ધીમા ઝેરનુ પ્રમાણ હોઈ શકે છે. તેમાં મિક્સ કરવામાં આવતી ચીજો અને બનાવવાની રીત બંને નુકસાનકારક હોય છે. ડેરી પ્રોડક્ટસમાં ડિટર્જેન્ટ મિક્સ કરવામાં આવે છે. ઘરમાં અનાજને સુરક્ષિત રાખવા માટે લોકો પોતે જ જન્તુનાશક મિક્સ કરે છે. જે નુકસાનકારક સાબિત થાય છે. અનાજને સ્ટોર કરવા માટે જુની રીતનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. પાકને બચાવવા જન્તુનાશકનો ઉપયોગ કરવામાં આવે છે. આ ભોજનની સાથે શરીરમાં જઈને ફેફસા, લિવર, કિડની અને ગળાના કેન્સર માટે કારણ બની શકે છે

મોસ્ટ ગુગલ્ડ લેન્ડમાર્કની યાદીમાં તાજ મહેલ પ્રથમ સ્થાન પર

તાજ મહેલ : હેરિટેજ માસ્ટરપીસ

પ્રેમની નિશાનીના પ્રેમ તરીકે ગણાતા તાજ મહેલની લોકપ્રિયતા વિશ્વભરમાં અભૂતપૂર્વ રહેલી છે. દશકોથી તાજ મહેલ જોવાની તમામ લોકોની હમેંશા ઈચ્છા રહી છે. તાજમહેલને જોવા માટે દુનિયાભરમાંથી લોકો સતત આવતા રહે છે. હવે હાલમાં તાજ મહેલની ચર્ચા ફરી એકવાર જોવા મળી રહી છે. કારણ કે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ તાજ મહેલ જોવા માટે પહોંચી રહ્યા છે. ભારતના સૌથી મોટા અને શાનદાર સ્માર્ક પૈકી એક એવા તાજમહેલ મોસ્ટ ગુગલ્ડ લેન્ડમાર્કસની યાદીમાં પ્રથમ સ્થાને રહે છે. તાજ મહેલે યાદીમાં પ્રથમ સ્થાન હાંસલ કરવા માટે સ્ટેચ્યુ ઓફ લિબર્ટી, બિગ બેન, લંડન આઈ, સ્ટોનહેંજ જેવા દુનિયાના અનેક સ્મારકોને પાછળ છોડી દઈને આ પ્રથમ સ્થાન હાંસલ કરવામાં સફળતા મેળવી લીધી છે. એક ટ્રાવેલ વીમા કંપની કોલંબસના ડિરેક્ટર દ્વારા કરવામાં આવેલા શોધમાં ઉભરીને સપાટી પર આવી છે. શોધ કરનાર ટોપ પર રહેનાર કિવર્ડસને શોધી કાઢવા માટે ગુગલ કિવર્ડ પ્લેનરનો ઉપયોગ કર્યો હતો. જેના કારણે જાણવા મળ્યુ છે કે દુનિયાભરના લોકો ક્યાં સ્થળોને સૌથી વધારે સર્ચ કરે છે. ઉત્તરપ્રદેશના આગરામાં સ્થિત તાજ મહેલ યુનેસ્કોની વિશ્વની સૌથી કિંમતી ધરોહરમાં સામેલ છે. આને પ્રેમના પ્રતિક સમાન ગણવામાં આવે છે. વ્યાપક અભ્યાસ બાદ આ બાબત સાબિત થઈ ચુકી છે કે તાજમેહલના સંબંધમાં દુનિયાભરમાં ૧૪૧૭૬૫૦ વખત સર્ચ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. તમામ લોકો સારી રીતે જાણે છે કે તાજ મહેલનુ નિર્માણ



સ્ટેચ્યુ ઓફ લિબર્ટી, બિગ બેન, લંડન આઈ, સ્ટોનહેંજ જેવા દુનિયાના મોટા સ્મારકોને તાજે પાછળ છોડી દેવામાં સફળતા મેળવી છે

કામ ૧૬૩૨માં કરવામાં આવ્યુ હતુ. મંગલ બાદશાહ શાહજહા દ્વારા પોતાની પત્નિ મુમતાજ મહેલની યાદમાં તાજ મહેલનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. સફેદ સંગમરમરથી નિર્માણ પામેલા આ ખુબસુરત ઈમારત દુનિયાભરના લોકોને આકર્ષિત કરે છે. જેમાં સેલિબ્રિટી અને દેશના પ્રમુખો પણ સામેલ છે. આ યાદીમાં યુઈએના બુર્જ ખલિફા ત્રીજા સ્થાન પર છે. અમેરિકા અને કેનેડાની સરહદ પર સ્થિત નાયગ્રા વોટ ફોલ ચોથા સ્થાન પર છે. ફ્રાન્સમાં એફિલ ટાવર પાંચમા સ્થાન પર છે. અમેરિકાના સ્ટેચ્યુ ઓફ લિબર્ટી પણ આઠમા સ્થાન પર છે. ભારતમાં અનેક ઐતિહાસિક સ્થળો આવેલા છે જે પૈકી એક તાજમહેલ પણ છે. હાલમાં તેની ચર્ચા ફરી જારી છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૪મી ફેબ્રુઆરીના દિવસે ભારત પહોંચી રહ્યા છે. તેમની ભારત યાત્રા દરમિયાન ગુજરાતના અમદાવાદના મોટેરા સ્ટેડિયમ ખાતેના નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમની સાથે સાથે તાજ મહેલ પણ સામેલ છે. આગરામાં યમુના નદીના દક્ષિણી કિનારા પર તાજ મહેલ સ્થિત છે. તાજમહેલનુ નિર્માણકરવામાં આવ્યુ ત્યારે આ પ્રોજેક્ટમાં ૨૦૦૦૦ કલાકારોને રોકવામાં આવ્યા હતા. ઉસ્દા અહેમદ લાહોરીના માર્ગદર્શન હેઠળ આ કલાકારોને રોકવામાં આવ્યા હતા. ભારતમાં મુસ્લિમ કલાની મોટી ભેંટ તરીકે તેને જોવામાં આવે છે. વર્ષ ૧૯૮૩માં યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટમાં તેનો સમાવેશ કરવામાં આવ્યા બાદ ભારત માટે મોટા ગર્વની બાબત રહી છે. આંકડા દર્શાવે છે કે તાજ મહેલને દર વર્ષે ૭૦થી ૮૦ લાખ લોકો જોવા માટે પહોંચે છે. .ભારતની પ્રાચીન ભવ્ય સસ્કૃતિના પ્રતિક તરીકે પણ તેને ગણવામાં આવે છે. વર્લ્ડ હેરિટેજમાં તેને માસ્ટરપીસ તરીકે પણ ગણવામાં આવે છે. જાણકાર લોકો માને છે કે તાજમહેલનુ નિર્માણ એ વખતે ૩૨ મિલિયન રૂપિયામાં જે વર્ષ ૨૦૧૫ના આંકડા મુજબ ૫૨.૮ અબજ રૂપિયાના ખર્ચે કરવામાં આવ્યુ હતુ. જે ડોલરની દ્રષ્ટિએ રકમ ૮૨૭ મિલિયન ડોલર છે. હવે અમેરિકી પ્રમુખ પણ જોવા માટે પહોંચનાર છે. જેથી તેની ફરી ચર્ચા છે.

નિશ્ચિત સમયે દસ બેંકો વિલીન થઈ જશે

સરકારી બેન્કો હવે ગ્રાહકો સાથે પહેલાં જેવો વ્યવહાર નથી કરતીઃ નાણાંમંત્રી



ન્યુ દિલ્હી

નાણાં મંત્રી નિર્મલા સીતારામને સરકારી બેંકો પર સવાલ ઊઠાવતા કહ્યું હતું કે ગ્રાહકો સાથે હવે પહેલા જેવો વ્યવહાર નથી થઈ રહ્યો. નાણામંત્રીએ બુધવારે ભારતીય બેંક્સ એસોસિએશન(આઈબીએ) દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં જાહેર ક્ષેત્રની બેંકોની લોન વિતરણમાં અપ્રમાણસર વધારો કરવાના મામલામાં આ બેંકો પર પ્રશ્નો ઉભા કર્યા છે.

તેમણે કહ્યું કે હવે જાહેર બેંકો ગ્રાહકો સાથે સમાન સંબંધ નથી રાખતી અને જાહેર ક્ષેત્રની બેંકોની શાખાઓના ગ્રાહકો સાથે નબળા સંબંધોને કારણે લોનને પ્રોત્સાહન આપવામાં નથી આવી રહ્યું.

ઉલ્લેખનીય છે કે ૨૦ જાન્યુઆરીએ પૂરા થયેલા પખવાડિયામાં બેંકોની લોનની વૃદ્ધિ માત્ર ૭.૧૦ ટકા હતી જ્યારે એક વર્ષ પહેલા સમાન ગાળામાં તે ૯ ટકા જેટલો હતો. તેના પ્રથમ ઝડપી તબક્કાની વાત કરીએ તો નવેમ્બર ૨૦૧૮ માં બેંક લોનનું વિતરણ લગભગ ૧૫ ટકા જેટલું પહોંચી ગયું છે.

સરકારી બેંકોના વિલીનીકરણની પ્રક્રિયા ચાલુ છે એ કામ સમયસર પૂરૂ થઈ જશે. સરકારે ગયા વરસે દસ સરકારી બેંકોના વિલીનીકરણનો નિર્ણય કર્યો હતો. યુનાઈટેડ બેંક ઑફ ઈન્ડિયા અને ઓરિયેન્ટલ બેંક ઑફ કોમર્સ પંજાબ નેશનલ બેંકનો હિસ્સો બની જશે. આથી પંજાબ નેશનલ બેંક દેશની બીજા નંબરની સૌથી મોટી બેંક બની જશે.

દિલ્હી હિંસા મુદ્દે મમતા બેનર્જીનું ટ્વિટઃ શું આ લોકતંત્રનો અંત છે?

પશ્ચિમ બંગાળનાં મુખ્યપ્રધાન મમતા બેનર્જીએ દિલ્હીમાં થયેલી હિંસાની નિંદા કરી હતી અને એક કવિતા લખી હતી. આ કવિતા દ્વારા તેમણે તોડફોડ અને આગની ઘટનાઓનો જવાબ માંગ્યો છે.

બુધવારે પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનર્જીએ દિલ્હીમાં લોકોને શાંતિ તેમજ ભાઇચારા જાળવવા અપીલ કરી હતી અને કહ્યું કે કોઇપણ લોહિયાળ ઇચ્છતા નથી.

તેમણે લખ્યું કે,"એક ઓઝલ હુએ પત્તે કી ખોજ, બંદૂક કી નોક પર દેશ મેં ઉફાન લેતા એક તૂફાન, શાંત રહને વાલે દેશ કા હિંસક હો જાના, ક્યા યહ લોકતંત્ર કા અંત હૈ?"

શું ટેલિકોમ દર્શકો માટે નવા ટેરિફ આદેશને ટાળી શકાય?: મુંબઈ હાઈકોર્ટનો સવાલ

મુંબઈ

મુંબઈ હાઈકોર્ટે ટ્રાઈના નવા ટેરિફના નવા નિયમ સામે નિર્માતાઓ, બ્રોડકાસ્ટર્સ અને કેબલ ઓપરેટરો દ્વારા દાખલ કરાયેલી અરજીઓની સુનાવણી કરી રહી છે. જેમાં કોર્ટે ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયાને પૂછ્યું છે કે, શું તેઓ ટેલિવિઝન દર્શકો માટે તેના ૨૦૨૦ ટેરિફ ઓર્ડરના અમલીકરણને મુલતવી રાખી શકે છે.

ટ્રાઈનો ૨૦૨૦ રેગ્યુલેશન અને ફી ઓર્ડર ૧ માર્ચથી અમલમાં આવવાના છેટેરિ. ન્યાયાધીશ અમજદ સઈદ અને ન્યાયાધીશ અનુજા પ્રભુદેસાઈની ખંડપીઠે કહ્યું કે, વચગાળાની રાહત માટે વિગતવાર દલીલો સાંભળવાની જરૂર રહેશે. કેસમાં જટિલ મુદ્દાઓને જોતાં બધી જ બાજુની સુનાવણી અને બે દિવસમાં ઓર્ડર કરવો તે શક્ય નથી." ખંડપીઠે કહ્યું કે વધારાના સોલિસીટર જનરલ અને ટ્રાઈના વરિષ્ઠ સલાહકાર સૂચનો લઈ જણાવે કે, શું ૨૦૨૦ રેગ્યુલેશન અને ફી ઓર્ડર મુલતવી રાખી શકાય છે? કોર્ટે કેસની આગામી સુનાવણી નવી તારીખ ટુંક સમયમાં નક્કી થશે. ટેલિવિઝન ચેનલનું મુખ્ય મથક ઈન્ડિયન બ્રોડકાસ્ટિંગ ફાઉન્ડેશન, ધ ફિલ્મ એન્ડ ટેલિવિઝન પ્રોડ્યૂસર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયા, ઝી એન્ટરટેનમેન્ટ લિ. અને સોની પિક્ચર્સ નેટવર્ક ઈન્ડિયા સહિત ઘણા બ્રોડકાસ્ટર્સે ટ્રાઇના ફીના આદેશ સામે અરજીઓ કરી છે. ટ્રાઇએ ૧ જાન્યુઆરી ૨૦૨૦થી નવો ટેરિફ નિયમ જારી કર્યો. નવા ટેરિફ ઓર્ડર હેઠળ ગ્રાહકોને 'નેટવર્ક કેપેસિટી ફી ચાર્જ' તરીકે રૂ.૧૩૦ ચૂકવવા પડશે પરંતુ તેઓ ૨૦૦ ચેનલો જોઈ શકશે. જ્યારે જૂની સિસ્ટમ હેઠળ ૧૩૦ રૂપિયામાં 'ફી ટૂ એર ચેનલો' ઉપલબ્ધ છે, જો ગ્રાહકોને બીજી વધઆરાની ચેનલોની જરૂર પડે તો તેના માટે અલગથી રૂપિયા ચુકવવાની જરૂર પડે છે.

પોલીસે ૧૮ જેટલી એફઆઈઆર નોંધી,બહારના લોકોની ભૂમિકા અંગે તપાસ થશે

દિલ્હી હિંસામાં મૃત્યુઆંક ૩૭ પર પહોંચ્યોઃ ૧૦૮ લોકોની ધરપકડ

ગટરમાંથી વધુ બે લાશ મળી આવતા ચકચાર,હિંસાગ્રસ્ત વિસ્તારોમાં પોલીસનો જડબેસલાક બંદોબસ્ત,હાલ અજંપાભરી પરિસ્થિતિ



ન્યુ દિલ્હી

દેશની રાજધાની દિલ્હીમાં થયેલી હિંસામાં અત્યાર સુધી ૩૭ લોકોના મોત થયા છે. જેમાં ૫૦ થી વધુ પોલીસ જવાન સહિત ૨૫૦ જેટલા લોકો ઘાયલ થયા છે. મૃતકોના પરિવારને બે-બે લાખ રૂપિયા આપવાની જાહેરાત કરવામાં આવી છે. સાથે ઘાયલોને ૫૦-૫૦ હજાર રૂપિયા આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે.

રોજે રોજ આ હિંસાની બિહામણી તસવીરો સામે આવી રહી છે. પહેલા દિલ્હી પોલીસનો જવાબન, ત્યાર બાદ આઈબીના અધિકારીની લાશ નાળામાંથી મળી હતી. હવે બધુ બે લાશો ગટરમાંથી મળી આવતા સનસનાટી મચી જવા પામી છે. દિલ્હીના શાહદરાના જગ પ્રવેશ ચંદર હોસ્પિટલમાં વધુ એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત નિપજ્યું.

દિલ્હી ફાયર ડિપાર્ટમેન્ટના ડાયરેક્ટર અતુલ ગર્ગે જણાવ્યું કે, રાત્રે ૧૨થી આજે સવારે ૮ વાગ્યા સુધીમાં અમને નોર્થ ઈસ્ટ દિલ્હીના હિંસાગ્રસ્ત વિસ્તારોમાંથી આગના ૧૯ કોલ મળ્યા છે.

આ વિસ્તારના ચાર ફાયર સ્ટેશનમાં વધારાના ફાયર ટેન્ડર્સ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. ઉપરાંત ૧૦૦થી વધુ ફાયરમેન પણ તૈનાત કરાયા છે. વરિષ્ઠ અધિકારીઓ દ્વારા પરિસ્થિતિ પર દેખરેખ રાખવામાં આવી રહી છે. નોર્થ ઈસ્ટ દિલ્હીના તોફાનગ્રસ્ત વિસ્તારોમાં ઓપરેશન દરમિયાન અમને કોઈ મુશ્કેલી નથી પડી રહી.

હિંસાગ્રસ્ત વિસ્તારો જાફરાબાદ, સલીમપુર, બાબરપુર, મૌજપુરમાં પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો છે. હાલ અહીં અજંપાભરી શાંતિ જોવા મળી રહી છે.

પોલીસ અધિકારી અનુસાર, દિલ્હી હિંસામાં કથિત રીતે સામેલ થનાર ૧૦૮ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને ૧૮ એફઆઈઆર નોંધવામાં આવી છે. એડિશનલ કમનિશ્નર ઓફ પોલીસ (ક્રાઈમ) મંદીપ સિંહ રંધાવાએ મીડિયાને જણાવ્યું કે, "બુધવારે કોઈ પણ અપ્રિય ઘટના નથી બની અને ઉત્તર પૂર્વ દિલ્હીથી આવતા પીસીઆર કૉલમાં પણ ઘટાડો થયો છે. "

કેજરીવાલે વિધાનસભામાં કહ્યું કે "આ હિંસામાં એક હેડ કૉન્સ્ટેબલ શહીદ થઈ ગયા છે. દરેક શહીદ પરિવારની જેમ શહીદ રતનલાલના પરિવારને દિલ્હી સરકાર દ્વારા એક કરોડ રૂપિયાની સહાય આપવામાં આવશે, સાથે તેમણે કહ્યું કે, રતનલાલના પરિવારના એક સભ્યને નોકરી આપવામાં આવશે.

બિહારમાં જાતિ આધારિત વસ્તી ગણતરી થશેઃ વિધાનસભામાં પ્રસ્તાવ પસાર

પટના

બિહાર વિધાનસભામાં ગુરુવારે જાતિ આધારિત વસ્તી ગણતરી માટે એક દરખાસ્ત પસાર કરવામાં આવી છે. તેમા કેન્દ્ર સરકાર સમક્ષ એવી માંગ કરવામાં આવી છે કે વર્ષ ૨૦૨૧ની વસ્તી ગણતરી જાતિ આધારિત હોય. મુખ્યમંત્રી નીતિશ કુમાર લાંબા સમયથી જાતિ આધારિત વસ્તી ગણતરી કરવાની માંગ કરી રહ્યા છે. આરજેડી, કોંગ્રેસ સહિત તમામ વિપક્ષી નેતા આ મુદ્દે નીતિશની સાથે છે. આ અગાઉ પ્રથમ વખત મંગળવારે ગૃહમાં નીતિશે કહ્યું હતું કે દેશમાં વસ્તી ગણતરી યોજાવાની છે. તેમા જાતિ આધારિત વસ્તી ગણતરી થવી જોઈએ.

ગત જાન્યુઆરી મહિનામાં એક કાર્યક્રમમાં નીતિશે કહ્યું હતું કે જોઈ પણ જાતિના લોકોની સંખ્યા કેટલી છે, તે બાબતની જાણ હોવી જોઈએ. દેશમાં વસ્તી પ્રમાણે આરક્ષણ હોવું જોઈએ. વર્ષ ૧૯૩૧ બાદ દેશમાં જાતિ આધારિત વસ્તી ગણતરી થતી નથી. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને ધર્મ આધારિત વસ્તી ગણતરી થાય છે. આ આધાર પર ૨૦૨૧માં તમામ જાતિઓની વસ્તી ગણતરી થવી જોઈએ. બિહાર વિધાનસભામાં ૧૮ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ ૨૦૨૧માં જાતિ આધારિત વસ્તી ગણતરી કરવા માટે દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી.

કેન્દ્ર સરકાર પ્રત્યેક ૧૦ વર્ષે વસ્તી ગણતરી કરાવે છે. વસ્તી ગણતરીના વર્તમાન ફોર્મેટમાં એ બાબતથી વાકેફ થઈ શકાય છે કે દેશમાં કયા ધર્મના કેટલા લોકો છે અને અનુસૂચિત જાતિ-અનુસૂચિત જનજાતિના લોકોની સંખ્યા કેટલી છે. પણ એ બાબતની જાણ થતી નથી કે સામાન્ય, પછાત, અને અતિ પછાત જાતિના લોકોની સંખ્યા કેટલી છે. જાતિ આધારિત વસ્તી ગણતરી થાય તો એ બાબતની જાણ થઈ શકે છે કોની કેટલી સંખ્યા છે. નીતિશનું કહેવું છે કે તેના આધાર પર સરકાર વિકાસની આ દોડમાં કોઈ પાછળ ન રહી જાય તે માટે અલગથી યોજના તૈયાર કરવામાં મદદ મળશે.

ભારત એક અદ્ભૂત દેશ

નરેન્દ્ર મોદી એક સજ્જન વ્યક્તિ અને મહાન નેતા છેઃ ટ્રમ્પ

વૉશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પ્રવાસેથી અમેરિકા પરત જઈને કહ્યું કે, ભારત સાથેના અમેરિકાના સંબંધો ખૂબ જ મહત્વના છે અને એશિયાના દેશના તેમના આ પહેલા પ્રવાસ દરમિયાન દ્વિપક્ષીય સંબંધોમાં ઘણી પ્રગતિ થઈ છે. ટ્રમ્પે બુધવારના રોજ ભારતથી પરત ફર્યા બાદ પત્રકાર પરિષદમાં કહ્યું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક સજ્જન વ્યક્તિ છે અને તેઓ એક મહાન નેતા પણ છે. તેમજ ભારત દેશ એક અદ્ભુત દેશ છે.'

ટ્રમ્પે કહ્યું કે, 'ભારતમાં અમારી સાથે ખૂબ સારો વ્યવહાર કરવામાં આવ્યો અને અમને બધાને ભારતમાં ખૂબ મજા આવી હતી. સંબંધોના ક્ષેત્રમાં ઘણી પ્રગતિ થઈ છે - ભારતની સાથે અમારો સંબંધ હવે વધારે સારો અને મહત્વનો બન્યો છે.' પત્રકાર પરિષદમાં એક પ્રશ્નનો જવાબ આપતા ટ્રમ્પે કહ્યું કે 'અમે ભારતની સાથે ઘણો વેપાર કરવા જઈ રહ્યા છીએ, ભારત અમેરિકાને અબજો ડોલર મોકલી રહ્યા છે.' નોંધનીય છે કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૪ અને ૨૫ ફેબ્રુઆરીના રોજ ભારત પ્રવાસ પર આવ્યા હતા. આ પ્રવાસમાં તેમની પત્ની અને અમેરિકાની ફર્સ્ટ લેડી મેલેનિયા ટ્રમ્પ, દીકરી ઈવાંકા ટ્રમ્પ, જમાઈ જેરેડ કુશ્નર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર રોબર્ટ ઓ'બ્રાયન સહિત તેમના પ્રશાસનના વરિષ્ઠ અધિકારીઓ આવ્યા હતા.

દુનિયાનો પ્રથમ કિસ્સોઃ મહિલાના શરીરમાંથી યૂરિનના સ્થાને દારૂ નીકળે છે..!

પિટ્સબર્ગ

અમેરિકાની ૬૧ વર્ષની એક મહિલાના શરીરમાં દારૂ એટલે કે આલ્કોહોલ બની રહ્યો છે. શરીરમાં એની જાતે આલ્કોહોલ બનતો હોય તેવો આ દુનિયાનો પહેલો કિસ્સો છે. વિશેષજ્ઞોના માનવા પ્રમાએ આ રેરેસ્ટ ઓફ ધી રેર કેસ છે કે જેને વિજ્ઞાનની ભાષામાં યૂરિનરી ઓટો બ્રેવરી સિન્ડ્રોમ કહેવાય છે. આવા મામલામાં બ્લેડરમાં આલ્કોહોલ બનતું હોય છે. આ મામલો પિટ્સબર્ગ યૂનિવર્સિટીની હોસ્પિટલમાંથી પ્રકાશમાં આવ્યો છે.

આ મહિલા લિવર સિરોસિસ અને ડાયાબિટીઝ જેવી બિમારીઓ સામે ઝઝૂમી રહી છે. તેમનું લિવર ટ્રાન્સપ્લાન્ટ કરવાનું હતું પરંતુ તેમને ડોનર નહીં મળવાના કારણે ટ્રાન્સપ્લાન્ટ થઈ ન શક્યું. મહિલાને આલ્કોહોલ એબ્યૂઝ ટ્રીટમેન્ટની સલાહ આપવામાં આવી છે.

યૂનિવર્સિટી ઓફ પિટ્સબર્ગ મેડિકલ સેન્ટરમાં મહિલાની તપાસ કરવામાં આવી હતી જેમાં તમામ ટેસ્ટ પોઝિટિવ આવ્યા હતા. જેના કારણે ડોક્ટર્સને એવી શંકા ગઈ કે મહિલા દારૂનું સેવન કરતી હશે પરંતુ તેણે આ વાત છુપાવી રાખી હશે. પરંતુ બ્લડ ટેસ્ટ કરતા તેના રિપોર્ટમાં જાણવા મળ્યું કે તેના લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ જરા પણ નથી.

મહિલાના યૂરિનમાં ગ્લૂકોઝનું પ્રમાણ વધારે નિકળ્યું હતું કે જેને હાઈપરગ્લાઈકોસૂરિયા કહેવાય છે. ડાયાબિટીઝના દર્દી હોવાના કારણે તેના યૂરિનમાં શુગરનું પ્રમાણ વધારે મળ્યું હતું. વિશ્લેષકોના જણાવ્યા પ્રમાણે મહિલાના બ્લેડરમાં મોટી માત્રામાં યીસ્ટ જમા થઈ ગયું છે જે શુગર (ગ્લુકોઝ)ને એથેનોલમાં બદલી રહ્યા છે.

બોલો..ચોરી થવાની બીકે ખેડૂતે ભેંસ વેચી મારી..!!

હરિયાણામાં ખેડૂતે ભેંસને ૫૧ લાખમાં વેચી વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો...

હિસાર

આમ જોવા જઈએ તો, દેશમાં અને વિદેશ દરરોજ નવા નવા રોકોર્ડ તૂટતા હોય છે અને બનતા હોય છે. ત્યારે હવે એક નવો રેકોર્ડ સ્થાપિત થયો છે હરિયાણામાં. અહીના હિસારના ખેડૂત સુખબીર સિંહ ઢાંડા પાસે એક મુર્રાહ નસલની ભેંસ છે. આ ભેંસનું નામ સરસ્વતી છે, જેના નામે અનેક રેકોર્ડ નોંધાયેલા છે. ત્યારે તેણે હવે વધુ એક વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કર્યો છે. સુખબીરમાં આ સરસ્વતી ભેંસને ૫૧ લાખમાં વેચી છે. જેને લુધિયાણાના એક ખેડૂતે તેને ખરીદી છે.



સુખબીરે આ અંગે જણાવ્યું હતું કે, હું તો ભેંસ વેચવા નથી માગતો પણ પાડોશીમાં બે ભેંસ ચોરી થઈ ગઈ. તેથી મને પણ મારી ભેંસ ચોરી થવાનો ડર સતાવે છે. તેથી મજબૂરીમાં મારે તેને વેચવી પડે છે. સરસ્વતીએ ગત વર્ષે જ ૨૯.૩૧ કિલો દૂધ આપીને હિસારમાં પ્રથમ ઈનામ જીત્યુ હતું. અનેક હરિફાઈમાં સરસ્વતીએ પોતાનું કરતબ બતાવ્યું છે. પણ હવે સરસ્વતી પંજાબી શાન બનશે.

ભેંસ વેચતા પહેલા આ ખેડૂતે એક સમારંભનું આયોજન કર્યું હતું. જેમાં હિસાર ઉપરાંત રાજસ્થાન, યુપી અને પંજાબના લગભગ ૭૦૦ ખેડૂતો હાજર રહ્યા હતા. સુખબીર બાદલે જણાવ્યું હતું કે, તેણે ચાર વર્ષ પહેલા આ ભેંસને ૧ લાખ ૩૦ હજારમાં ખરીદી હતી ત્યાર બાદ સરસ્વતીએ અનેક બચ્ચાઓને જન્મ આપ્યો હતો. જેનું દૂધ વેચી ૧ લાખ સુધીની કમાણી કરી રહ્યા છે.

કોરોના વાયરસનો પ્રકોપઃ જાપાનની શાળાઓમાં એપ્રિલ સુધી વેકેશન જાહેર કરાયું

ટોક્યો

કોરોના વાયરસનાં વધતા પ્રકોપ વચ્ચે જાપાનમાં તમામ શાળાઓ બંધ કરી દેવાઈ છે. જાપાનનાં વડાપ્રધાન શિંજો આબેએ તમામ પ્રાથમિક, જુનિયર હાઈસ્કૂલ અને હાઈસ્કૂલોને સોમવારથી વેકેશન જાહેર કરવાનો આદેશ આપ્યો છે. આ શાળાઓ ઉનાળાની રજાઓના અંત એટલે કે એપ્રિલ સુધી બંધ રાખવા આદેશ અપાયો છે. આબેએ કોરોના વાયરસ પ્રકોપ સંકટ પર કેબિનેટ બેઠકમાં જણાવ્યું હતું કે તમામ વિસ્તારોમાં બાળકોને સંક્રમણ ફેલાતું અટકાવવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે અને આગામી એક અથવા બે અઠવાડિયા ખુબ જ મહત્વપૂર્ણ છે. કેબિનેટ બેઠકમાં જાપાનનાં પ્રધાનમંત્રી શિંજો આબેએ જણાવ્યું હતું કે સરકાર બાળકોનાં સ્વાસ્થ્ય અને સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે.

અમેરિકામાં બિયર બનાવતી કંપનીમાં ગોળીબારઃ હુમલાખોર સહિત સાતના મોત

ન્યૂયોર્ક

અમેરિકામાં બુધવારના રોજ બિયર બનાવતી એક કંપનીમાં અંધાધૂધ ગોળીબાર કરવામાં આવ્યો હતો જેમાં સાત લોકોના મોત નિપજ્યા છે. અમેરિકાના વિસ્કોન્સિનમાં મિલવાઉકીમાં આવેલી બિયર બનાવતી કંપની માલસન કૂઅર્સમાં ઘટેલી આ ઘટનાને શહેરના મેયર ટોમ બેરેટે ભયાનક ઘટના ગણાવી છે.

શહેરના મેયરે કહ્યું કે કંપનીમાં થયેલા ગોળીબારમાં ઘણા લોકો માર્યા ગયા છે. તેમણે જણાવ્યું કે આ ઘટનામાં હુમલાખોરને પણ ઠાર કરવામાં આવ્યો છે. બુધવારે બપોરે કંપનીમાં કામ કરતા એક કર્મચારીએ જ મોલસન કૂઅર્સ કોમ્પલેક્સમાં પોતાના સહકર્મિઓ પર આડેધડ ગોળીબાર શરૂ કરી દીધો હતો.

૫૧ વર્ષીય હુમલાખોર દ્વારા કરવામાં આવેલા આ ગોળીબારમાં છ લોકોના મોત નિપજયા હતા. ત્યારબાદ જવાબી કાર્યવાહીમાં હુમલાખોરને પણ ઠાર કરવામાં આવ્યો હતો. મેયર ટોમ બેરેટે જણાવ્યું કે, આ ઘટના ખૂબ જ ડરામણી હતી. જેમાં કેટલાક લોકોના મોત નિપજ્યા છે. દુર્ઘટના સમયે હુમલાખોર યુનિફોર્મમાં જ હતો. જેની ૨૬ ફેબ્રુઆરીના રોજ જ ઓફિસમાંથી હકાલપટ્ટી કરવામાં આવી હતી.

તમિલનાડુમાં ખોદકામ દરમ્યાન ૧.૭ કિલો સોનાના સિક્કા મળ્યા..!!

થિરૂવનાઈકવલ

થિરૂવનાઈકવલમાં જમ્બુકેશ્વર મંદિરની પાસે ખોદકામ કરતા સમયે તાંબાના વાસણમાં ૧.૩૧૬ કિલોગ્રામ વજનના ૫૦૫ સોનાનાં સિક્કા મળી આવ્યા છે. બુધવારે ખોદકામ સમયે લોકોને અહિંયા સોનાના સિક્કા મળ્યા તો આ ખબરને સાંભળીને લોકોમાં હડકંપ મચી ગયો.

મંદિરના અધિકારીઓએ જણાવ્યું કે, જમીનની અંદરથી ૫૦૪ નાના અને ૧ મોટો સિક્કો મળી આવ્યો છે. આ સિક્કાઓમાં અરબી લિપિના અક્ષર છે. સિક્કાઓ ૧૦૦૦થી ૧૨૦૦ વર્ષ જૂના છે. તેમણે જણાવ્યું કે, ૭ ફૂટની નીચે તાંબાના વાસણ જોવા મળ્યા હતા. જ્યારે તેમને ખોલીને જોયુ તો તેમા સોનાના સિક્કા હતા. આ સિક્કાઓને મંદિર પ્રશાસને પોલીસને સોંપી દીધા છે. હાલમાં આ સિક્કાઓની કિંમત વિશે કોઇ પણ પ્રકારનો ખુલાસો થયો નથી. મળી આવેલા આ સિક્કાઓની તપાસ માટે તેમને ખજાનામાં રાખવામાં આવ્યા છે. સિક્કાઓના ચલણની જાણકારી માટે સ્ટેટ આર્કયોલોજીકલ ડિપાર્ટમેન્ટની સુચના આપવામાં આવી છે.

કોરોના વાયરસ ઈફેક્ટઃ સાઉદીએ મક્કા-મદીનાની યાત્રા પર રોક લગાવી

રિયાધ

મુસ્લિમોના પવિત્ર સ્થળ મક્કા અને મદીનાની યાત્રા પર સાઉદી અરબે રોક લગાવી છે. હજયાત્રા પહેલા સાઉદી અરબે આ નિર્ણય લીધો છે. અત્યાર સુધી મધ્ય પૂર્વના દેશોમાં કોરોના સંક્રમણના ૨૨૦ કેસ સામે આવ્યા છે. મક્કા સિવાય અરબે મદીનામાં પણ યાત્રા કરવા પર રોક લગાવી દીધી છે.

સાઉદી અરબના વિદેશ મંત્રાલયે નિવેદન જાહેર કરી કહ્યુ કે, અમે તમામ દેશોના એન્ટ્રી વિઝા રદ કરવાનો નિર્ણય કર્યો છે. મંત્રાલયે કહ્યુ, 'કોરોના વાયરસને રોકવા માટે સાઉદી અરબ પણ વિશ્વ સાથે છે. અમે પોતાના દેશના નાગરિકોને પણ સલાહ આપી છે કે કોરોના વાયરસથી પ્રભાવિત દેશોની યાત્રા કરવાથી બચો.' અમે પ્રાર્થના કરીએ છીએ કે ભગવાન પુરી માનવતાને આ વાયરસથી બચાવે.

મધ્ય પૂર્વના દેશોમાં કોરોનાથી સૌથી વધુ ઈરાન પ્રભાવિત છે. અહી સુધી કે ઈરાનના ઉપ-સ્વાસ્થ્ય મંત્રી ઈરાજ હરીરકી પણ તેનાથી પ્રભાવિત છે અને તેમણે સારવાર માટે અલગ રાખવામાં આવ્યા છે. ઈરાનમાં કોરનાના અત્યાર સુધી ૧૩૯ કેસ સામે આવ્યા છે, જેમાંથી ૧૯ લોકોના મોત થયા છે. આ સિવાય બહેરીનમાં ૩૩ કેસ સામે આવ્યા છે.

મહત્વપૂર્ણ છે કે સાઉદી અરબમાં સ્થિત મક્કા અને મદીનામાં ઉમરાહ કરવા માટે દર મહિને હજારો લોકો પહોચે છે.

બાત બિહાર કીઃ રણનીતિકાર પ્રશાંત કિશોર વિરુદ્ધ ચોરીની ફરિયાદ દાખલ

પટના

ચૂંટણી રણનીતિકાર અને જેડીયૂના પૂર્વ ઉપાધ્યક્ષ પ્રશાંત કિશોર વિરુદ્ધ પટનામાં ગુરુવારે એફઆઈઆર નોંધાઈ છે. પ્રશાંત પર કાર્યક્રમ 'બાત બિહાર કી' માટે મોતિહારીના રહેવાસી એન્જિનીયર શાશ્વત ગૌતમનું કન્ટેન્ટ ચોરી કરવાનો આરોપ છે. ગત દિવસોમાં પ્રશાંતે જ આ કાર્યક્રમ બિહારમાં લોન્ચ કર્યો હતો. જેના કારણે પ્રશાંત અને ઓસામા(બીજો આરોપી) વિરુદ્ધ પટનાના પાટલીપુત્ર પોલીસ સ્ટેશનમાં આઈપીસી કલમ ૪૦૬ અને ૪૨૦ એટલે કે છેતરપિંડી હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

પ્રશાંત પર કેસ કરનારા શાશ્વત ગૌતમ પહેલા કોંગ્રેસ માટે કામ કરી ચુક્યા છે. શાશ્વતે એ વખતે 'બિહાર કી બાત'નામથી એક પ્રોજેક્ટ બનાવ્યો હતો, જેને ભવિષ્યમાં લોન્ચ કરવાની તૈયારી હતી. આ સાથે શાશ્વત સાથે કામ કરનારા યુવક ઓસામાએ રાજીનામું આપી દીધું હતું. ઓસામા પટના યુનિવર્સિટીના વિદ્યાર્થી હતા. તે સ્ટુડન્ટ યુનિયનની ચૂંટણી પણ લડી ચુક્યા છે. આરોપ છે કે ઓસામાએ કાર્યક્રમનું બધું કન્ટેન્ટ પ્રશાંત કિશોરને સોંપ્યું હતું. પ્રશાંતે તેને પોતાની વેબસાઈટ પર નાંખ્યું હતું. શાશ્વતે આ અંગે પોલીસને ઘણા પુરાવા પણ સોંપ્યા છે.

પ્રશાંતે આ અંગે કહ્યું કે, એક માણસે બે મિનિટનો પ્રચાર કરવા માટે આ બધુ કર્યું છે. જે પણ તપાસ એજન્સીઓ છે, તેમણે સ્વતંત્ર અને નિષ્પક્ષ તપાસ કરવી જોઈએ જેથી સત્ય સામે આવી શકે.

તોફાનો તો થતા રહે છે પહેલા પણ થયા હતાઃ હરિયાણા વીજ મંત્રીનું વિવાદાસ્પદ નિવેદન

ચંદીગઢ

દિલ્હીમાં ફાટી નિકળેલી હિંસા પર હરિયાણાના વીજ મંત્રી રણજીત ચૌટાલાએ વિવાદાસ્પદ નિવેદન આપ્યુ છે. રણજીતસિંહ ચૌટાલાએ કહયુ હતુ કે, તોફાનો તો થતા રહે છે. પહેલા પણ તોફાનો થયા હતા.ઈન્દિરા ગાંધીની હત્યા થઈ ત્યારે પણ દિલ્હી સળગ્યુ હતુ. આ તો જીવનનો એક ભાગ છે. સરકાર નિયંત્રણ કરી રહી છે.કરફ્યુ નાંખવમાં આવ્યો છે. આ તોફાનોને લઈને આટલો ઉહાપોહ એટલે થયો છે કે, આ દિલ્હીનો મામલો છે. રણજીતસિંહ અપક્ષ ઉમેદવાર તરીકે વિધાનસભાની ચૂંટણી લડયા હતા. સૌથી પહેલા તેમણે જ ભાજપને સમર્થન આપવાનુ એલાન કર્યુ હતુ. તેઓ હરિયાણાના પૂર્વ સીએમ ચૌધરી દેવીલાલના પુત્ર અને ઓમપ્રકાશ ચૌટાલાના નાના ભાઈ છે.

દિલ્હી હિંસા મુદ્દે કોંગ્રેસ પ્રતિનિધિમંડળે રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી

દિલ્હી સળગતું રહ્યું અને સરકાર મૂકદર્શક બની જોતી રહીઃ કોંગ્રેસ



પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે રાષ્ટ્રપતિને કહ્યું મોદી સરકારને રાજધર્મ યાદ અપાવો

ન્યુ દિલ્હી

દેશની રાજધાની દિલ્હીમાં ફેલાયેલી હિંસા બાદ કોંગ્રેસ આક્રમક મૂડમાં છે. કોંગ્રેસના એક પ્રતિનિધિ મંડળે હિંસા મામલે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સાથે મુલાકાત કરી હતી. કોવિંદ સાથે મુલાકાત બાદ મનમોહનસિંહે મોદી સરકારની ઝાટકણી કાઢી હતી. તો કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ આજે બીજા દિવસે પણ ગૃહમંત્રી અમિત શાહનું રાજીનામું માંગ્યુ હતું.

દિલ્હી હિંસાને મનમોહને રાષ્ટ્રીય શરમ બતાવી કેન્દ્ર સરકારને રાજધર્મનું પાલન કરવાની અપીલ કરી હતી. પૂર્વ પ્રધાનમંત્રી મનમોહનસિંહે જણાવ્યું છે કે, દિલ્હી હિંસા મામલે અમે રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી હતી. જે થયું છે એ એક રાષ્ટ્રીય શરમ છે. આ કેન્દ્ર સરકારની નિષ્ફળતા છે. મનમોહનસિંહે રાષ્ટ્રપતિને અપીલ કરી છે કે પોતાની સત્તાનો ઉપયોગ કરે અને કેન્દ્ર સરકાર સાથે વાત કરી રાજધર્મની રક્ષા કરવાના આદેશ કરે.

દિલ્હીમાં થયેલા રમખાણોને લઈને કોંગ્રેસ નેતાઓએ આજે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની મુલાકાત લીધી હતી. કોંગ્રેસના કાર્યકારી સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી અને પૂર્વ પીએમ મનમોહનસિંહ પણ હાજર રહ્યા હતા. કોંગ્રેસના નેતાઓએ રાષ્ટ્રપતિને દિલ્હીની હિંસા અંગે મેમોરેંડમ સોંપ્યુ હતું. કોંગ્રેસનો આક્ષેપ છે કે, કેન્દ્રની મોદી સરકાર દિલ્હીમાં ફેલાયેલી હિંસા પર કાબૂ મેળવવામાં નિષ્ફળ ગઈ છે. સોનિયા ગાંધીએ રાષ્ટ્રપતિ સાથેની મુલાકાત બાદ જણાવ્યુ કે, સરકારે હિંસા સામે આંખ આડા કાન કર્યા છે. દિલ્હી અને કેન્દ્રની સરકાર હિંસા રોકવામાં નિષ્ફળ ગઈ છે. જેથી હિંસા મામલે રાષ્ટ્રપતિને રજૂઆત કરવામાં આવી છે. દિલ્હી હિંસામાં ૩૪ લોકોનાં મોત થયાં છે.

સોનિયા ગાંધીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર આરોપ મૂક્યો હતો કે, તેઓ સ્થિતિ સંભાળવામાં નિષ્ફળ ગયા છે. તેમણે ફરી એકવાર અમિત શાહના રાજીનામાની માગ કરી છે. અગાઉ ગઈ કાલે પણ સોનિયા ગાંધીએ શાહનું રાજીનામું માંગ્યુ હતું. આમ સતત બીજા દિવસે કોંગ્રેસ અધ્યક્ષાએ કેન્દ્રીય ગૃહમંત્રીનું રાજીનામું માંગ્યુ હતું.

હાઈકોર્ટના જજ પહેલા પાનાથી ચાલુ

એફઆઈઆર નોંધવાનો આદેશ કર્યો હતો. આ કેસ હવે ચીફ જસ્ટિસ ડી એન પટેલની કોર્ટમાં તબદીલ કરવામાં આવ્યો છે. જેની આજે નિકળેલી સુનાવણીમાં કોર્ટે એફઆઈઆર અંગે નિર્ણય લેવા કેન્દ્રને ૪ સપ્તાહનો સમય આપ્યો હતો.

આ ઉપરાંત તેમણે ઉત્તર-પૂર્વ દિલ્હીમાં હિંસા અને ભડકાઉ નિવેદનબાજી કરનારા નેતાઓની વિરુદ્ધ તાત્કાલિક એફઆઈઆર દાખલ કરવાનો આદેશ આપ્યો હતો. તેમણે પોલીસને સવાલ કર્યો હતો કે શું હિંસા ભડકાવનારાઓની વિરુદ્ધ તાત્કાલિક એફઆઈઆર દાખલ કરવાની જરૂર નથી? હિંસાને રોકવાની જરૂર છે. અમે દિલ્હીમાં ૧૯૮૪ જેવી સ્થિતિ બનવા દઈશું નહીં. તેથી જે ઝેડ સિક્યોરિટી વાળા નેતા છે તે લોકોની વચ્ચે જાય અને તેમને સમજાવે.

દિલ્હી હાઈકોર્ટના જજ એસ મુરલીધરની ટ્રાન્સફર થતાં રાજકારણ ગરમાયું છે. સરકાર દ્વારા કરાયેલી બદલી સામે કોંગ્રેસ લાલઘૂમ થઈ છે. કોંગ્રેસે કેન્દ્ર સરકાર પર ભાજપના નેતાઓને છાવરવા માટે ન્યાયાધીશની બદલી કરાઈ હોવાનો આક્ષેપ કર્યો છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ટ્વિટ કર્યું હતું કે, હું બહાદુર ન્યાયાધીશ લોયાને યાદ કરું છું, જેની બદલી કરવામાં નહોતી આવી.

કોંગ્રેસના નેતા રણદીપ સુરજેવાલાએ જણાવ્યું કે ભાજપના બદલાના રાજકારણનો ચહેરો ઉઘાડો પડી ગયો છે. દિલ્હીમાં જે બની રહ્યું છે તેનાથી ભાજપની ખરી છબી ઉજાગર થઈ છે. એવું લાગે છે કે દેશમાં જે લોકો સાચો ન્યાય કરી રહ્યા છે તેમને હવે છોડવામાં નહીં આવે. જજ એસ મુરલીધરની બદલી અંગે રોષ વ્યક્ત કરતા સુરજેવાલાએ કહ્યું કે દિલ્હી હિંસા કેસમાં ભાજપના નેતાઓને છાવરવા માટે કેન્દ્ર દ્વારા જજની રાતોરાત બદલી કરી દેવાઈ છે.

કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ પણ દિલ્હી હાઈકોર્ટના જજની બદલી અંગે કેન્દ્ર સરકાર પર પ્રહાર કર્યા હતા. પ્રિયંકાએ જણાવ્યું કે જજની બદલી એ ન્યાયના મોઢે ડૂમો મારવા જેવું છે તેમજ ન્યાય પ્રત્યે લોકોની આસ્થાને તોડવું ઘણું દુઃખકારક છે.

પ્રિયંકા ગાંધીએ જણાવ્યું કે દિલ્હી હાઈકોર્ટના જજ એસ મુરલીધરની રાતોરાત બદલી એ આઘાતજનક હોવાની સાથે સાથે દુઃખદ અને શરમજનક પણ છે.

આજે જાહેર થશે પહેલા પાનાથી ચાલુ

નાણાકીય વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળામાં જીવીએના ધારે ગ્રોથ રેટ ૪.૩ ટકા અને જીડીપી ગ્રોથ ૪.૫ ટકા રહી શકે છે. ગત નાણાકીય વર્ષની સમાન અવધિમાં જીડીપી ગ્રોથ રેટ ૬.૬૦ ટકા રહ્યો હતો.

બેંકોનું કહેવું છે કે મુખ્ય ઈન્ડિકેટરના આધાર પર ત્રીજા ત્રિમાસિક ગાળામાં ગ્રોથ રેટ ૪.૫ ટકા રહી શકે છે. નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં બેંકોના ૩૩ હાઈ ફીકવન્સી ઈન્ડિકેટરમાં ૬૫ ટકાનો વધારો થયો હતો,જે ત્રીજા ત્રિમાસિક ગાળામાં ૨૨ ટકા પર રહ્યો છે. બેંકોનો અંદાજ છે કે સરકારી ચુકવણીમાં સુસ્તી આવવાથી નાણાકીય વર્ષમાં GVA અને GDP વચ્ચે ખાઈ વધી છે.

દિલ્હી હિંસા પહેલા પાનાથી ચાલુ

એફઆઈઆર તો નોંધો. જો પુરાવા ન મળ્યા તો એફઆઈઆર રદ થઈ શકે છે.

તુષાર મહેતાએ કેન્દ્રને પણ આ કેસમાં એક પક્ષ બનાવવાની માંગ કરી હતી જેનો કોર્ટે સ્વીકાર કરી લીધો. આ કેસમાં કોર્ટે સુનાવણી ૧૩ એપ્રિલ સુધી ટાળી દીધી.

કોર્ટે સમગ્ર કેસમાં કેન્દ્ર પાસે જવાબ માંગ્યો છે. આ કેસમાં સુનાવણી ચીફ જસ્ટીસ ડીએન પટેલ અને જસ્ટીસ હરશંકરની બેંચે કરી. આ પહેલા જસ્ટીસ મુરલીધર અને જસ્ટીસ તલબંત સિંહેની અદાલતે સુનાવણી કરી હતી.

છત્તીસગઢના પહેલા પાનાથી ચાલુ

તુટેજા, આબકારી વિભાગના ઓએસડી અરૂણ ત્રિપાઠીના નિવાસ સ્થાને કરવામાં આવ્યા હતા.

આવકવેરા વિભાગ આ તમામ શંકાસ્પદ લોકો પર લાંબા સમયથી કરચોરી પર નજર રાખતો હતો. કહેવામાં આવી રહ્યું છે કે વિભાગે બેસો અને પચાસથી વધુ લોકોની સૂચિ બનાવી છે જેણે જાણી જોઈને વેરા વસૂલાતમાં ખલેલ પહોંચાડી છે. જેમાં ઉદ્યોગપતિઓ, નેતાઓ, સરકારી અધિકારીઓ, ઉદ્યોગપતિઓ શામેલ છે.

દિલ્હી હિંસાઃ જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ આસમાને,દૂધ ૨૦૦ રૂપિયે લિટર..!!

ન્યુ દિલ્હી

રમખાણોનો સામનો કરી રહેલા નોર્થ–ઈસ્ટ દિલ્હીના લોકો સામે વધુ એક મુસીબત આવી પડી છે. હિંસા દરમિયાન જેમ–તેમ જીવ બચાવીને ભાગેલા લોકો પાસે હવે જીવન જરિયાતની વસ્તુઓ ખૂટી પડી છે. જેના લીધે રોજિંદા વપરાશમાં લેવાતી વસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે. દૂધ એવી વસ્તુ છે જેના વિના સવાર અધૂરી રહે છે. ત્યારે દિલ્હીમાં હિંસા બાદ દૂધનો ભાવ ૨૦૦ પિયે લિટર પહોંચ્યો છે. લોકોના ઘરમાં રહેલા શાકભાજી, લોટ, દાળ ખલાસ થવા લાગ્યા છે અને આસપાસ કશું જ મળતું નથી.

નોર્થ ઈસ્ટ દિલ્હીના મોટાભાગના વિસ્તારોમાં છેલ્લા ૭૨ કલાકથી સ્થિતિ ખરાબ છે. દુકાનોમાં આગચંપી કરાઈ છે અથવા લૂંટ કરવામાં આવી છે. રેંકડી કે નાના ગલ્લા ચલાવતા લોકોનો સામાન પણ લૂંટી લેવાયો છે. તો કેટલાંક ભયના કારણે ઘરમાં પૂરાઈ રહ્યા છે. એવામાં લોકોને લોટ, દૂધ, શાક જેવી ખાવાપીવાની વસ્તુઓ મેળવવામાં મુશ્કેલી થઈ રહી છે.

ચાંદબાગમાં રહેતા મુબારક હત્પસૈને જણાવ્યું, દૂધ અમુક જ જગ્યાએ મળે છે એ પણ ૨૦૦ પિયે પ્રતિ લિટર. લોકો ઘરમાં પૂરાઈ રહ્યા છે. જીવન જરિયાતની વસ્તુઓ માટે વલખાં મારી રહ્યા છે. દૂધ અને શાક શોધવું તો સૌથી મુશ્કેલ છે. સામાન શોધવા લોકો યમુના વિહાર સુધી જઈ આવ્યા પરંતુ ત્યાં પણ કંઈ ના મળ્યું. લોકો શાહદરા જવાનું ટાળી રહ્યા છે કારણકે ત્યાં જવું જોખમી છે.

અન્ય એક સ્થાનિક નવીન સિંહે જણાવ્યું કે, તેમના ત્યાં પણ આવી જ સ્થિતિ છે. દૂધ, બ્રેડ જેવી રોજિંદી વસ્તુઓ મેળવવા માટે સંઘર્ષ કરવો પડી રહ્યો છે. યમુના વિહારમાં રહેતા એક સ્થાનિકે જણાવ્યું કે, તેમના વિસ્તારમાં પણ આવી જ સ્થિતિ છે. દૂધ સામાન્ય ભાવ કરતાં ઐંચા ભાવે વેચાઈ રહ્યું છે. કરિયાણાના દુકાનવાળા એમને જ સામાન આપે છે જેમને તેઓ ઓળખતા હોય કારણકે તેમની પાસે પણ મર્યાદિત સામાન છે. સીલમપુર, કબીરનગરમાં લોકો ભેગા મળીને હાલત સામાન્ય થાય તેવા પ્રયાસ કરી રહ્યા છે. કેટલાકે મજૂર વર્ગના લોકોને જમાડવા ભંડારો કર્યો છે.

દિલ્હીમાં આપ-કોંગ્રેસે હિંસા ભડકાવીઃ ભાજપનો આરોપ

ન્યુ દિલ્હી

દિલ્હી હિંસા મામલામાં ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ આમને-સામને છે. કોંગ્રેસના આરોપોનો જવાબ આપતા કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યું કે, દિલ્હીમાં છેલ્લા બે દિવસથી શાંતિ છે. ધરપકડ થઈ રહી છે, ષડયંત્ર કરનાર ઉઘાડા પડશે.

મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ અને કોંગ્રેસના અંતરિમ અધ્યક્ષ સોનિયા ગાંધી પર નિશાન સાધતા કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યું, 'દિલ્હીના મુખ્યપ્રધાન હિંસાગ્રસ્ત વિસ્તારમાં જવાની જગ્યાએ તે વિસ્તારમાં મૃત્યુ પામનાર લોકોનો ધર્મ જણાવી રહ્યાં હતા. કાલે સોનિયા ગાંધીએ પત્રકાર પરિષદ કરી અને આજે રાષ્ટ્રપતિના દરવાજા પર પહોંચ્યા અને ત્યાં ભાજપ પર દોષારોપણ કરી રહ્યાં છે.'

કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે આરોપ લગાવ્યો કે બે દિવસની હિંસા નથી બે મહિનાથી ઉશ્કેરવામાં આવી રહ્યાં છે. સીએએ પાસ થયા બાદ રામ લીલા મેદાનમાં સોનિયા ગાંધીજીએ રેલી કરી જેમાં તેમણે કહ્યું હતું કે, આ આર-પારની લડાઈ છે, નિર્ણય લેવો પડશે આ પાર કે તે પાર. ઉશ્કેરવાનું કામ ત્યાંથી શરૂ થયું હતું.

પ્રિયંકા અને રાહુલ ગાંધી પેર નિશાન સાધતા પ્રકાશ જાવડેકરે કહ્યું, 'પ્રિયંકાએ કહ્યું હતું કે, લાખોને બંધક બનાવવામાં આવશે, જે નહીં લડે તે કાયર કહેવાશે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, તમે ડરો નહીં કોંગ્રેસ તમારી સાથે છે. કોઈની નાગરિકતા જશે નહીં, તે જાણવા છતાં કે જાણી જોઈને આવા ખોટા નિવેદન અને ડર પેદા કરવો તેમની પૃષ્ટભૂમિ છે. ઉશ્કેરવાનું કામ ત્યાંથી શરૂ થયું હતું.'

ચીનમાં વસ્તુઓની માંગ ઘટશે જેના કારણે અમેરિકાથી આયાત વધશે

કોરોના વાયરસ પર કાબૂ નહિ મેળવાય તો પરિસ્થિતિ ભયાનક બનશેઃ મૂડીઝ

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસને કારણે હવે વિશ્વમાં વૈશ્વિક મંદીના ભણકારા વાગવા લાગ્યા છે. મૂડીઝ એનાલિટિક્સે ચિંતા વ્યક્ત કરતાં ચીનની અર્થવ્યવસ્થાને નુકશાન પહોચાડીને આ વાઈરસ હવે પૂરી દુનિયા પર ખતરો બની શકે છે. મૂડીઝ એનાલિટિક્સના મુખ્ય અર્થશાસ્ત્રી માર્ક જેંડીનું કહેવું છે કે કોરોના વાઈરસ પર જો કાબૂ નહી મેળવી શકાય તો સ્થિતિ વધુ ભયાનક બની શકે છે. આ વાઈરસની શરૂઆત ડિસેમ્બર ૨૦૧૯માં ચીનના વુહાન શહેરમાં થઈ હતી. અને હાલ આ વાઈરસના સંક્રમણના કારણે ૨૬૬૩થી પણ વધુ લોકોનાં મોત થઈ ચુક્યા છે. ચીનમાં આ વાઈરસને કારણે વેપાર અને ટુરીઝમ બિઝનેસ પણ ઠપ થઈ ચુક્યા છે. સાથે જ એરલાઈન્સ કંપીનઓએ ચીનમાં તેમના ફ્લાઈટો રદ કરી છે. અને દરિયાઈ માર્ગે પણ કુઝની અવર જવર બંધ કરી દેવામાં આવી છે.

ચીનથી વર્ષે ૩૦ લાખ જેટલા લોકો અમેરિકા જતા હોય છે. અને આ વાઈરસને કારણે અમેરિકાના ટુરિઝમ બિઝનેસ ઉપર પણ ગંભીર અસર પડી છે. સાથે જ ઈટલી અને યુરોપના દેશોના ટુરીઝમ બીઝનેસ ઉપર પણ અસર પડી છે. આ વાઈરસને કારણે એપ્પલ,નાઈક જેવી કંપીનઓને પણ નુકશાન થઈ રહ્યું છે. સાથેજ ઓટોમોબાઈલ સેક્ટરમાં પણ કંપનીઓ નુકશાન ભોગવી રહી છે. જેથી ભવિષ્યમાં આ કંપનીઓ તેમની પ્રોડક્ટના ભાવ વધારે તેવી સંભવના છે.

તોફાનો તો થતા રહે છે પહેલા પણ થયા હતાઃ હરિયાણા વીજ મંત્રીનું વિવાદાસ્પદ નિવેદન

ચંદીગઢ

દિલ્હીમાં ફાટી નિકળેલી હિંસા પર હરિયાણાના વીજ મંત્રી રણજીત ચૌટાલાએ વિવાદાસ્પદ નિવેદન આપ્યુ છે. રણજીતસિંહ ચૌટાલાએ કહયુ હતુ કે, તોફાનો તો થતા રહે છે. પહેલા પણ તોફાનો થયા હતા.ઈન્દિરા ગાંધીની હત્યા થઈ ત્યારે પણ દિલ્હી સળગ્યુ હતુ. આ તો જીવનનો એક ભાગ છે. સરકાર નિયંત્રણ કરી રહી છે.કરફ્યુ નાંખવમાં આવ્યો છે. આ તોફાનોને લઈને આટલો ઉહાપોહ એટલે થયો છે કે, આ દિલ્હીનો મામલો છે. રણજીતસિંહ અપક્ષ ઉમેદવાર તરીકે વિધાનસભાની ચૂંટણી લડયા હતા. સૌથી પહેલા તેમણે જ ભાજપને સમર્થન આપવાનુ એલાન કર્યુ હતુ. તેઓ હરિયાણાના પૂર્વ સીએમ ચૌધરી દેવીલાલના પુત્ર અને ઓમપ્રકાશ ચૌટાલાના નાના ભાઈ છે.

મંદીથી ઝઝુમતા અર્થતંત્રને ઉગારવા માટે નિર્ણય

હોંગકોંગ સરકાર પ્રત્યેક નાગરિકને ૯૦ હજાર રૂપિયા આપશે

હોંગકોંગ

કોરોનાવાયરસે દુનિયાભરમાં હાહાકાર મચાવી દીધો છે. દુનિયાના ૪૮ દેશોમાં અત્યાર સુધીમાં ૨૮૦૦થી વધુ લોકોના કોરોના વાયરસને લીધું મોત નીપજયા છે. ત્યારે હોંગકોંગની સરકારે પોતાના દેશના અર્થતંત્રને બચાવા માટે મોટી જાહેરાત કરી છે.

જી હા હોંગકોંગ સરકારે મંદીથી ઝઝુમતા પોતાના અર્થતંત્રને ઉગારવા ૭૦ લાખ નાગરિકોને રોકડ સહાય આપવાની જાહેરાત કરી છે. હોંગકોંગ સરકાર પ્રત્યેક નાગરિકને ૧૦ હજાર હોંગકોંગ ડૉલર એટલે કે રૂ. ૯૦૯૮૦ આપશે. આ માટે લગભગ ૧૧૦૦ અબજ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.કોરોના વાઈરસને કારણે હોંગકોંગનું અર્થતંત્ર વધુ ડામાડોળ બન્યું છે. આથી નાણામંત્રી પોલ ચાને વાર્ષિક બજેટમાં લોકોને રોકડ સહાય આપવાની જાહેરાત કરી છે. આથી હોંગકોંગ પર ૭૧ અબજ હોંગકોંગ ડૉલરનો બોજો પડશે. સરકારને આશા છે કે આ સહાયથી લોકો ખરીદી વધારશે જેથી અર્થતંત્રને વેગ મળશે.

રિલાયન્સ જિઓ ઘરે બેઠા-બેઠા ચાર ધામના દર્શન કરાવશે

મુંબઈ

દેશની સૌથી મોટી ટેલીકોમ કંપની રિલાયન્સ જિઓ ઘર બેઠે ચાર ધામના દર્શન કરાવશે. રિલાયન્સ જિઓ, ટૂંકમાં જ ઉત્તરાખંડ સ્થિત ચારધામ સહિત અનેક પ્રમુખ મંદિરોમાં થનારી આરતીની લાઈવસ્ટ્રીમિંગ કરશે. તેનાથી ખાસ કરીને એ શ્રદ્ધાળુઓને ફાયદો થશે જે કોઈ કારણે આ ધામની યાત્રા નથી કરી શકતા. તેના માટે જિઓ ટૂંકમાં જ ડિજિટલ પ્લેટફોર્મ તૈયાર કરી તેને ઉત્તરાખંડ સરકારને ઉપલબ્ધ કરાવશે. ત્યાર બાદ બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રી સહિત ધાર્મિક સ્થળોના દર્શન કરી શકાશે.

ઉત્તરાખંડમાં દર વર્ષે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુ આવે છે, પરંતુ લાખો અન્ય લોકો એવા પણ છે પૂરી શ્રદ્ધા હોવા પર પણ કોઈ કારણોસર અહીં નથી આવી શકતા. આવા શ્રદ્ધાળુ માટે રાજય સરાકર જિઓની મદદથી ઓનલાઈન વ્યવસ્થા કરવા જઈ રહી છે.

વર્ષ ૨૦૧૮માં ઉત્તરાખંડ ઈન્વેસ્ટર્સ સમિટ પહેલા મુંબઈમાં આયોજિત રોડ શો દરમિયાન, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમે મુકેશ અંબાણીએ મુખ્યમંત્રી ત્રિવેંદ્ર સિંહ રાવતની સાથે મુલાકાત દરમિયાન ડિજિટલ ઉત્તરાખંડ માટે નેટ કનેક્ટીવિટીમાં મદદ કરવાનો પ્રસ્તાવ આપ્યો હતો.

દિલ્હી હિંસા ભારતીય નેતૃત્વની નિષ્ફળતાઃ અમેરિકન સેનેટર

વૉશિંગ્ટન

દિલ્હી હિંસાનો મુદ્દો દેશમાં જ નહીં પણ વિદેશોમાં પણ ચર્ચાઈ ચુક્યો છે. આ હિંસા જયારે અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પ ભારતમાં હતા ત્યારે પણ અટકી ન હતી. આ વિશે જયારે ટ્રમ્પને સવાલ કરવામાં આવ્યો તો ટ્રમ્પે તેને ભારતનો અંગત મુદ્દો ગણાવી જવાબ આપવાનો ઈંકાર કરી દીધો હતો. ત્યારબાદ અમેરિકામાં ડેમોક્રેટિક પાર્ટીના રાષ્ટ્રપતિ પદના ઉમેદવારના પ્રબળ દાવેદાર અને અમેરિકન સેનેટર બર્ની સૈંડર્સે ટ્વીટ કરીને ટ્રમ્પના નિવેદનની ટિકા કરી હતી.

બર્ની સૈંડર્સે ટ્વીટ કરીને કહ્યું કે, '૨૦ કરોડથી વધારે મુસલમાન ભારતને પોતાનું ઘર કહે છે. મોટાપાયે થયેલી મુસ્લિમ વિરોધી હિંસામાં ઓછામાં ઓછા ૨૭ લોકોના મોત થયા છે અને ઘણા ઘાયલ થયા છે, અને ટ્રમ્પે કહી દીધું કે, આ તો ભારત પર નિર્ભર છે. આ માનવ અધિકારો પર નેતૃત્વની નિષ્ફળતા છે.'

તો બીજી બાજુ આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા મામલામાં સંબંધિત અમેરિકન પંચે દિલ્હીમાં હિંસા અંગે ચિંતા વ્યક્ત કરીને ભારત સરકારને તેમના નાગરિકોને ચોક્કસ સુરક્ષા આપવા માટે તાત્કાલિક કાર્યવાહી કરવાની અપીલ કરી છે. આયોગના અધ્યક્ષ ટોની પર્કિંસે બુધવારે બપોરે જાહેર કરેલા એક નિવેદનમાં કહ્યું કે, 'અમે ભારત સરકારને અપીલ કરીએ છીએ કે ત્યાં હિંસાનો શિકાર થયેલા મુસ્લિમો અને અન્ય સમુહોને સુરક્ષા આપવા માટે સરકાર શક્ય તમામ પ્રયત્ન કરે'.

ડોક્ટરો, બિલ્ડર, સિરામીક યુનિટ અને રિફાઇનરીના ધંધાર્થીઓ પર આઈટીનાં દરોડા

મોરબી

સૌરાષ્ટ્રમાં રાજકોટ, ખંભાળીયા અને મોરબીમાં આવકવેરાએ સર્વે હાથ ધર્યો છે. આ ત્રણેય શહેરમાં ડોક્ટરો, બિલ્ડર, સિરામીક યુનિટ અને રિફાઇનરીના ધંધાર્થીઓ પર ધોંસ બોલાવવામાં આવી છે. સવારથી જ આવકવેરા દ્વારા તપાસ ચાલી રહી છે. જેમાં મોટી કરચોરી બહાર આવે તેવી સંભાવના છે. આ ત્રણેય શહેરમાં આવકવેરાની અલગ અલગ રેન્જ અને વીંગ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરાઇ હતી.

મોરબી નજીક હાઇવે પર આવેલી ઈમ્પોર્ટ એક્સપોર્ટની પેઢીમાં કેરળની આઇટી વિભાગની ટીમે સવારથી દરોડા શરૂ કર્યા હતા. એબીસી ઈમ્પોર્ટ એક્સપોર્ટ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ નામની પેઢીમાં કેરળની આઇટી વિભાગે ઓપરેશન હાથ ધર્યું છે. આ પેઢીનો મોટો વેપાર કેરળમાં અને દેશના જુદા જુદા વિસ્તારોમાં વિસ્તરેલો છે, તેની બ્રાંચ મોરબી ખાતે કાર્યરત છે. મોરબી-વાંકાનેર હાઇવે પર લાલપર નજીક આદ્ય શક્તિ ચેમ્બરમાં આવેલી આ પેઢીની ઓફિસમાં કેરળની ટીમ સાથે કરેલી મિટીંગમાં રાજકોટ ઇન્વેસ્ટીગેશન ટીમ પણ આ સર્ચ ઓપરેશનમાં જોડાઇ હતી. મળતી માહિતી મુજબ કેરળમાં આઇટીની ટીમ એ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું ત્યાંથી મોરબીની ઓફિસના વ્યવહારો ખૂલ્યા હતા જે સંદર્ભે આ તપાસ શરૂ થઈ છે. જો કે આ સર્વે નહીં પણ સર્ચ ઓપરેશન હોવાનું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. આઇટીના સુત્રોમાંથી મળતી વિગત મુજબ મોરબીની ઓફીસમાંથી કોમ્પ્યુટર ડેટામાં મોટો વ્યવહાર ખુલ્યો છે.

એબીસી ઈમ્પોર્ટ એક્સપોર્ટ ઈન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ છેલ્લા ઘણા વર્ષોમાં ઇન્ટરનેશનલ અને ડોમેસ્ટિક માર્કેટમાં મોટો વેપાર ધરાવે છે અને પેઢીની સઘન તપાસમાં બેનામી વ્યવહારોનો ખુલાસો થાય અને અપ્રમાણસર બેનામી સંપત્તિ સામે આવે તેવી શક્યતાઓ આવકવેરાના સૂત્રોએ વ્યક્ત કરી હતી. તો બીજી તરફ દ્વારકા ઈકમટેક્સ વિભાગની ટીમે ખંભાળિયામાં બિલ્ડરો અને હોસ્પિટલો સર્વે હાથ ધર્યો છે. રાજકોટ ઇકમટેક્સના માર્ગદર્શન હેઠળ દ્વારકા આઇટીની પાંચ ટીમ દ્વારા ખંભાળિયામાં આવેલી સાંકેત હોસ્પિટલ, નિદાન ઇમેજિંગ સેન્ટર અને બિલ્ડર કમલેશ વિઠલાણીને ત્યાં સર્વે હાથ ધર્યો છે. રાજકોટમાં આવકવેરાની રેન્જ ૧(૨)ની ટીમે સર્વે હાથ ધર્યો હતો. જેમાં લોધીકા તાલુકામાં આવેલ શ્યામ સેલ્સ કોર્પોરેશન નામની ઓઇલ રીફાઇનરીની ફેક્ટરીમાં જોઇન્ટ કમિશનરના નેતૃત્વ હેઠળ એમ.એમ.રાઠોડની ટીમે આ સર્વે હાથ ધર્યો છે.

કેવી રીતે ભણશે ગુજરાત..?!! રાજ્યની પ્રાથમિક શાળાઓમાં પૂરતા ઓરડા પણ નથી

ગાંધીનગર

ગાંધીનગર ખાતે વિધાનસભા ગૃહમાં બાળકોના શિક્ષણલક્ષી વધુ એક હકીકત સામે આવી છે. 'વાંચે ગુજરાત' - 'ભણે ગુજરાત' પરંતુ ક્યાં બેસીને ભણશે બાળકો..? સરકાર પાસે આ બાળકોને ભણાવવા માટે જરૂરી એવા ઓરડાની જ વ્યવસ્થા નથી. અને સરકાર સ્માર્ટ સ્કુલ પ્રોજેક્ટ ની વાતો કરી રહી છે.

વિદ્યાર્થીઓને મફત અને ગુણવત્તાલક્ષી શિક્ષણ મળી રહે તે માટે સરકાર ભારે પ્રયત્નો કરી રહી છે. બીજી તરફ દિકરીઓને ભણાવવા માટે પણ સરકાર દ્વારા જહેમત ઉઠાવાઈ રહી છે. ત્યારે સરકારી શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓની ઉણપ હોય તે પરિસ્થિતિમાં બાળક ભણે કઈ રીતે તે પણ એક પ્રશ્ન છે. હાલના સંજોગોમાં લોકોને ખાનગી શાળાઓમાં પોતાના બાળકને ભણાવવા માટેની રીતસરથી હોડ લાગી છે.

ઉલ્લેખનીય છે કે હાલ માં જ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પત્ની મેલાનીયા બે દિવસની ભારત મુલાકાતે આવ્યા હતા. અને તેમને પોતાની મુલાકાત દિલ્હી થી નહિ પરંતુ અમદાવાદ થી શરુ કરી હતી. અમેરિકાના ફર્સ્ટ લેડી મેલાનીયા ટ્રમ્પને અમદાવાદ કે ગુજરાતની સરકારી શાળાના બાળકોની મુલાકાત ના કરાવતા તેમની મુલાકાતના બીજા દિવસે તેમને દિલ્હીની કેજરીવાલ સરકાર સંચાલિત સરકારી શાળાના બાળકો સાથે મુલાકાત કરાવી હતી. છેલ્લા કેટલાય વર્ષોથી ગુજરાતમાં ભાજપનું શાશન છે. શું આ ગુજરાત નો વિકાસ મોડેલ આટલું સરસ છે તો પછી છુપાવવું કેમ પડ્યું..?

શિક્ષણ વિભાગની પોલ ખુલી... રાજ્યનાં ૧,૫૮,૮૬૬ વિદ્યાર્થીઓ ટેબલેટથી વંચિત

ગાંધીનગર

વિધાનસભાની પ્રશ્નોત્તરી દરમિયાન કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા પૂછવામાં આવેલી રચનામાં રાજ્યના શૈક્ષણિક વર્ષ ૨૦૨૦માં કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ટેબલેટ આપવા માટે વિદ્યાર્થી દીઠ ૧૦૦૦ રૂપિયા ઉઘરાવ્યા પછી શૈક્ષણિક વર્ષ પૂરું થવા આવ્યું હોવા છતાં પણ ૫૦ ટકા વિદ્યાર્થીઓને ટેબલેટ આપવામાં આવ્યા નથી.

જ્યારે બીજી બાજુ શિક્ષણપ્રધાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, લેવો ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ એજન્સી દ્વારા ૩૮૦૦૦૧ લેટર હજુ જુદા પાડવાના બાકી છે.સત્વરે બાકીના વિદ્યાર્થીઓને આપવામાં આવશે. જ્યારે આ ટેબલેટ હાલ લાઇન અલીબાબા વેબસાઇટ પર ૫૦૦થી વધુ જથ્થામાં ખરીદવાના હોય તો યુએસ ડોલર ૧૯૫૬ના ભાવથી મળે છે. એટલે ભારતીય કિંમતમાં તેની કિંમત ૧૪૨૮ છે. જ્યારે રાજ્ય સરકારે એક ટેબલેટની કિંમત ૬૬૬૭ કેવી રીતે થાય તે અંગેના પણ પ્રશ્નો કર્યા હતા, આમ રાજ્ય સરકારે રાજ્યમાં કુલ ૧,૫૮,૮૬૬ જેટલા વિદ્યાર્થીઓને ટેબલેટ આપવાનું બાકી હોવાનું વિધાનસભાગૃહમાં સામે આવ્યું હતું. જ્યારે ટેબલેટ પેટે રાજ્ય સરકારે કુલ ૩૦૯૬.૫૧ રકમ પણ વસૂલ કરવામાં આવી છે.

ત્રણ મહિના પહેલા જન્મેલી બાળકીને કોલકાતાના દંપતીએ દત્તક લીધી

અમદાવાદ

ત્રણેક મહિના પહેલા શહેરની અસારવા સિવિલ હોસ્પિટલમાં જન્મેલી બાળકીને માતા-પિતા મળ્યાં છે. નારણપુરામાં આવેલા જીવનસંધ્યા ઘરડાઘરમાં યોજાયેલા એક કાર્યક્રમમાં કોલકાતાના એક દંપતીએ પાલડી શિશુગૃહની સાડા ત્રણ મહિનાની બાળકીને દત્તક લીધી હતી. શિશુગૃહ તરફથી આપવામાં આવેલું નામ આરુ અને બાળકીને દત્તક લેનાર માતા-પિતાએ રાખેલું નામ રૂપલને દત્તક લેવાની પ્રક્રિયા કરવામાં આવી હતી.

કોલકાતામાં રહેતા વિકેશ બસીન અને તેમના પત્ની શ્યામારતીને સંતાન ન હોવાથી વર્ષ ૨૦૧૭થી બાળક દત્તક લેવા અરજીઓ લઈ હતી. તેઓએ પશ્ચિમ બંગાળ, ગુજરાત અને ચંદીગઢમાંથી બાળક દત્તક લેવા અરજી કરી હતી. કોલકાતામાં શિપિંગ કંપનીમાં બ્રાન્ચ મેનેજર તરીકે નોકરી કરતા વિકેશ અને તેમના પત્ની જેઓ ટીચર તરીકે નોકરી કરે છે. તેઓને બાળકી જ દત્તક લેવી હતી. પાલડી શિશુ ગૃહમાં રહેલી બાળકીનો ફોટો જોતા જ તેને દત્તક લેવાનું નક્કી કર્યું હતું. બાદમાં તેઓ અમદાવાદ આવ્યા હતા જ્યાં બાળકીને દત્તક લેવાની પ્રક્રિયા અને એડોપશન કમિટી સાથે વાતચીત કરી હતી. તમામ પ્રક્રિયા અને ચકાસણી બાદ બાળકીને આ દંપતીને દત્તક આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

૧૩ વર્ષની સગીરા પર શખ્સે દુષ્કર્મ આચરતા ખળભળાટ

મોરબી

મોરબીના કંડલા બાયપાસ પાસે પરિવાર સાથે રહેતી ૧૩ વર્ષની સગીરાને લલચાવી ફોસલાવી એક શખ્સે તેણી પર દુષ્કર્મ આચર્યું હોવાના બનાવની ફરિયાદ એ ડિવીઝન પોલીસ મથકમાં પીડિતાની માતાએ નોંધાવતા પોલીસે આરોપીઓની શોધખોળ હાથ ધરી છે. આરોપી શાહરૂખે સોનલ નામની મહિલા અને મોમયા નામના શખ્સની મદદથી દુષ્કર્મ આચર્યું હતું.

કંડલા બાયપાસ પાસે પરિવાર સાથે રહેતી ૧૩ વર્ષની સગીરાને લલચાવી ફોસલાવી બળજબરીપૂર્વક શાહરુખ હારુનભાઈ કટીયા (રહે. રાજકોટ)એ દુષ્કર્મ ગુજાર્યું હતું. આ કામમાં મોમાયાભાઈ (રહે. વાંકાનેર) તથા સોનલ ચુડાસમાએ મદદ કરી હતી. આરોપી શાહરુખને સગીરા પર દુષ્કર્મ ગુજારવા માટે સોનલે તેના ઘેર જગ્યા કરી આપી હતી. મોરબીમાં રહેતી સોનલ તથા મોમયાભાઈ અને શાહરૂખે દુષ્કર્મના બનાવ બાદ સગીરાને, જો કોઈને આ વાત કહેશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાથી ડરી ગયેલી બાળાએ કોઈને વાત કરી ન હતી. પરંતુ બે માસ પહેલા બનેલા બનાવની જાણ હાલમાં જ પીડિતાની માતાને થતા તેઓ ચોંકી ગયા હતા અને પુત્રી પાસેથી સમગ્ર હકીકત જાણી મોરબી એ ડિવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

ભુજની સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટિટ્યૂટ માસિક ધર્મ તપાસનો મુદ્દો ગૃહમાં ઉછળ્યો

ગાંધીનગર

કચ્છની રાજધાની ભુજમાં સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટિટ્યૂટની વિદ્યાર્થિનીઓના કપડાં ઉતારીને માસિક ધર્મની તપાસ કરાઈ હતી. આ મામલો આજે પ્રશ્નોતરી દરમિયાન વિધાનસભા ગૃહમાં ગુંજ્યો હતો. કોંગ્રેસના ધારાસભ્ય અનિલ જોષીયારાએ આ મુદ્દો ઉઠાવ્યો હતો. સાથે જ સરકાર પર આક્ષેપ કરીને સરકારની નીતિ સામે પ્રશ્નાર્થ ઊભા કર્યા હતા. જો કે આ મામલે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે ઉત્તર આપીને સમગ્ર મામલે યોગ્ય કાર્યવાહી કરાઈ હોવાની માહિતી આપી હતી.

૧૧ ફેબ્રુઆરીએ વસ્ત્રો ઉતરાવીને છાત્રાઓના માસિક ધર્મની ચકાસણી કરાયાની શરમજનક અને ક્રૂર હરકતથી રાજ્યકક્ષાએ ખળભળાટ મચી ગયો હતો. બનાવને ગંભીરતાથી લઇ રાષ્ટ્રીય મહિલા આયોગની ટીમ દોડી ગઈ હતી. એ ડિવિઝન પોલીસે પ્રિન્સિપાલ, કો-ઓર્ડિનેટર અને શિક્ષક, પ્યુન સામે નામ જોગ ફરિયાદ નોંધી બે દિવસના રિમાન્ડ પર લીધા હતા. કોલેજના સંચાલકોએ સંસ્થાના માસિક ધર્મ પાળવાના નીતિ-નિયમોમાં ફેરફાર કરવાની રાષ્ટ્રીય મહિલા આયોગને લેખિત ખાતરી આપી હતી.

નવજાત બાળકીના શરીર પર છરીના ઘાના ૨૦ નિશાન, હાલ સ્થિતિ સુધારા પર

રાજકોટ

રાજકોટના મહિકા અને ઠેબચડા ગામની વચ્ચે સીમમાંથી તાજી જન્મેલી બાળકી બુધવારે મળી આવી હતી. બાળકીને કૂતરૂ મોમા પકડીને જતું હતું તે અરસામાં વીસેક યુવકો ક્રિકેટ રમીને જઇ રહ્યા હતા ત્યારે બાળકીનો રડવાનો અવાજ સંભળાયો હતો અને નજર દોડાવી તો એક કૂતરું બાળકીને મોંમાં લઈને જઈ રહ્યું હતું. યુવકોએ પળનો પણ વિલંબ કર્યા વગર પથ્થરમારો કરતાં બાળકીને છોડીને કૂતરું નાસી ગયું હતું. વિપુલ રૈયાણી નામના યુવકે ફોન કરતાં ૧૦૮ દોડી ગઇ હતી અને બાળકીને તાકીદે રાજકોટ કે.ટી.ચિલ્ડ્રન હોસ્પિટલમાં ખસેડી હતી. બાળકીના શરીર પર છરીના ઘાના ૨૦ નિશાન જોવા મળ્યા હતા. જો કે,મળી ત્યારે શ્વાસ લઇ શકતી નહોતી. હાલ બાળકીની સ્થિતિ સુધારા પર છે. ૧૦૮ની ટીમના તબીબ દિવ્યા બારડે જણાવ્યું હતું કે, બાળકીના પીઠના ભાગે છરીના ઘાના નિશઆન જોવા મળ્યા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા બાળકીને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. હાલ બાળકીની સ્થિતિ સુધારા પર છે. બાળકી જ્યારે મળી ત્યારે શ્વાસ પણ લઇ શકતી નહોતી. શરીર પર ધૂળ જોવા મળી હતી. કોઇ જનેતાએ પોતાનું પાપ છૂપાવવા માટે બાળકીને જન્મ આપી બીજા જ દિવસે નિર્જન સ્થળે છોડી દીધાનું સ્પષ્ટ થયું હતું. બાળકીના પેટના ભાગે જે ઇજા દેખાતી હતી તે કોઇ ખાડામાં પડ્યા રહેવાથી થયાનું સ્પષ્ટ હતું. પરંતુ તબીબોએ બાળકીને તપાસતાં જ તબીબો ચોંકી ઊઠ્યા હતા.

મનપા કમિટીમાં પત્રકારોનાં પ્રવેશ બંધ પર નગરસેવિકાએ સિક્યુરિટી ઓફિ.નો કાંઠલો પકડ્યો

જામનગર

જામનગર મહાનગર પાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠક હતી. પરંતુ સિક્યુરિટી ઓફિસર રાજભા પત્રકારોને જવા નહીં દેતા નગરસેવિકા રચનાબેન નંદાણીયાએ તેનો કાઠલો પકડી લીધો હતો. તેમજ રાજભા સામે રોષ ઠાલવ્યો હતો. બાદમાં અન્ય નગરસેવકો દ્વારા બંનેને છૂટા પાડી મામલો થાળે પડ્યો હતો.

આ ઘટના કમિટીમાં ડીપી કપાતના અસરગ્રસ્તોને સ્ટેન્ડીંગમાં સાભળવા સમયે બની હતી. રચના નંદાણીયાએ ઉગ્ર રોષ સાથે કહ્યું હતું કે, ચૂંટણી લડનારાઓને આજે હું કહુ છું કે આજે ૫૦૦ જણાના મકાન જાય છે ક્યાં છો તમે. બાદમાં નગરસેવિકાને અંદર જવા દીધા નહોતા અને પોલીસને કહ્યું હતું કે, હું સભ્ય છું મને અંદર જવા દો પણ અંદર જવા દીધા નહોતા.

માંડલની ૯૭ આંગણવાડી કેન્દ્રમાં કૃમિનાશક દીન ઉજવણી કરવામાં આવી



બાળકોને કૃમિનાશક ગોળી ખવડાવીને કૃમિથી બચવાના ઉપાયો સમજાવવામાં આવ્યા

વંદના નીલકંઠ વાસુકિયા વિરમગામ દ્વારા

અમદાવાદ જીલ્લાના માંડલ તાલુકામાં ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ "રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ"ની ઉજવણી કરવામાં આવી હતી. ઘટક માંડલમાં કૃમિનાશક દીન ઉજવણી નિમિતે તાલુકા હેલ્થ ઓફિસર દીપકભાઈ, સી.ડી.પી.ઓ મીતાબેન જાની, મુખ્ય સેવિકા આયેશાબેન મુલતાની ઉપસ્થિતિમાં માંડલ આંગણવાડી કેન્દ્ર-૨, ૫ અને ૮ પર લાભાર્થીને કૃમિ નાશક મેડીશીન આપવામાં આવી હતી.

સી.ડી.પી.ઓ મીતાબેન જાનીએ જણાવ્યું હતું કે, ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ માંડલ તાલુકામાં "રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ"ની ઉજવણી કરવામાં આવી હતી. બાળકોને કૃમિનાશક ગોળી ખવડાવવામાં આવી હતી. આ કામગીરીને સઘન વેગ આપવા ઘટક માંડલની ૯૭ આંગણવાડી કેન્દ્રમાં કૃમિનાશક દીન ઉજવણી કરવામાં આવી હતી. બાળકોને એક સાથે કૃમિનાશક ટેબલેટ ખવડાવવામાં આવી હતી અને કૃમિથી બચવાના ઉપાયો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

અજાણ્યા શખ્સોએ યુવાનનું મુંડન કરી ઘાતકી હત્યા કરતા ચકચાર મચી

અમરેલી

અમરેલીમાં બુધવારે મોડીરાત્રે મૂળ પોરબંદર પંથકમાં અને હાલમાં રાજકોટમાં રહેતા ૨૭ વર્ષીય યુવક મયુર સાકરીયા અજાણ્યા શખ્સોએ ઘાતકી હત્યા કરી નાખી હતી. કોઈ અકળ કારણોસર હત્યારાઓએ આ યુવકનું મુંડન પણ કરી નાખ્યું હતું અને ઢોર માર મારી ગંભીર રીતે ઘાયલ હાલતમાં જુમ્મા મસ્જીદ સામે ફેંકી દીધો હતો. આ યુવકને અમરેલી સિવિલમાંથી વધુ સારવાર માટે રાજકોટ ખસેડાયો હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત થયુ હતું.

યુવકની ઘાતકી હત્યાની આ ઘટના અમરેલીમાં ઠેબી નદીના કાંઠા નજીક જુમ્મા મસ્જીદ સામે મધરાત્રે બે વાગ્યાના સુમારે બની હતી. અહીં કોઇ અજાણ્યો યુવાન ગંભીર રીતે ઘાયલ હાલતમાં પડ્યો હોવાની જાણ થતા ૧૦૮ એમ્બ્યુલન્સનો સ્ટાફ ત્યાં દોડી ગયો હતો અને તાબડતોબ આ ઘાયલ યુવકને સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સારવારમાં લવાયા બાદ આ યુવાન પોતે પોરબંદરનો હોવાનું જણાવ્યુ હતું. જો કે માત્ર આટલુ બોલ્યા બાદ તે બેભાન થઇ ગયો હતો. તેની સ્થિતિ નાજુક જણાતા તેને વધુ સારવાર માટે રાજકોટ દવાખાને રીફર કરવામાં આવ્યો હતો પરંતુ ત્યાં તેનું સારવાર દરમિયાન મોત થયુ હતું.

હત્યારાઓએ આ યુવકના શરીર પર બેફામ આડેધડ માર માર્યો હતો. જેના કારણે આખા શરીર પર ચાંભા પડી ગયા હતાં. તેને માથાના પાછળના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જે જીવલેણ નિવડી હતી. યુવકને બેરહેમીથી માર મારવા ઉપરાંત તેના માથાના વાળ કાપી નાખી ટકો કરી દેવાયો હતો. બનાવને પગલે સીટી પોલીસની ટીમ ફરીયાદ લેવા રાજકોટ દોડી ગઇ હતી અને મૃતક યુવકના ભાઇ દિક્ષીત સાકરીયાની ફરિયાદ પરથી મોડી રાત્રે ગુનો દાખલ કરવા તજવીજ હાથ ધરી હતી.

મોડાસા રૂરલ ડીવાયએસપીની સોશિયલ મીડિયામાં પત્રિકા વાયરલ...

મોબાઈલ પર દારૂ, જુગાર કે ગેરકાનૂનીની પ્રવૃત્તિની જાણ કરતા કાર્યવાહી કરાશે

મોડાસા

અરવલ્લી જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં દેશી-વિદેશી દારૂની નદીઓ વહી રહી હોય તેવો માહોલ પ્રવર્તી રહ્યો છે બુટલેગરો બિન્દાસ્ત બની માંગો તે બ્રાન્ડનો વિદેશી દારૂ અને બિયર નો જથ્થો માંગો તે સ્થળે પહોંચાડી રહ્યા હોવાની સાથે બિલાડીના ટોપની જેમ ઠેર ઠેર બુટલેગરો ફૂટી નીકળ્યા છે ત્યારે પ્રોબેશન ડીવાયએસપી ઈશ્વર પરમારે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનનો ચાર્જ સાંભળતાની સાથે સોશિયલ મીડિયામાં પત્રિકાના સહારે રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતા દારૂ, જુગાર કે ગેરકાનૂની પ્રવૃત્તિ ચાલતી હોય તો તેના વિષે તેમના પર્સનલ મોબાઈલ નંબર જાહેર કરી તેના પર સીધી જાણ કરવા અને જાણ કરનાર વ્યક્તિની ઓળખ ગુપ્ત રાખવામાં આવશેની પત્રિકા વાઈરલ થતાં ડીવાયએસપીની અનોખી પહેલથી લોકોમાં ખુશી છવાઈ હોવાની સાથે અનૈતિક પ્રવૃતિઓ કરનાર શખ્શોમાં ફફડાટ ફેલાયો છે.

અરવલ્લી જીલ્લા પોલીસતંત્રમાં પ્રોબેશનલ ડીવાયએસપી તરીકે આઈ.એન પરમાર નિમણુંક થઈ તેના ટૂંક સમયમાં માલપુર ગ્રામ પંચાયતની શબવાહિનીમાં રાત્રીના સમયે અચાનક લાઈટ હોર્ન અને સાયરન ચાલુ થઈ જતા હોવાની અફવા સોશિયલ મીડિયામાં ફેલાતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો. લોકોનો ડર દૂર કરવા ડીવાયએસપી આઈ. એન. પરમારે શબવાહિની પાસે જ રાત્રીએ બેઠક જમાવી લોકોની અંધશ્રદ્ધાને ભ્રમ દૂર કર્યો હતો. પ્રોબેશનલ ડીવાયએસપી ઈશ્વર પરમારે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનનો ચાર્જ સાંભળતાની સાથે સોશિયલ મીડિયામાં એક પત્રિકા વાઈરલ થઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે જીલ્લા પોલીસતંત્ર અને વહીવટી તંત્રમાં ફરજ બજાવતા કેટલાક બાબુઓ લોકોના ફોને પણ ઉઠાવવાનું મુનાસીબ સમજતા નથી ત્યારે પ્રોબેશનલ ડીવાયએસપીની અનોખી પહેલથી આવા સરકારી બાબુઓના પેટમાં તેલ રેડાય તો નવાઈ નહીં!

તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ દ્વારા ''રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ''ની ઉજવણી કરવામાં આવી



વિરમગામ તાલુકામાં ૧ થી ૧૯ વર્ષના બાળકોને એક સાથે કૃમિનાશક ટેબલેટ ખવડાવવામાં આવી

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ દ્વારા

તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ સંલગ્ન વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા અર્બન હેલ્થ સેન્ટરના અધિકારી કર્મચારીઓ દ્વારા ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ ''રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ'' ની ઉજવણી કરવામાં આવી હતી. વિરમગામ તાલુકાના આરોગ્ય કર્મચારીઓ દ્વારા વિરમગામ તાલુકામાં ૧ થી ૧૯ વર્ષના બાળકોને એક સાથે કૃમિનાશક ટેબલેટ ખવડાવવામાં આવી હતી અને કૃમિથી બચવાના ઉપાયો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામની ટીમ સહિત વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર, સુપરવાઇઝરો દ્વારા સપોર્ટીવ સુપરવીઝન કરવામાં આવ્યુ હતુ. પ્રાથમિક શાળા ગોરૈયા ખાતે આયોજિત કાર્યક્રમમાં આસીસ્ટન્ટ ડાયરેક્ટર મેડીકલ સર્વિસીસ ગાંધીનગર ડો.ઉપેન્દ્ર ગાંધી, તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલા, મેડિકલ ઓફિસર ડો.સંગીતા પટણી, તાલુકા સુપરવાઇઝર નીલકંઠ વાસુકિયા, જયેશ પાવરા, હાર્દિકા ગોસ્વામિ, શાળાના આચાર્ય ધનીબેન વણોલ સહિતના આરોગ્ય વિભાગના અધિકારીઓ કર્મચારીઓ દ્વારા વિદ્યાર્થીઓને કૃમિનાશક ગોળી ખવડાવવામાં આવી હતી.

વિરમગામના તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલાએ જણાવ્યુ હતુ કે, રોજ ''રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ''ની ઉજવણીના ભાગ રૂપે ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૦ના વિરમગામ તાલુકાના ૧ થી ૧૯ વર્ષની વય જુથના આંગણવાડી, પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, શાળામાં જતા કે શાળામાં ન જતા બાળકોને એક જ દિવસે ઉંમર પ્રમાણે કૃમિનાશક ટેબલેટ ખવડાવવામાં આવી હતી. કૃમિનાશક ગોળી કૃમિથી થતા ચેપ સામે રક્ષણ આપે છે. કૃમિના ચેપથી બાળકોના સ્વાસ્થ્ય પર લોહીની ઉણપ, કુપોષણ, ભુખ ન લાગવી, બેચેની, પેટમાં દુઃખાવો, ઝાડા ઉલ્ટી અને વજન ઓછુ થવુ જેવી અનેક હાનીકારક અસરો જોવા મળે છે. બાળકોને કૃમિનાશક ગોળી ખવડાવવાથી લોહીની ઉણપમાં સુધારો, પોષણ સ્તરમાં સુધારો, સ્કુલ અને આંગણવાડીમાં હાજરી અને ગ્રહણશક્તિ સુધારવામાં મદદરૂપ થાય છે, ભવિષ્યમાં કાર્યક્ષમતામાં અને જીવન દરમાં વૃધ્ધી, વાતાવરણમાં કૃમિની સંખ્યા ઓછી હોવાથી જન સમુદાયને લાભ થાય છે. આજના દિવસે કૃમિનાશક ગોળી ન ખાધી હોય તેવા બાળકોને મોપઅપ દિવસ ૩ માર્ચ ૨૦૨૦એ કૃમિનાશક ટેબલેટ ખવડાવવામાં આવશે.

ખેડૂત બજેટ લઈને વિરજી ઠુમ્મરનો પ્રહાર : આ સરકાર હેલ્મેટ વાળી છે

ગુજરાત વિધાનસભાના સત્રમાં ગઈ કાલે નાણા મંત્રી નીતિનભાઈ પટેલ દ્વારા ૮ મી વખત બજેટ રજૂ કરાયું આ બજેટમા ખેડૂતોને ધ્યાનમા રાખીને નીતિનભાઈ એ બુધવારે અલગ અલગ યોજનાઓ બજેટમાં લાગુ લાવવામાં આવી ત્યારે આ કોંગ્રેસના ધારાસભ્ય જણાવી રહયા છે કે આ યોજનાઓ કાગળ ઉપર જ રહી જશે અને આ યોજનાના લાભ ખેડૂત સુધી પહોંચાડવાની જ નથી ત્યારે આજે વિધાનસભામાં લાઠીના ધારાસભ્યએ સરકાર ઉપર આકરા પ્રહારો કરતા જણાવ્યું કે આ સરકાર હેલ્મેટ વાળી સરકાર છે. જે ખેડૂતની માત્ર કાગળ ઉપર ચિંતા કરતી સરકાર છે. ગઈકાલે જે ગુજરાતનું બજેટ રજૂ કર્યું માત્ર ખેડૂતને ખુશ કરવા માટે અનેક યોજનાઓ છે. જે માત્ર કાગળ સુધી રહેવાની છે. ત્યારે આ સરકાર પોતાની વાહ વાહી કરાવવા વાળી સરકાર છે. આજે જૂનાગઢમાં ખેડૂતોની હાલત દીપડાના તેમજ કમોસમી વરસાદના કારણે પણ ખેડૂતોની દશા કાફોળી બની ગઈ છે, ખેડૂત પાંજરા બનાવી રહ્યા છે. દીપડાના કારણે આજે ખેડૂતમાં ભયનો માહોલ ફેલાઈ ગયો છે પરંતુ આજે કોંગ્રેસ પક્ષ દ્વારા આ બાબતની વિધાનસભમાં સવાલ મુકતા અમને શાંતિ પૂર્વક જવાબ ન મળ્યો જેથી જો સરકાર અમારી નહી સાંભળે તો આ સત્ર ૩૧ માર્ચ સુધી ચાલશે જેમાં છેવટે અમે વિઘ્ન ઉભુ કરી વિરોધ કરીશું.

રાજ્યમાં ૧.૫ લાખ શિક્ષકોની ખાલી પડેલ જગ્યાઓ સરકાર ભરતી નથી : મનીષ દોષી

ગાંધીનગર

ગુજરાત સરકાર દ્વારા ફાળવવામાં આવેલા ૨૦૨૦-૨૦૨૧ના બજેટને લઈને કોંગ્રેસે સરકાર પર પ્રહાર કર્યા હતા. કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોષીએ કહ્યું કે, રાજ્યમાં ૧.૫ લાખ શિક્ષકોની જગ્યાઓ ખાલી પડી છે, જેને ભરવાનું કામ સરકાર કરતી નથી. રાજ્યમાં લાખો ઉમેદવારો ટેટ-ટાટ પાસ કરી નોકરીની રાહ જોઈને બેઠા છે. વિદ્યાર્થીઓ પરીક્ષા આપી પાસ થયા બાદ હજૂ સુધી સરકાર દ્વારા કોઈપણ જાતની ભરતી કરવામાં આવી નથી. રાજ્યમાં કોમ્પ્યુટરના શિક્ષકોની પણ ભરતી યોગ્ય રીતે કરવામાં નથી. જેથી ધોરણ ૧૦ પછી ડ્રોપ આઉટ રેશિયામાં વધારો થયો છે.

વધુમાં મનીષ દોશીએ જણાવ્યું કે, સરકાર વર્ચ્યુઅલ ક્લાસની વાતો કરી રહી છે, જયારે એક્ચ્યુલ ક્લાસ જ બરોબર નથી ચાલતા. સરકારે બજેટમાં આંકડાની માયાજાળ રચી લોકો સાથે વિશ્વાસઘાત કર્યો છે. સરકારી ટેબલેટ આપવામાં પણ કરોડોનું કૌભાંડ થયું છે. કોંગ્રેસ દ્વારા આંકડાકીય માહિતી પ્રસિદ્ધ કરતાં જણાવ્યું કે, કોઠારી કમિશન પ્રમાણે જીડીપીના પ્રમાણમાં શિક્ષણ પાછળ ૬ ટકા ફાળવવા જોઈએ, પરંતુ બજેટમાં ૧.૭૫ ટકા જ ફાળવવામાં આવ્યા છે. ગત ૮ વર્ષમાં જીડીપીના પ્રમાણમાં શિક્ષણ પાછળ રાજ્ય સરકાર ખર્ચ ઘટાડી રહી છે.

સૌથી વધુ બનાસકાંઠામાં, બીજા નંબરે આણંદમાં કુપોષિત બાળકો

રૂપાણીનાં રાજમાં છ મહિનામાં અધધધ.. ૨.૪૧ લાખ કુપોષિત બાળકો વધ્યાં

ગાંધીનગર

હાલ ચાલી રહેલા બજેટ સત્ર દરમિયાન પ્રશ્નોતરીકાળમાં રાજ્યમાં કુપોષિત બાળકો અંગે ખુલાસો થયો છે. આ અંગે કોંગ્રેસના ધારાસભ્યએ પૂછેલા પ્રશ્નના જવાબમાં મહિલા અને બાળ કલ્યાણમંત્રીએ જણાવ્યું કે, ૯ જુલાઈ ૨૦૧૯ના રોજ રાજ્યમાં ૧ લાખ ૪૨ હજાર ૧૪૨ કુપોષિત બાળકો હતા. જે ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ ૩ લાખ ૮૩ હજાર થયા છે. આમ છેલ્લા ૬ મહિનામાં જ કુપોષિત બાળકોની સંખ્યામાં ૨ લાખ ૪૧ હજાર ૬૯૮નો વધારો થયો છે. તેમાં પણ જુલાઈ ૨૦૧૯માં બનાસકાંઠામાં ૬૦૭૧ કુપોષિત બાળકો હતા. જેમાં છેલ્લા છ મહિનામાં ૨૨,૧૯૪ કુપોષિત બાળકોનો વધારો થયો છે અને કુપોષિત બાળકોની સંખ્યા ૨૮,૨૬૫ પર પહોંચી છે.

રાજ્યમાં સૌથી વધુ કુપોષિત બાળકો બનાસકાંઠા જિલ્લામાં ૨૮,૨૬૫ છે. ત્યાર બાદ ૨૬,૦૨૧ બાળકો સાથે આણંદ બીજા ક્રમે, ૨૨,૬૧૩ બાળકો સાથે દાહોદ ત્રીજા ક્રમે, વડોદરા ૨૦,૮૦૬ બાળકો સાથે ચોથા ક્રમે અને ૨૦૩૬ બાળકો સાથે પંચમહાલ પાંચમાં નંબર પર છે.

બજેટ સત્રમાં પ્રશ્નોતરીકાળ : સરકારે એસ.ટીની આવક અને ખોટનો હિસાબ રજૂ કર્યો

એસ.ટી.ની ખોટ ૭૪૮ કરોડ, ખાનગી એજન્સીઓ પાસેથી ભાડે લીધેલી બસો માટે રૂ.૬૦ કરોડ ચૂકવ્યા

ગાંધીનગર

હાલ ચાલી રહેલા બજેટ સત્રમાં પ્રશ્નોતરીકાળ દરમિયાન કોંગ્રેસના ધારાસભ્યોએ રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ અંગે પ્રશ્નો પૂછ્યા હતા. આ પ્રશ્નના જવાબમાં રાજ્ય સરકારે એસ.ટીની આવક અને ખોટનો હિસાબ રજૂ કર્યો હતો. જેમાં રાજ્ય સરકારે એસ.ટી.નિગમને રૂ.૧ કરોડ ૩ લાખ ચૂકવવાના બાકી છે અને ખાનગી એજન્સીઓને ભાડે લીધેલી બસો માટે વર્ષ ૨૦૧૯માં રૂ.૬૦ કરોડ ચૂકવ્યા હોવાનો ખુલાસો થયો છે. જ્યારે રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ. ૨,૩૧૭ કરોડની આવક સામે રૂ.૮૬૬ કરોડની ખોટ થઈ છે. વર્ષ ૨૦૧૮-૧૯માં રૂ. ૨,૫૪૦ કરોડની આવક સામે રૂ.૧૦૧૭ કરોડની ખોટ નોંધાવી છે. જ્યારે વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ. ૨,૨૪૯ કરોડની આવક સામે રૂ. ૭૪૮ કરોડની ખોટ થઈ છે.

છેલ્લા ૨ વર્ષમાં રાજ્ય સરકારે સરકારી કાર્યક્રમો માટે એસ.ટી. બસો ભાડે લેવા અંગે રાજ્ય સરકારે જણાવ્યું કે, વર્ષ ૨૦૧૮માં રૂ. ૬૫.૨૧ લાખના ભાડા સામે રૂ. ૪૬.૨૧ લાખ સરકારે ચૂકવ્યા છે. આમ વર્ષ ૨૦૧૮ના ભાડા પેટે રૂ. ૧૯ લાખની ચુકવણી બાકી છે. જ્યારે વર્ષ ૨૦૧૯માં રૂ. ૧.૯૫ કરોડના ભાડા સામે રૂ. ૧.૧૧ કરોડ સરકારે ચૂકવ્યા છે. આમ વર્ષ ૨૦૧૯ના ભાડા પેટે રૂ. ૮૪ લાખ ચૂકવવાના હજુ બાકી છે. આમ સરકારે એસ.ટી. વિભાગને કુલ રૂ. ૧ કરોડ ૩ લાખ ચૂકવવાના બાકી છે.

જ્યારે ખાનગી એજન્સીઓ પાસેથી ભાડે બસ લેવા અંગે રાજ્ય સરકારે જણાવ્યું કે, છેલ્લા ૨ વર્ષમાં જીએસઆરટીસીએ ખાનગી એજન્સીઓ પાસેથી વોલ્વો અને એસી બસો ભાડે લીધી છે. વર્ષ ૨૦૧૮માં આ બસો માટે એજન્સીઓને રૂ.૧૯ કરોડનું ભાડું ચૂકવ્યું છે. વર્ષ ૨૦૧૯માં આ બસો માટે એજન્સીઓને રૂ.૬૦ કરોડનું ભાડું ચૂકવવામાં આવ્યું છે. વોલ્વો એસી બસો માટે સરકારે એજન્સીઓને પ્રતિ કિમી રૂ. ૧૬થી રૂ. ૨૩ ભાડું ચૂકવે છે.

અશ્લીલ વીડિયો બતાવી હવસખોર સ્કૂલ વાનચાલકે વિદ્યાર્થીનીઓ સાથે અડપલા કર્યા

નડીયાદ

નડિયાદના ડભાણ ગામની શાળામાં ધો.૫માં અભ્યાસ કરતી બે બાળકીઓ સાથે સ્કુલ વાન ચાલકે અડપલા કરવાનો પ્રયાસ કરતા ચકચાર મચી છે. સંત ઉર્સુલા સ્કુલના ધો.૫ની આ વિદ્યાર્થીનીઓ શાળાએથી છુટી ત્યાર બાદ સ્કુલ વાન ચાલકે બાળકીઓને ચોકલેટ આપવાની લાલચ આપી પોતાની વાનમાં બેસાડી હતી. જ્યા આ હવસખોરે બાળકીઓ સામે અશ્લીલ વીડિયો ચાલુ કરી તેમની સાથે અડપલા કરવાનું શરૂ કરી દીધુ હતુ. જોકે ડરી ગયેલી બાળકીઓએ ઘરે આવી પોતાના પરિવાજનોને સમગ્ર ઘટના અંગે જાણ કરતા સમગ્ર મામલો પોલીસ મથક સુધી પહોચ્યો હતો. પોલીસે હાલ આરોપીની ધરપકડ કરી લીધી છે.

પરંતુ પોલીસ દ્વારા આરોપીની સામે માત્ર નામ પૂરતી કાયર્વાહી કરવામાં આવતી હોઇ પોલીસ કાયર્વાહીથી અસંતુષ્ઠ પરીવારજનોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. તેમજ આરોપીને જામીન ન મળે તે માટે રજૂઆત કરી હતી. જો આરોપીને જામીન મળી ગયા તો પછી સામાન્ય જનતા તેની રીતે ન્યાય કરશે તેવી ચીમકી સ્થાનિકો દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

આ ઘટના પોલીસ પાસે આવતા જ ગણતરીના કલાકોમાં આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. જેના બે દિવસના રીમાન્ડ પણ મેળવ્યા હતા. જે બાદ આરોપીને પોલીસે કસ્ટડીમાં મોકલી આપેલ છે. આરોપી સામે જઘન્ય ગુનો હોય પોસ્કોની કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

૩૭ કિ.મી. લાંબી ભવ્ય 'ઉમિયાયાત્રા'માં હજારો ભક્તો જોડાયા

વિશ્વના સૌથી ઊંચા ઉમિયા મંદિરનો આજે શિલાન્યાસ યોજાશે

અમદાવાદ

અમદાવાદના જાસપુર ખાતે તારીખ ૨૮-૨૯ ફેબ્રુઆરીએ વિશ્વના સૌથી ઊંચા અને ભવ્ય મંદિરનો શિલાન્યાસ કરવામાં આવશે. ત્યારે જગત જનની મા ઉમિયાની ભવ્ય ઉમિયાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ભવ્યાતિભવ્ય ઉમિયાયાત્રામાં ૧૫ હજાર બાઈકસવાર, ૩૦૦ કારચાલકો જોડાયા હતા. તો ૩૭ કિ.મી. લાબી આ યાત્રામાં હજારોની સંખ્યામાં ભક્તો જોડાયા હતા.

અમદાવાદના ઘાટલોડિયાના પાટીદાર ચોકથી ૩૭ કિમી લાંબી ઉમિયાયાત્રાનો પ્રારંભ થયો હતો. પાટીદાર ચોકથી યાત્રા વંદેમાતરમ રોડ, ન્યૂ રાણીપ થઈ નિર્ણયનગર, પ્રભાત ચોક, રન્નાપાર્કથી સતાધારથી સુરધારા સર્કલ અને સુરધારા સર્કલથી ગુલાબ ટાવર, સાયન્સ સિટીથી ભાડજ સર્કલ સુધી અને ત્યાંથી વિશ્વ ઉમિયાધામ, જાસપુર ખાતે જશે. બાઈક-કાર રેલીમાં લગભગ ૧૫૦૦થી વધુ બાઈક, ૩૦૦થી વધુ કાર, ૧૫ ટ્રેક્ટર, ૧૬ આઈશર જોડાઈ છે. આ યાત્રામાં લગભગ ૧૦ હજારથી વધુ મા ઉમિયાના ભક્તો જોડાશે.

૨૮-૨૯ ફેબ્રુઆરી એમ ૨ દિવના કાર્યક્રમમાં ૪૩૧ ફૂટ ઊંચા અને ભવ્ય મંદિરનો શિલાન્યાસ કરવામાં આવશે. ૫૨ ફૂટ ઊંચા સ્થાનક પર મા ઉમિયા બિરાજશે. તો આ કાર્યક્રમમાં મેયર અને ડે.સીએમ પણ હાજર રહેશે. ૪૩૧ ફૂટ ઉંચા મંદિરનું ૧૦૦ વીઘા જમીનમાં એક હજાર કરોડના ખર્ચે નિર્માણ કરવામાં આવશે. બે દિવસના આ સમારોહમાં રાજ્ય અને વિશ્વમાંથી ઉમિયા માતાના ૨ લાખ ભક્તો ઉમટી પડશે.

પુત્રની દારૂ પીવાની ટેવથી કંટાળી પિતાએ માથામાં પાવડો મારી હત્યા કરી

ઉપલેટા

ઉપલેટા તાલુકાના લાઠ ગામમાં રહેતા સંજય મગનભાઇ મારવાણીયા (ઉ.વ.૪૪)ને તેના જ પિતા મગનભાઇ જાદવભાઇએ ખેતરમાં માથામાં પાવડો મારી હત્યા કરી હતી. ઘટના બાદ મગનભાઇ સ્થળ પર હાજર રહ્યા હતા અને ઉપલેટા પોલીસે તેની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં સંજય દારૂ પીવાની ટેવ ધરાવતો હોય અને કામ કરતો ન હોવાથી પિતાએ પુત્રની હત્યા કરી હોવાનું ખુલ્યું છે.

પિતા-પુત્ર વચ્ચે અવારનવાર ઝઘડો થતો હતો. આ બનાવ પાટણવાવ પોલીસ સ્ટેશન હેઠળ આવતો હોય પરંતુ પીએસઆઈ રજા પર રજા પર હોવાથી ઉપલેટા ઈન્ચાર્જ પીઆઈ કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને સંજયના મૃતદેહને પીએમ માટે ઉપલેટા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો.

સંજય દારૂ પીવાની ટેવ ધરાવતો હોય અને કામ કરતો ન હોવાથી ૧૭ વર્ષ પહેલાઘર છોડીને જતો રહ્યો હતો. તેમજ તેની પત્ની એકના એક પુત્ર સાથે પતિથી કંટાળી ઘર છોડીને જતી રહી હતી. પુત્ર ઉપલેટા રહેતા કાકા કૌશિકભાઇના ઘરે રહીને અભ્યાસ કરે છે. સંજય મહારાષ્ટ્ર બાજુ એકલો રખડતો હતો. ઘણા સમય બાદ ઘરે આવ્યો હતો. ત્યારે પિતા ખેતરમાં વહેલી સવારે ચાર વાગ્યે પાણી વાળી રહ્યા હતા ત્યાં આવી ચડ્યો હતો. સંજયે પિતા પાસે રૂપિયા માગતા તેઓ ઉશ્કેરાયા હતા અને બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઇ હતી. બાદમાં પાવડો લઇ પિતાએ સંજયના માથા પર મારી દીધો હતો અને ઘટનાસ્થળે જ તેનું મોત નીપજયું હતું.

સીએનજી કારમાં અચાનક આગ ફાટી નીકળતા એકનું મોત નીપજ્યું

અરવલ્લી

અરવલ્લીથી હચમચાવે એવી એક ઘટના સામે આવી છે. માહિતી મુજબ અરવલ્લીના શામળાજીમાં કારમાં અચાનક ભયંકર આગ ભભૂકી છે. કારમાં અચાનક આગ લાગતા એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. ખોડમ્બા પાસે સીએનજી કારમાં આગ લાગી હોવાના સમાચાર છે.

મળતી માહિતી મુજબ અરવલ્લીના શામળાજીમાં ખોડમ્બા પાસે એક સીએનજી કારમાં અચાનક ભયંકર આગી ભભૂકી ઉઠી હતી. આ દુર્ઘટનામાં અઢેરા સેવા સહકારી મંડળીના સેક્રેટરી ગણપત પટેલ ભડથું થયા છે. માહિતી મુજબ ઘટનાની જાણ થતા ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી ત્વરિત કાર્યવાહી હાથ ધરી આગ પર કાબૂ મેળવ્યો છે. આગમાં ગણપત પટેલ સાથે અન્ય એક વ્યક્તિ પણ હતા જેમણે બચાવી લેવામાં આવ્યા છે. પરંતુ ગણપત પટેલનું આગની ચપેટમાં આવવાના કારણે મોત થયું છે. ફાયરની એક ગાડી ઘટના સ્થળે પહોંચી અને આગ પર કાબૂ મેળવ્યો છે.

એનિમલ લાઈફ કેર ટીમે કુવામાંથી ૪ ફૂટ લાંબા અજગરનો જીવ બચાવ્યો

અમદાવાદ

સાણંદ નળસરોવર રોડ પાસેથી એનિમલ લાઈફ કેર ટીમે એક પચાસ ફૂટ ઉંડા કુવામાંથી મહાકાય અજગરનો જીવ બચાવ્યો હતો. ૪ ફૂટ લાંબો અજગર કૂવામાં હોવાની જાણ થતા સ્થાનિકોએ એનિમલ લાઈફ કેર ટીમના રણજીતસિંહ સોલંકીને ફોન કરી તેમની મદદ માંગી હતી. જાણ થતા જ એક ટીમ અજગરને બચાવવા ઉપડી પડી હતી. ટીમ દ્વારા કુવામાંથી અજગરનું રેસ્ક્યુ કરી તેનો જીવ બચાવી લેવામાં આવ્યો તથા વધુ સારવાર માટે એનિમલ લાઈફ કેર ટીમ ફોરેસ્ટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

ઘણાં વર્ષોથી સાપ બચાવવાનું કામ કરી રહ્યા વિજય ડાભીનું કહેવું છે કે, અજગર બિનઝેરી હોય છે તેના કરડવાથી કયારે પણ માણસ મરતો નથી તથા કયારે પણ અજગર માણસને ગળી જવાનો કિસ્સો અમદાવાદ તથા આજુ બાજુ ગામડામાં જોવામાં આવ્યો નથી. ક્યારે પણ અજગર જોવા મળે તો તેને મારવો જોઈએ નહીં કેમકે અજગરની પ્રજાતિ નરી આંખે ખૂબ જ ઓછી જોવા મળે છે. તેને ક્યારેય મારશો નહીં હેલ્પ લાઈનનો સપર્ક કરવો જોઈએ.

સરકારે સીએમ અને રાજ્યપાલના હેલિકોપ્ટર-પ્લેન પાછળનો ખર્ચ જાહેર કર્યો

ગાંધીનગર

રાજ્યના મુખ્યપ્રધાન વિજય રૂપાણી એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે અમુક સમયે હેલિકોપ્ટરનો ઉપયોગ કરતા હોય છે. જ્યારે રાજ્ય સરકાર પાસે હેલિકોપ્ટર અને પ્લેન સરકારના માલિકીના છે, ત્યારે રાજ્ય સરકાર અને હેલિકોપ્ટર મેન્ટેનન્સ સ્ટાફ માટે વર્ષ ૨૦૧૯માં કુલ ૩,૫૯,૯૨,૩૧૦ કરોડનો ખર્ચ કર્યો હોવાનું વિધાનસભાની પ્રશ્નોતરીમાં બહાર આવ્યું છે. સીએમ વિજય રૂપાણી અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દિવ્ય કાર્ય માટે અમુક કિલોમીટરથી વધુ કિલોમીટરના અંતરે જવું હોય, ત્યારે તેઓ હેલિકોપ્ટરનો ઉપયોગ કરતા હોય છે. આ સાથે જ ખાસ ટ્રેનનો પણ ઉપયોગ કરતા હોય છે. એમની પાછળ પણ મેન્ટેનન્સ પાયલોટ અને અન્ય સ્ટાફ માટે રાજ્ય સરકાર કરોડો રૂપિયાનો ધુમાડો કરતી હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત રાજ્ય સરકારની માલિકીના પ્લેનનું મેન્ટેનન્સ ઈન્ડિયા એન્જિનિયરિંગ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા અને હેલિકોપ્ટરનું મેન્ટેનન્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા અમદાવાદ ખાતે કરવામાં આવતું હોવાનું પણ રાજ્ય સરકારે પ્રશ્નોત્તરીમાં જાહેર કર્યું હતું.

ઉનાળાનું અમૃત ગણાતી ગલેલીનું નર્મદામાં વેચાણ શરૂ થતા શહેરીજનોમાં ભારે માંગ: ભાવ બમણા



સુરત,વડોદરા સહિતના શહેરો માંથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિતના ના સ્થળો પર આવતા પ્રવાસીઓની માંગ વધતા ભાવ બમણા

રાજપીપળા : ઉનાળામાં સ્વાથ્ય માટે ગુણકારી ગણાતી ગલે લી (તાડફોડી) નર્મદા જિલ્લામાં વધુ થતી હોવાથી અગાઉના વર્ષોમાં એ મફતની કિંમતે એટલેકે ચાલીસ થી પચાસ રૂપિયે કિલોના ભાવે વેચાતી હતી અને હાઈવે માર્ગ પર લોકો ઢગલા લઈ વેચાણ કરતા હતા ત્યારે હાલ ઉનાળામાં આ ગલેલી બમણા ભાવે મળતા સ્થાનિક લોકો માટે માટે એ ખાવી મોંઘી થઈ છે. સુરત,વડોદરા જેવા મોટા શહેરોમાંથી સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા સ્થળો પર પ્રવાસે આવતા પ્રવસીઓની સંખ્યા વધતા અને એ તરફ ના લોકો માટે આ ફળ ખુબ મનપસંદ હોવાથી ગમે તે ભાવે શહેરના લોકો એને ખરીદી કરતા હોય જેથી અગાઉ કરતા હાલ ગલેલીના ભાવ બમણા થતા સ્થાનિકો ની આવક જરૂર વધી છે પરંતુ નર્મદા વાસીઓ માટે એ જરૂર મોંઘી પડી રહી છે.

ડૉ. નેહલ શાહને મેડિસીન વિદ્યાશાખામાં ગોલ્ડ મેડલ

સુરત

સુરતમાં રહેતા ડો. નેહલ શાહને મેડિસીન વિદ્યાશાખામાં એમ. એસ. (જનરલ સર્જરી)માં સૌથી વધુ ગુણાંક મેળવવા બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે ગોલ્ડ મેડલ મળ્યો હતો. હાલ ડો. નેહલ મુંબઈની કે.ઈ.એમ. મેડિકલ કોલેજમાં પીડિયાટ્રીક સર્જરીનો અભ્યાસ કરી રહ્યા છે. ગોલ્ડ મેડલ પ્રાપ્ત થવા બદલ આનંદ વ્યક્ત કરતાં ડો. નેહલ શાહે જણાવ્યું હતું કે, એમ. એસ. (જનરલ સર્જરી)નો અભ્યાસ ખૂબ પરિશ્રમ માંગી લે છે. મારા માતાપિતાના સહકાર અને પ્રેરણાથી એમ.બી.બી.એસ. પૂર્ણ કર્યા બાદ એમ. એસ. (જનરલ સર્જરી)માં સુરત મેડિકલ કોલેજમાં એડમિશન મેળવ્યું હતું. સખ્ત મહેનત અને લગનથી અભ્યાસ કરવાથી આજે એમ. એસ. (જનરલ સર્જરી)ની ડિગ્રી ગોલ્ડ મેડલ સાથે મેળવી છે. ડો. નેહલે પોતાની સફળતાનો સંપૂર્ણ શ્રેય પોતાના માતાપિતાને આપ્યો હતો.

એનાલિસિસ વિશે મહત્વનું સેશન

પરદેશમાં ટેકસન ભરતી વ્યક્તિને ડીમ્ડ રેસીડેન્ટ ગણી ટેક્સ વસુલાશે

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ધી સુરત બ્રાન્ચ ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા રિજનલ કાઉન્સીલ ઓફ ધી ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયાના સંયુકત ઉપક્રમે મંગળવારે, ૨૫મી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સાંજે ૫:૩૦ કલાકે મજુરાગેટ સ્થિત શ્રી દયાળજી અનાવિલ કેળવણી મંડળના હોલમાં 'યુનિયન બજેટ ૨૦૨૦નું એનાલિસિસ' વિશે સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા, નવી દિલ્હીના સીએ ડો. ગિરીશ આહુજાએ ઈન્ડસ્ટ્રીના લોકો તથા પ્રોફેશનલ્સ સમક્ષ યુનિયન બજેટ ૨૦૨૦ વિશે ખૂબ જ સરળ ભાષામાં પોતાના મંતવ્યો રજૂ કરી મહત્વની બાબતો વિશે માહિતી આપી હતી.

ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઈએ આ સેશનમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધન કર્યુ હતુ. ધી ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયાના સેન્ટ્રલ કાઉન્સીલ મેમ્બર સીએ જય છૈરાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

ડો. ગિરીશ આહુજાએ પોતાના વકતવ્યમાં વ્યકિતગત નવા ટેક્ષ સ્લેબના લાભાલાભની સમજણ આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે, ભારતમાંથી બિઝનેસ અને પ્રોફેશન કન્ટ્રોલ કરતા હોય તો એવા બિઝનેસમેન અને સેવા આપનારને ભારતમાં ટેક્ષ ભરવો જ પડે. અન્ય કોઇ પરદેશમાં ટેક્ષ ન લાગતો હોય તેવી નોન રેસીડેન્ટ વ્યકિતને ડીમ્ડ રેસીડેન્ટ ગણી હવે ટેક્ષ વસૂલ કરવામાં આવશે. રેસીડેન્ટ અને ઓર્ડીનરી રેસીડેન્ટને ફોરેન એસેટની વિગત આપવી પડે છે. નોન રેસીડેન્ટને આ વિગત આપવાની જરૂર નથી.

તેમણે ચેરીટેબલ ટ્રસ્ટ વિશે મહત્વની સમજણ આપતા જણાવ્યુ હતુ કે, હવે ચેરીટેબલ ટ્રસ્ટોએ ફેશ રજિસ્ટ્રેશન માટે અરજી કરવાની રહેશે. દર પાંચ વર્ષે ટ્રસ્ટોએ રજિસ્ટ્રેશન માટે અરજી કરી યુનિક આઇડી મેળવવાનો રહેશે. ૩૧ ઓગષ્ટ ૨૦૨૦ સુધીમાં અરજી કર્યા બાદ ચેરીટેબલ ટ્રસ્ટોને રજિસ્ટ્રેશન મળી જશે. ત્યારબાદ જો અરજી કરવામાં આવશે તો ટ્રસ્ટોએ બધી વિગત આપવાની રહેશે. તેમણે વધુમાં કહયુ કે પહેલાં ૧૦ (૨૩ સી) અને ૧૨ એએ સર્ટિફિકેટ મળતા હતા પણ હવે કોઇપણ એક જ સર્ટિફિકેટ મળશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે ૮૦જી હેઠળના ડોનેશન માટે ઓનલાઈન સ્ટેટમેન્ટ ફાઇલ કરવાનુ રહેશે. જેમાં ડોનરનું નામ, સરનામુ અને સમય સહિતની વિગત અપલોડ કરવાની રહેશે. જૂના ૮૦જીને દર પાંચ વર્ષે રિન્યુ કરવાનુ રહેશે. પહેલા ઉચ્ચ પગારધોરણવાળી વ્યકિતને પગારના ૧૨ ટકાની લિમિટ સુધી માલિક દ્વારા ચૂકવતા પીએફ કે અન્ય રિટાયર્મેન્ટ બેનીફીટ પર ટેક્ષ લાગતો ન હતો પણ હવે મહત્તમ રૂપિયા ૭.૫૦ લાખની ઉપર ટેક્ષ લાગશે અને તેના વ્યાજ પર પણ ટેક્ષ લાગશે.

ડો. આહુજાએ વધુમાં જણાવ્યુ હતુ કે, ભારતમાંથી જો કોઇ શિક્ષણાર્થે કે એલઆરએસ સ્કીમ હેઠળ અઢી લાખ ડોલર બહાર મોકલશે તો તેને ૫ ટકા ટીસીએસ ભરવાનો રહેશે. આમાં સરકારે સુધારો કરવાની જરૂર છે. આ ઉપરાંત રૂપિયા ૧૦ કરોડનું વાર્ષિક ટર્નઓવર ધરાવનાર ઉદ્યોગપતિ તેમજ વેપારીઓને વર્ષ દરમિયાન બાયર્સ પાસેથી રૂપિયા ૫૦ લાખ મળતા હોય તો ૧ ટકા ટીસીએસ ભરવો પડશે. ઇ-કોમર્સ ઓપરેટરને ગુડ્ઝના સપ્લાય ઉપર ૧ ટકા ટીડીએસ આપવાનો રહેશે. ઇ-એસેસમેન્ટ બાદ હવે ઇ-અપીલ આવી જશે. તેમણે વિવાદ સે વિશ્વાસ સ્કીમનો લાભ લેવાનો અનુરોધ કર્યો હતો. સરકાર ફરીથી આ સ્કીમ અમલમાં લાવશે નહીં. આથી વ્યાજ અને પેનલ્ટી માફ કરીને ટેક્ષની ૩૦ ટકા રકમ ભરીને કેસ દફતરે કરવાનો લાભ લઇ શકાય છે. સર્ચવાળા કેસોમાં પણ હવે લાભની જોગવાઇ છે. ડિપાર્ટમેન્ટ સામે કેસ જીતી જવાય તો ૧૫ ટકા રકમ ભરીને કેસનો નિકાલ કરી શકાય છે. ચેમ્બરની ટેક્ષેશન એન્ડ ઇકોનોમિક અફેર્સ કમિટીના કો-ચેરમેન શ્રી પ્રજ્ઞેશ જગાશેઠે આખા સેશનનું સંચાલન કર્યુ હતુ. સેશનમાં વકતાશ્રીએ સર્વેના સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. સેશનના અંતે ધી સુરત બ્રાન્ચ ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા રિજનલ કાઉન્સીલ ઓફ ધી ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયાના ચેરમેન સીએ મિહીર ઠકકરે સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.

ભરૂચ જિલ્લા કિસાન સેલ અધ્યક્ષ તરીકે યાકુબ ગુરજીની નિમણુંક

પ્રદેશ કિસાન સેલમાં માવસંગ પરમારની વરણી

અંકલેશ્વર

પ્રદેશ કિશાન સેલ ના વાઈસ ચેરમેન અને ભરૂચ જીલ્લા કિશાન સેલના ચેરમેન ની નિમણુંક થી ભરૂચ જીલ્લાના ખેડુતો અને કોંગ્રેસ કાર્યકરો અને આગેવાનોમાં ખુસી અને ઉત્સાહ ની લહેર પ્રસરી ઉઠી.

ખેડુત હિતરક્ષક દળ ના પ્રમુખ તરીકે ખેડુતોના પ્રશ્નો ને વાચા આપી સફળતા પૂર્વક નિરાકરણ નો સ્ત્રોત બનનાર માવસંગ પરમારની પ્રદેશ કોંગ્રેસ સમિતિના કિશાન સેલના વાઈસ ચેરમેન ની નિમણુંક કરવામાં આવી જ્યારે યાકુબ ગુરજી ને ભરૂચ જિલ્લાના કિસાન સેલના ચેરમેન પદે નિયુક્ત કરવામાં આવતા જીલ્લાના કોંગ્રેસ આગેવાનો, કાર્યકરો તેમજ ખેડુતો મા અનુઠો ઉત્સાહ વ્યાપી ઉઠ્યો છે સોસ્યલ મિડિયા માં જોવા મળ્યો.

ખેડુત સંગઠનના માધ્યમથી છેલ્લા સાત વર્ષ થી ખેડુતો ના વિવિધ પ્રશ્નો જેમકે ૪૪ ગામોની PCPIRDA ની નગર રચનાઓ વિરૂધ્ધ ખુબ જ સંયમ અને સમજદારી થી આંદોલન ચલાવી આજ સુધી સરકાર ને ખેડુતોની જમીનો ૩૫ ટકા મફતમાં લેવાથી રોકી રાખી ખેડુતોનો વિશ્વાસ સંપાદન કર્યો તેમજ વાગરા તાલુકાના ૧૯ ગામોની GIDC દ્વારા નાખવામાં આવતી પાણીની પાઈપ લાઈનમાં ખેડુતોને પાક નુકશાનીનુ પાંચ વર્ષ નું વળતર અપાવી એક ઐતિહાસિક નિર્ણય સરકારમાંથી કરાવી પરિણામ લક્ષી આંદોલન કરનારા ખેડુત સંગઠન ની છાપ જીલ્લામાં ઉભી કરનાર માવસંગ પરમાર, યાકુબ ગુરુજીની દિલ્હી કોંગ્રેસ દ્વારા કિસાન સેલમાં નિમણુંક આપી જેને જીલ્લામાં ખુબ આવકાર મળે તે સ્વાભાવિક છે.

જિલ્લામાં પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમા ફેકસ/ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર પ્રતિબંધ

સૂરત

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આગામી માર્ચ મહિના દરમિયાન ધો.૧૦ અને ધો.૧૨ સામાન્ય- વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાઓ યોજાનાર છે. જેથી જિલ્લામાં શાંતિ અને સલામતી જળવાઈ રહે, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બરકરાર રહે તેમજ મુકત વાતાવરણમાં પરીક્ષાઓ યોજાય તેવા આશયથી સુરત જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એસ. ડી. વસાવાએ એક જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે.

જાહેરનામા અનુસાર તા.૫/૩/૨૦૨૦ થી તા.૨૧/૩/૨૦૨૦ સુધી સુરત ગ્રામ્યના સમગ્ર વિસ્તારમાં આવેલા બારડોલીની યુ. કે. આર. કે.વિદ્યાલય તેન ઝોન કચેરી તથા અન્ય ૯૮ જેટલા પરીક્ષા કેન્દ્રોની આજુ બાજુના ૨૦૦ મીટરના ઘેરાવામાં કોઈ પણ વ્યકિતએ હથિયાર, મોબાઈલ લઈ જવા ઉપર કે લાઉડ સ્પીકર વગાડવા કે અવાજ મોટો કરવાનું કોઈ યંત્ર વગાડવા પર તથા ઝેરોક્ષ/ફેકસ સેન્ટરો ચાલુ રાખવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. નોધનીય છે કે, ફરજ પરના વ્યકિતઓને આ હુકમ લાગું પડશે નહિ. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે

મણિનગરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજનો ૭૬મો ભવ્ય પાટોત્સવ

ઉત્સવમાં તિથિ, તારીખ અને મહિનાનો સુયોગ સુમેળ

સુરત

ભૂમંડળ સ્થિત તીર્થોત્તમ ધામ શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરમાં બિરાજમાન ઉપાસ્ય ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન — શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી સહજાનંદ સ્વામી મહારાજ, પ્રાતઃ સ્મરણીય જીવનપ્રાણ અબજીબાપાશ્રી, સાર્વભૌમ નાદવંશ ગુરુ પરંપરા અને શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર શ્રી મુક્તજીવન સ્વામીબાપા આદિ સર્વોપરી મૂર્તિઓનો ષોડશોપચાર તથા રાજોપચારથી પાટોત્સવ વિધિ શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજે કર્યો હતો. શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા નાના હરિકૃષ્ણ મહારાજનો શુદ્ધોદક, કેસર જળ, દૂધ, શર્કરા, મધ, ઘૃત, અત્તર આદિથી પંચામૃત અભિષેક કરવામાં આવ્યો હતો. સમગ્ર વર્ષ દરમ્યાન એક જ વાર થતાં દિવ્ય દર્શન માટે દેશ વિદેશના હજજારો સંતો — હરિભક્તોએ અપલક નયને દર્શનનું પીયૂષપાન કર્યું હતું. સંતો- હરિભક્તો પંચામૃતની દુર્લભ પ્રસાદી પામીને બડભાગી બન્યા હતા. વળી, સ્વામિનારાયણબાપા સ્વામીબાપા સન્મુખ ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોસ્ય આ ચારે પ્રકારની અનેકવિધ વાનગીઓ — પકવાન, ફરસાણ વગેરેનો વિશાળ અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. સંવત ૨૦૦૦ ફાગણ સુદ - ૩, તારીખ ૨૬-૨-૧૯૪૪ ને શનિવારના ધન્યતમ પાવનકારી દિને શ્રી સ્વામિનારાયણ ભગવાન — શ્રી ઘનશ્યામ મહારાજ આદિ સર્વોપરી મૂર્તિઓની પ્રતિષ્ઠા થઇ હતી. તેને આ વર્ષે ૭૬ વર્ષ પૂર્ણ થતાં હજજારો સંતો — ભક્તો ઉલ્લાસભેર દર્શનાર્થે ઉમટ્યા હતા અને અણમોલો — અવિસ્મરણીય લ્હાવો માણ્યો હતો. આ પાવનકારી અવસરે અધિક જીલ્લા કલેક્ટર શ્રી હર્ષદભાઈ વોરા પધાર્યા હતા.

વિશ્વનું એક ને માત્ર એક જ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને અબજીબાપાશ્રીના સર્વોપરી સિદ્ધાંતોને સમજાવતું તેમજ આત્યંતિક કલ્યાણ પમાડનારું ભૂમંડળ સ્થિત તીર્થોત્તમ શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરના દર્શનાર્થે અનેક મોક્ષાભિલાષી મુમુક્ષુઓ આવે છે અને મોક્ષ વાંછિત ફળને પામે છે.

કાલથી ચેમ્બર દ્વારા મેગા બીલ્ડ એક્ષ્પો-૨૦૨૦ પ્રદર્શનનું આયોજન

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા તા. ૨૮ ફેબ્રુઆરીથી ૨ માર્ચ ૨૦૨૦ દરમિયાન ચાર દિવસ માટે સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'મેગા બીલ્ડ એક્ષ્પો— ૨૦૨૦' પ્રદર્શનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. ચેમ્બર દ્વારા સુરત હાર્ડવેર એન્ડ બિલ્ડીગ મટીરિયલ મર્ચન્ટ એસોસિએશન, સુરત સિરામીક એસોસિએશન, ધી સુરત આયર્ન એન્ડ સ્ટીલ મર્ચન્ટ એસોસિએશન, સુરત પેન્ટ્સ મર્ચન્ટ એસોસિએશન, સુરત મશીન ટૂલ્સ હાર્ડવેર એન્ડ વેલ્ડીંગ મર્ચન્ટ્સ એસોસિએશન, સુરત ઈલેકટ્રીકલ મર્ચન્ટ્સ એસોસિએશન અને સુરત ફર્નીચર એસોસિએશનની સાથે મળીને 'મેગા બીલ્ડ એક્ષ્પો— ૨૦૨૦' પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યુ છે.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઈએ 'મેગા બીલ્ડ એક્ષ્પો— ૨૦૨૦' અંગે પત્રકારોને માહિતી આપતા જણાવ્યુ હતુ કે, દક્ષિણ ગુજરાતના વ્યાપાર અને ઉદ્યોગના વિકાસ માટે સતત પ્રયત્નશીલ એવી સંસ્થા ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં કન્સ્ટ્રકશન ઈન્ડસ્ટ્રીઝમાં હાલની માર્કેટ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બિલ્ડીગ મટીરિયલ્સ પ્રોડકટને બુસ્ટઅપ કરવા માટે પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યુ છે. આ પ્રદર્શનને કારણે ગ્રાહકોને પ્રોડકટની ડિટેલ આસાનીથી મળી રહેશે.

સુરતમાં વસતિ વધારાને સમાવવા માટે નવા ઈન્ફાસ્ટ્રકચરની જરૂરિયાત પડવાની હોવાથી નવા ટાઉન પ્લાનીગ મંજૂર કરવામાં આવ્યા છે. સુરત મહાનગરપાલિકાએ ૬૬ જેટલી નવી ડ્રાફટ ટીપી સ્કીમો તૈયાર કરી છે અને રાજય સરકાર પાસેથી મંજૂરી મેળવવા માટે આગળ ધપાવી છે. સુરત, વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતા શહેરોની યાદીમાં સમાવિષ્ટ છે અને દક્ષિણ ગુજરાત પણ ગુજરાત રાજયમાં માથાદીઠ આવકમાં મોખરે હોવાથી લોકોની ખરીદશકિત પણ વધારે છે. દક્ષિણ ગુજરાતના શહેરોમાં મોડર્ન કન્સ્ટ્રકશન સિસ્ટમને સ્વીકારવામાં આવી છે ત્યારે રીયલ એસ્ટેટને નવી ઉંચાઈએ પહોંચાડવા માટે આ પ્રદર્શન ખૂબ જ મહત્વનું બની રહેશે.

ચેમ્બરના એકઝીબીશન સેલના હેડ શ્રી દેવેશ પટેલે જણાવ્યુ હતુ કે, સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ૯૦ હજાર સ્કવેર ફૂટ એરીયામાં મેગા બીલ્ડ એક્ષ્પો પ્રદર્શન યોજાશે. જેમાં ફર્નીચર એન્ડ સ્ટીલ સેગ્મેન્ટ, ફર્નીચર એન્ડ ફર્નીશીગ સેગ્મેન્ટ, હાર્ડવેર સેગ્મેન્ટ, સિરામીક સેગ્મેન્ટ, પેન્ટ સેગ્મેન્ટ, ઈલેકટ્રીકલ સેગ્મેન્ટ અને મશીન ટૂલ્સ સેગ્મેન્ટને આવરી લેવામાં આવ્યા છે.

આ પ્રદર્શનમાં સુરત ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ, વલસાડ, સેલવાસ, જામનગર, હિમ્મતનગર, મોરબી, કચ્છ, મુંબઈ, ઠાણે, હરીયાણા અને ગુડગાવથી કુલ મળીને ૧૪૦ જેટલા એકઝીબીટર્સે ભાગ લીધો છે. ગુજરાત અને મહારાષ્ટ્ર ઉપરાંત દેશના અન્ય રાજયોમાંથી ખૂબ જ મોટી સંખ્યામાં બાયર્સ આ પ્રદર્શનની મુલાકાત લેશે. 'મેગા બીલ્ડ એક્ષ્પો પ્રદર્શન'ના ચેરમેન શ્રી હિરેન શાહે જણાવ્યુ હતુ કે, રીયલ એસ્ટેટ ઈન્ડસ્ટ્રી સંબંધિત નવી પ્રોડકટ એનર્જી અને કોસ્ટ ઈફેકટીવ હશે. આર્કીટેકટ, ઈન્ટીરીયર ડિઝાઈનર અને જાહેર જનતા સુધી નવી પ્રોડકટ અને તેની પ્રાઈઝ રેટની અવેરનેસ પહોંચાડવા માટે આ પ્રયાસ કરવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય કક્ષાના આ પ્રદર્શનમાં ચાર દિવસ દરમિયાન રીયલ એસ્ટેટ સંબંધિત વિવિધ કોન્ફરન્સ અને સેમિનારો યોજાશે. વિવિધ સેગ્મેન્ટમાં નવી ડિઝાઈન અને અદ્યતન ટેકનોલોજીનું પ્રદર્શન કરવામાં આવશે. બીટુબી મિટીંગો યોજાશે તેમજ બ્રાન્ડ પ્રમોશન માટેની તકો આપવામાં આવશે. આ પ્રદર્શનનું ઉદ્ઘાટન શુક્રવારે, તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝીસના સ્પેશિયલ સેક્રેટરી એન્ડ ડેવલપમેન્ટ કમિશનર શ્રી રામ મોહન મિશ્રા (આઈએએસ)ના હસ્તે કરવામાં આવશે. આ પ્રદર્શનમાં અતિથિ વિશેષ તરીકે હીકોકી પાવર ટૂલ્સ ઈન્ડિયા પ્રા. લિ.ના એકઝીકયુટીવ ડાયરેકટર એન્ડ સેક્રેટરી શ્રી દત્તાત્રય જોશી ઉપસ્થિત રહેશે. મેગા બીલ્ડ એક્ષ્પો પ્રદર્શનના આયોજનમાં ડાયમંડ સ્પોન્સર તરીકે શ્રીજી ગૃપ ઓફ કંપની તથા પ્લેટીનમ સ્પોન્સર તરીકે એ—વન ફાયર સેફટી સર્વિસિસ અને ઓલીવ જોડાયુ છે.

ખેડૂત માતા-પિતાની દિકરી દિક્ષીતા પટેલને ગોલ્ડ મેડલ

સુરત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં ગોલ્ડ મેડલ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓની ખુશી સમાતી નહોતી. વિદ્યાર્થીઓ સંઘર્ષમય પરિસ્થિતિમાંથી પસાર થઈને સતત પરિશ્રમ દ્વારા સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાનો અભ્યાસ કરતા હોય છે, ત્યારે ગોલ્ડ મેડલ પ્રાપ્ત થાય તો મળતો આનંદ અનેકગણો હોય છે.

આવી જ એક વિદ્યાર્થીની પટેલ દીક્ષિતાબેન પટેલે માસ્ટર ઓફ આર્ટસનો અભ્યાસ કરી ગોલ્ડ મેડલ અને પારિતોષિક પ્રાપ્ત કર્યું છે. દીક્ષિતા પારડી ગામમાં માતા પિતા સાથે રહે છે. તેમના પિતા ખેડૂત છે, જયારે માતા ઘરકામ કરે છે. આ મેડલ મેળવવા પાછળ માતા પિતા અને પ્રોફેસરોની મહેનત છે એમ કહી ઉમેર્યું કે, હું રોજ કલાકો સુધી અભ્યાસ કરતી. સોશ્યલ મીડિયા આજના સમયમા વિદ્યાર્થીઓ માટે અભ્યાસમાં અડચણરૂપ છે. સોશ્યલ મીડિયા પર યુવાનો વધારે સમય પસાર કરતા હોય છે. પરતું હું માત્ર જરૂર પૂરતું જ સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરતી હતી તેવું દીક્ષિતાબેનએ જણાવ્યું હતું. મેં વલસાડ જિલ્લાના પારડીની જે.પી. આર્ટસ ર કોમર્સ કોલેજમાંથી એમ.એ. નો અભ્યાસ કર્યો છે. મને ઈતિહાસમાં ખુબ જ રૂચિ હોવાથી આ વિષયમાં તેને સૌથી વધારે માર્ક પ્રાપ્ત કર્યા છે. વધુમાં તેમણે કહ્યું કે, ભારત જેવા દેશમાં દીકરીઓને ભણવા માટે ઓછુ પ્રાધાન્ય આપવામાં આવે છે, પરંતુ મારા પિતા સામાન્ય ખેડૂત હોવા છતાં મને સતત ભણવા માટે પ્રોત્સાહિત કરતા રહ્યા છે. પિતાએ જેવી રીતે પરિશ્રમ અને ગરીબીના દિવસો જોયા છે તેવા જ દિવસો હું ના જોઉ તેવી તેમની ઈચ્છા હતી. તેમના સહયોગ અને ભણી ગણીને આગળ વધવાની પ્રેરણાના કારણે આજે ગોલ્ડ મેડલ અને પારિતોષિક મેળવીને મારા પિતાની ઈચ્છા પૂર્ણ કરી છે.

તા.૨૯ મીએ નવસારી ખાતે સહાય યોજનાના મંજૂરી હુકમ વિતરણ કાર્યક્રમ યોજાશે

નવસારી તાલુકાના વિધાનસભાના વિસ્તારના ગામોમાંથી સમાજ સુરક્ષાના વિવિધ યોજનામાં સહાય મેળવવા માટે અરજદારશ્રીઓ દ્વારા અરજી મળેલ છે. આ સહાય યોજનાના મંજૂર થયેલી અરજીઓના હુકમ વિતરણ નવસારીના ધારાસભ્ય શ્રી પિયુષભાઇ દેસાઇના હસ્તે આંબેડકર ભવન, જિલ્લા સેવા સદનની પાછળ, કાલિયાવાડી નવસારી ખાતે તા.૨૯/૦૨/૨૦૨૦ ના રોજ ૩-૦૦ કલાકે યોજાનાર છે. તેમ નવસારી ગ્રામ્ય મામલતદાર દ્વારા યાદીમાં જણાવાયું છે.

અંકલેશ્વરના કલ્પેશ પટેલને પીએચડીની ડીગ્રી એનાયત

સુરત

વીર નર્મદ દ.ગુજરાત યુનીવર્સિટીના ૫૧મા પદવીદાન સમારોહમાં પી.એચ.ડી થયેલા ડો. કલ્પેશ પટેલને 'ઈફેક્ટીવનેસ ઓફ ક્લાસરૂમ કોમ્યુનિકેશન સ્કીલ ઈન ઈંગ્લીશ લેન્ગ્વેજ પ્રોગ્રામ ફોર પ્રિ-સર્વિસ ટીચર્સ થ્રુ ગુગલ ક્લાસ' જેવા આધુનિક વિષય પર ગહન સંશોધન કરવા બદલ 'પી.એચ.ડી. ઈન એજ્યુકેશન' ડિગ્રી એનાયત કરવામાં આવી હતી.

ભરૂચ જિલ્લાના અંકલેશ્વરના વતની ૩૫ વર્ષીય કલ્પેશભાઈએ પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે, વર્ગખંડમાં શિક્ષક માટે વિષયવસ્તુ સમજાવવી અને શૈક્ષણિક સૂચના આપવી તથા ઉત્તમ નગરિકનું ઘડતર કરવું એ મુખ્ય કાર્યો છે. તે માટે અમે એક કાર્યક્રમની રચના કરી અને ગુજરાતી માધ્યમના શિક્ષકો વિદ્યાર્થીઓને કેવી રીતે અંગ્રેજી માધ્યમમાં શિખવી શકે તે માટેનું કાર્ય કર્યું છે. આ સમગ્ર કાર્યક્રમ ગૂગલ ક્લાસના માધ્યમથી રજૂ કરાયો હતો. જો શિક્ષક વર્ગખંડમાં વિષય વસ્તુ સમજાવવા માટે સ્પષ્ટ સૂચના આપે તો વિદ્યાર્થીના વર્તનમાં અચૂક પરિવર્તન લાવી શકાય છે અને વર્ગમાં વિષયલક્ષી જ્ઞાન પીરસી ઉત્તમ નગરિકનું ઘડતર કરી શકાય તેવું તેમણે જણાવ્યું હતું.

કલ્પેશભાઈએ ત્રણ વર્ષની મહેનતથી અધ્યાપક તરીકેની કામગીરી સાથે પી.એચ.ડી.નો અભ્યાસ કર્યો હતો. ભરૂચની એમિટી બી.એડ. કોલેજ અને હાલ શ્રી એસ. આર. પટેલ બી.એડ.કોલેજ, અણીતા-કિમ ખાતે અંગ્રેજી અને શિક્ષણના અધ્યાપક તરીકે તેઓ ફરજ બજાવે છે. ભરૂચ જિલ્લાની બી.એડ. કોલેજમાં તેમણે આ પ્રોજેક્ટનો અમલ કર્યો હતો. તેમના માતાપિતાએ પ્રાથમિક શિક્ષણ મેળવ્યું છે. આ ઉપરાંત પરિવારમાં તેમની પત્ની અને બે દીકરી છે. તેઓ વધુમાં જણાવે છે કે, આ અભ્યાસમાં મારા પત્ની અને માતા પિતાની ભૂમિકા ખૂબ અગ્રેસર રહી. મારા માર્ગદર્શક ડો. રાજ સર અને સાથે ડો. રાજેન્દ્ર પટેલ, ડો. જીગ્નેશ પટેલ , ડો. પ્રવિણચંદ્ર માસ્ટર, ડો. અન્સારી, ડો ભાવિન ચૌહાણ.

ઉનાઈ માતાજી મંદિર ઉનાઈમાં બે દિવસનો મહોત્સવ

નવચંડી યજ્ઞનું પણ આયોજન કરાયું

નવસારી

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અને જિલ્લા વહીવટીતંત્ર નવસારી આયોજીત શ્રી ઉનાઈ માતાજી મંદિર પરિસર, ઉનાઈ ખાતે તા.૨૮ તથા ૨૯ ફેબ્રુઆરી-૨૦૨૦ના રોજ ઉનાઈ ઉત્સવ ૨૦૧૯-૨૦ નું આયોજન કરવામાં આવ્યું છે. ઉનાઈ ઉત્સવમાં ગરબા, રાસ, લોકનૃત્ય, ભક્તિસંગીત જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો તથા નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમના સમારંભના અધ્યક્ષ તરીકે સહકાર, રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના રાજયમંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ, નવસારી સાંસદ શ્રી સી.આર.પાટીલ, વલસાડ સાંસદ શ્રી ડાલ.કે.સી.પટેલ, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી આર.સી.પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ ડાલ.અમિતાબેન પટેલ, નવસારી ધારાસભ્ય શ્રી પિયુષભાઈ દેસાઈ, ગણદેવી ધારાસભ્ય શ્રી નરેશભાઈ પટેલ, વાંસદા ધારાસભ્ય શ્રી અનંતભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. તેમ નવસારી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જણાવાયું છે.

રાજપીપળાની ક્રિસ્ટલ પબ્લિક સ્કુલ ખાતે "કૃમિ નાશક દિવસ"ની ઉજવણી: જિલ્લાના અંદાજીત ૧,૫૨,૭૦૯ જેટલાં બાળકોને આવરી લેવાશે

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા



આરોગ્ય અને પરિવાર કલ્યાણ દ્વારા જિલ્લા પંચાયત નર્મદા થકી રાજપીપલાની ક્રિસ્ટલ પબ્લિક સ્કુલ ખાતે જિલ્લા વિકાસ અધિકારી ડૉ.જીન્સી વિલીયમ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. કે. પી. પટેલ, આર. સી. એચ. ઓ ડૉ. ડી. એન. બારોટ, જિલ્લા લેપ્રેસી અધિકારી ડૉ. એન. સી. વેકરીયા, નાંદોદ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. સુમન.એ.કે, આરોગ્ય ટિમ, શાળાના બાળકોની ઉપસ્થિતિમાં "કૃમિ નાશક દિવસની ઉજવણી" ના કાર્યક્રમને દિપ પ્રાગટ્ય દ્વારા ખૂલ્લો મૂક્યો હતો.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી ડૉ.જીન્સી વિલીયમે જણાવ્યું હતું કે, કૃમિ નાશક દિવસની ઉજવણીમાં ૧ થી ૧૯ વર્ષના તમામ બાળકોને કૃમિ મુક્ત કરવા માટે આલબેન્ડેઝોલ ગોળી ચાવીને ખવડાવવામાં આવે છે. વધુમાં ઉમેર્યું કે, કૃમિ એ એનિમિયાનું મુખ્ય કારણ હોય છે. જેમાથી બાળકોમાં માનસિક, શારીરિક, માનસિક વિકાસ ઉપર ઘણી જ ખરાબ અસર થતી હોવાથી એક સાથે તમામ બાળકોને આલબેન્ડેઝોલ ગોળી ચાવીને ખવડાવવાથી એનિમિયાને અટકાવી શકાય છે. તેમણે વધુ કહ્યું કે, જિલ્લાનાં દરેક ગામમાં કૃમિ નાશક દિવસની ઉજવણી કરાશે જેમાં આંગણવાડી-૯૭૮, કેન્દ્ર અને શાળાના બાળકો-૮૯૬ સહિત અંદાજીત ૧,૫૨,૭૦૯ જેટલાં બાળકોને આવરી લેવાશે. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ. જીન્સી વિલીયમે આલબેન્ડેઝોલ ની ગોળી શાળાના બોળકોને ખવડાવીને કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. કે.પી.પટેલે જણાવ્યું કે, કૃમિ સંક્રમણથી બાળકોમાં કુપોષણ અને લોહીની ઉણપ થાય છે જેના કારણે હંમેશા થાક લાગે છે અને સંપૂર્ણ શારીરિક અને માનસિક વિકાસ સંપૂર્ણ પણે થતો નથી. તેમજ ૧ થી ૧૯ વર્ષનાં તમામ બાળકને આલબેન્ડેઝોલ ગોળી ખવડાવવામાં આવશે કોઈ પણ બાળક રહી ન જાય તેનું પણ ધ્યાન રાખવામાં આવશે અને બાકી રહેલ બાળકોને આગામી "મોપ અપ રાઉન્ડ" થકી ૩ જી માર્ચ,ના રોજ આલબેન્ડેઝોની ગોળી ખવડાવવામાં આવશે તેમજ કૃમિથી કેમ દુર રહી શકાય તેની વિસ્તૃત જાણકારી પણ તેમણે પૂરી પાડી હતી.

શેલના ઉપક્રમે એડવાન્સ ફ્લિટ મેનેજમેન્ટની ભારતમાં રજૂઆત

છેતરપિંડી સામે વધારાથી સુરક્ષા મળશે

સુરત

બીઝનેઝ અને ફ્લિટ ઓપરેટર્સ દ્વારા સામનો કરવામાં આવતી મુશ્કેલીઓનું સમાધાન લાવવા, શેલ, કોઈ પણ ઈન્ડસ્ટ્રીમાં બીઝનેશ માટેના એક વિશ્વસનીય ભાગીદાર, દ્વારા તેના ફ્લિટ સોલ્યુશન્સની ભારતમાં રજૂઆત કરવામાં આવી છે. જેનો હેતું છે ફ્લીટ માલીકોના માલિકી ખર્ચમાં ઘટાડો કરવાનો છે, શેલના પ્રોડક્ટ્સ અને સર્વિસીસના પોર્ટફોલીયો જેમાં ઉચ્ચ ગુણવત્તા વાળા વર્ગીકરણ ધરાવતા શેલ ફ્યુઅલ્સ, શેલ ફ્લીટ પ્રિપેડ પ્રોગ્રામ અને શેલટેલીમેટીક્સ જે કામગીરીમાં સારો કંટ્રોલ પુરો પાડે છે અને છેતરપિડીની સામે વધારાની સુરક્ષા પુરી પાડે છે.

વૈશ્વિક ફ્લીટ મેનેજમેન્ટ બિઝનેસમાં ૬૦ વર્ષથી વધુની સમજ અને ૬૦ મિલિયનથી વધુ ફ્લીટ કાર્ડ્સના આધારે, ભારતમાં રજૂ કરાયેલા ઉકેલોની શ્રેણી શેલનો વૈશ્વિક અનુભવ અને કુશળતા, અદ્યતન તકનીક અને વૈશ્વિક કક્ષાની નવીનતાને એક વિશિષ્ટ શેલનો ફાયદો ભારતીય ફ્લિટ માલીકોને પ્રદાન કરવા માટે લાવે છે.

પ્રસંગે વાત કરતાં, પરમીંદર કોહલી, જીએમ બીઝનેઝ ડેવલપમેન્ટ, માર્કેટીગ અને ઓપરેશન્સ – ફ્લિટ સોલ્યુશન્સ, જણાવે છે કે, નવી તકનીકો, સેવાઓ અને વધુ કનેક્ટિવિટીનું એકત્રીકરણ, ફ્લિટ ક્ષેત્રને ફરીથી આકાર આપી રહ્યું છે, નવી આવડતો અને નવા પ્લેયર અને બીઝનેશ મોડલ્સ તૈયાર કરે છે. તેમ છતાં, ફ્લિટ માલીકો અને મેનેજર્સ આ બદલાવનો સ્વિકાર કરવામાં મુશ્કેલી અનુભવે છે .

ઘરમાં ફિલ્મ જોતી વખતે હવે આનંદપૂર્ણ ફિસર્ચનો અનુભવ

સુરત

જાન્યુઆરી ૩૧, ૨૦૨૦:- જર્મન ઓડિયો જાયન્ટ Sennheiser એ આજે જેની ઘણા સમયથી આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી હતી તે Sennheiser AMBEO સાઉન્ડબારને ભારતમાં લોન્ચ કરવાની ઘોષણા કરી છે. તેના ઈમર્સિવ ૪.૧.૪ સાઉન્ડ અને ડીપ બાસની સાથે સાંભળવાનું મન થાય એવા Sennheiserના નવા AMBEO સાઉનડબારની કિંમત ૧૯૯,૯૯૦ રૂપિયા છે અને તે ૨૯ જાન્યુઆરી, ૨૦૨૦થી ભારતના સંગીત પ્રેમીઓ માટે ઉપલબ્ધ હશે. વિશ્વના સર્વશ્રેષ્ઠ સાઉન્ડબાર્સ પૈકીના એક તરીકે ઓડિયો સ્પેશિયાલિસ્ટ દ્વારા બનાવેલ, AMBEO સાઉન્ડબાર શ્રોતાઓને અવિશ્વસનિય યથાર્થવાદની સાથે અવાજના અનુભવની અંદર ધકેલી દે છે, જે શ્રીડી સાઉન્ડ ઉપલબ્ધ કરાવે છે જે સિંગલ ઓલ-વન-ડિવાઈસથી પ્લેબેક અને વાસ્તવિકતા વચ્ચેની રેખાને અસ્પષ્ટ કરે છે.

Sennheiseeનો આ સાઉન્ડબાર Sennheiserના AMBEO ટ્રેડમાર્ક હેઠળ વિકસિત કરવામાં આવ્યો છે. AMBEO થ્રીડી ઓડિયો ટેકનોલોજી પ્રોગ્રામ, ઈમર્સિવ ઓડિયો સોલ્યુશન બનાવવા માટે સમર્પિત છે, જે વપરાશકર્તાઓને એક્સપિરિયન્સ કન્ટેન્ટમાં ટ્રાન્સફોર્મ કરવા માટે ઓડિયો કેપ્ચર અને રિપ્રોડક્શનને અંતિમ રૂપ આપે છે. આ ટ્રાન્સફોર્મેશનને લિવિંગ રૂપમાં લાવવું, એ એએમબીઈઓ સાઉન્ડબારના પ્રોગ્રામનનો વધુ એક માઈલસ્ટોન છે. તેની વ્યાપક સાઉન્ડ સોલ્યુશન ઓડિયો ફાઈલ્સ, સિને ફાઈલ્સ અને તેમના દરેક પ્રકારના યુઝર્સને ખુશ કરવા માટે રચાયેલી છે.

મેલી વિધિના નામે છેતરતી બે મહિલાઓને લોકોએ ચપ્પલથી માર માર્યો

સુરત

સુરતના ડીંડોલી વિસ્તારમાં ઘરમાં ઘૂસીને મહિલાઓ સાથે મેલી વિધિના નામે ચિટિંગ કરીને ચોરી કરતી ગેંગની ૪ મહિલાઓને ડીંડોલી પોલીસે ઝડપી પાડી હતી. જોકે પોલીસના હાથે ઝડપાયા પહેલા આ મહિલા ગેંગની બે મહિલાઓ સોસાયટીની મહિલાઓના હાથે લાગી જતા બન્નેને જાહેરમાં ચપ્પલ વડે માર માર્યો હતો.

ફાળો માંગવાના બહાને ઘરમાં પ્રવેશ કરીને મહિલાઓને તમારા ઘરમાં મેલી શક્તિનો વાસ છે તમારે વિધી કરાવવી પડશે એવું કહીને માથામાં હાથ ફેરવીને સંમોહિત કરીને વિધી કરવાના બહાને સોના-ચાંદીના ઘરેણાં અને રોકડ રકમ તફડાવીને ભાગી જતી ૪ મહિલાઓને પોલીસે ઝડપી પાડી છે. તેમની પાસેથી ૧૦.૪૮ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. ડિંડોલી પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર એચ.એમ.ચૌહાણે જણાવ્યું હતું કે સ્ટાફને મળેલી બાતમીના આધારે છેતરપિંડી કરનાર ગેંગની ચાર મહિલાઓને ડિંડોલીના સાંઈ પોઈન્ટ વિસ્તારમાંથી ઝડપી પાડી છે. પોલીસે તેમની પાસેથી ૯૦ થી વધારે સોના-ચાંદીના ઘરેણાં કબજે કર્યા છે. તેમની કિંમત ૧૦.૪૧ લાખ રૂપિયા છે. ઉપરાંત ૬ હજાર રૂપિયાની કિંમતની સાડીઓ કબજે કરી છે.

ઈન્સ્પેક્ટર એચ. એમ. ચૌહાણે જણાવ્યું હતું કે મહિલાઓને ૧૫ ગુનાની કબુલાત કરી લીધી છે. જે પૈકી ડિંડોલી,લિંબાયત,પાંડેસરા અને પલસાણામાં તો ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે.બાકિના ગુનાઓ નોંધાયા નથી. પરંતુ શંકા છે કે આ મહિલાઓની ટોળકીએ ૭૦થી વધુ મહિલાઓને ટારગેટ બનાવી છે.

ભાટિયા ટોલનાકાને લઈ સોશિયલ મીડિયા યુદ્ધ... ધારાસભ્યોને ટેક્ષ મુક્તિ માટે માગ કરાશે

સુરત

ભાટીયા ટોલ પ્લાઝાને લઈને છેલ્લા ૨૦ દિવસથી ચાલી રહેલા આંદોલનમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ તરફથી કોઈ પ્રતિસાદ નહીં મળતા આંદોલન સંઘર્ષ સમિતિએ સોશિયલ મીડિયા યુદ્ધ શરૂ કર્યું છે.

ભાટીયા ટોલ નાકા સંઘર્ષ સમિતિ દ્વારા સોશિયલ મીડિયામાં એક પત્રિકા વહેતી કરીને એવો મેસેજ આપ્યો છે. ભાટીયા ટોલ પ્લાઝા શરૂ થયું ત્યારે સ્થાનિકો પાસેથી કોઈ ચાર્જ લેવામાં આવતો ન હતો પછી ધીરે ધીરે ચાર્જ લેવાનું શરૂ કર્યો છે.

આજ હાઈવે પર આગળ જતા માંડલ ટોલનાકા પર સ્થાનિકો પાસે કોઈ ટોલટેક્સ લેવામાં આવતો નથી. ભાટિયા ટોલનાકાની આ અન્યાયી નીતિ સામે છેલ્લા ૨૦ દિવસથી લડત ચાલી રહી છે.

પત્રિકામાં વધુમાં જણાવ્યું છે કે કેન્દ્ર સરકારના પરિવહન મંત્રી નિતિન ગડકરી આ બાબતે યોગ્ય નિર્ણય લઈ શકે છે અને જાહેર જનતાને ટોલ ટેક્સમાં છૂટ આપી શકે એમ છે. સ્થાનિક પ્રજાની સુવિધા, સુખાકારી અને સગવડ માટે આપણે સાંસદોને મત આપી ચૂંટી કેન્દ્ર સરકારમાં વહીવટ કરવા અને નીતિ નિયમો બનાવવા મોકલીએ છીએ. શું આ પ્રતિનિધિઓ લોકો માગ માટે આંદોલન કરે અને રસ્તા પર ઉતરે એવું ઈચ્છી રહ્યા છે?

જો સરકાર આપણી રજૂઆત ધ્યાને નહીં લે તો આપણે ચોક્કસ રસ્તા પર ઉતરીશું. ભાટીયા ટોલ ટેક્સ બાબતે સમિતિ માગ કરે છે કે આપણા ચૂંટાયેલા પ્રતિનિધિઓએ આ બાબતે નિરાકરણ લાવવું જોઈએ તો ચાલો આપણે ચૂંટાયેલા પ્રતિનિધિઓને મોબાઈલ પર વ્હોટ્સએપ પર એસએમએસ કરીને કે ફોન કરીને કામરેજની માફક ભાટીયા ટોલ ટેક્સ પરથી મુક્તિ આપે એવી માગ કરીએ.

વલસાડના યશ પંડીતને ત્રણ મેડલો સાથે કુલ આઠ પુરસ્કાર

સુરત

દક્ષિણ ગુજરાત યુનિ.માં પદવીદાન સમારોહમાં કપિલદેવના હસ્તે વલસાડની જી.એમ.ઈ.આર.એસ.મેડિકલ કોલેજના વિદ્યાર્થી ગૌરવ એવા યશ પંડિતને ૩ મેડલ તથા ૫ પારિતોષિક સહીત કુલ ૮ પુરસ્કાર મેળવ્યા હતા. જેમાં એમ.બી.બી.એસ.માં સર્જરી, મેડીસીન, જનરલ મેડીસીન શાખામાં મેડલ અને પારીતોષિક પ્રાપ્ત થયા છે. યશ પંડિતે જણાવ્યું કે, મારા માતા પિતાના સાથ સહકાર વગર આ શક્ય ન હતું. હું નિયમિત રીતે ઈન્ટર્નશીપમાંથી આવ્યા પછી ૭ થી ૮ કલાકનું વાંચન કરતો હતો. અભ્યાસ દરમિયાન મેં સોશીયલ મીડિયાથી અંતર બનાવી રાખ્યું હતું. માત્ર અભ્યાસના કામ માટે તેમજ તણાવ દુર કરવા માટે સોશીયલ મીડિયાનો ઉપયોગ કરતો હતો. અભ્યાસ સાથે સાથે મને નોવેલ વાંચવી, ટ્રાવેલિંગ અને સંગીત સાંભળવાનો ખુબ જ શોખ છે. ભવિષ્યમાં મેડીસીન અને ઓર્થોપેડીક ક્ષેત્રે આગળ જવાનો વિચાર તેમણે વ્યકત કર્યો હતો.

ગુજરાતમાં સાહસિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન કાર્યક્રમમાં જાડાવા ઇચ્છુક યુવક-યુવતીઓ અરજી કરે

નવસારી

રાજ્ય સરકારના કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર દ્વારા રાજ્ય સરકારના ખર્ચે સાહસિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા પાંચ દિવસ માટે શિબિર યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પસંદ થયેલા ૨૦૦ યુવક-યુવતીઓને ભાગ લેવાની તક આપવામાં આવશે. ગુજરાતમાં સાહસિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા સાથે ગુજરાત સરકારની તથા દેશમાં ચાલતી વિવિધ સાહસિક પ્રવૃત્તિઓ કરાવતી સંસ્થાની જાણકારી આપવા સહિત આપાતકાલિન સમયમાં બચાવ અને રાહતની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન બાબતોનું લેકચર અને પ્રેકટિકલ બચાવ માટેની પધ્ધતિઓનું માર્ગદર્શન ભાગ લેનાર સાહસવીરોને આપવાનું આયોજન કરવામાં આવનાર છે.

આ શિબિરમાં નવસારી જિલ્લાના રહિશો યુવક-યુવતીઓ આ કાર્યક્રમમાં ભાગ લેવા ઇચ્છતા હોય તેઓએ અરજીપત્રક, ઓળખનો પુરાવો, મેડીકલ સર્ટિફિકેટ, પાસપોર્ટ સાઇઝના બે ફોટાની વિગતો સાથેની પોતાની અરજી ફોર્મ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, સી બ્લોક, બીજા માળે, જિલ્લા સેવા સદન, જુનાથાણા, નવસારી ખાતેથી મેળવી કચેરી પર જ સંપૂર્ણ વિગતો ભરીને આધાર-પુરાવા સાથે તા.૨૯/૦૨/૨૦૨૦ સુધીમાં મોકલી આપવાનું રહેશે. કાર્યક્રમમાં પસંદ થનાર યુવક-યુવતીઓને પત્ર દ્વારા, મોબાઇલ, ઈ-મેઇલ દ્વારા જાણ કરવામાં આવશે. આ અંગે વધુ જાણકારી માટે જિલ્લા યુવા વિકાસ અધિકારી કચેરી ફોન નંબર (૦૨૩૭) ૨૮૦૬૬૩ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

રોડ પર ઓઈલ ઢોળાતા અનેક ટુ વ્હીલરો સ્લીપ

સુરતના ભાઠે વિસ્તારના બીઆરટીએસ રોડ ઉપર આવેલા બીસ્મીલ્લાહ ચોક પાસે આજે સવારે એક ચાલુ કારમાંથી ઓઈલ લીકેજ થતાં રોડ પર ઓઈલ ફરી વળ્યું હતું. જેથી કેટલાક ટુ-વ્હીલર સ્લીપ ખાઈ ગયા હતા. જોકે એક રાહદારીએ તાત્કાલિક ઘટનાની જાણ કરતા ફાયર બ્રિગેડનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને ફાયર બ્રિગેડના જવાનોએ ઓઈલ ઢોળાયા બાદ બની ગયેલા લપસણા રોડ પર પાણીનો મારો ચલાવી રોડ સાફ કર્યો હતો. ત્યારબાદ રોડ પરથી વાહનો પસાર કરવાની મંજૂરી અપાઈ હતી.

પાલનપુરના પ્રશાંત નગરમાં ચોરી થઈ

પાલનપુર જકાતનાકા પાસે આવેલી પ્રશાંતનગર સોસાયટી વિભાગ-૧ ઘર નં.૫૪માં ત્રાટકેલા તસ્કરો સોના ચાંદીના દાગીના મળી કુલ રૂા.૩૭૦૦૦ની મતા ચોરી કરી ગયા હતા. ઘર માલિક માદારામ હખમાજી પ્રજાપતિએ આ ઘટના અંગે રાંદેર પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. રાંદેર પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દર્જ કરી સીસીટીવી ફુટેજ મેળવી તપાસ હાથ ધરી છે.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

કેવડિયા ખાતે આજથી ત્રણ દિવસ ઈન્ડિયા આઈડિયાઝ કોન્કલેવનો પ્રારંભ

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : કેવડિયા ખાતે આજથી ત્રણ દિવસ માટે ઉર્દૂ ઈન્ડિયા આઈડિયાઝ કોફ્લેવ તારીખ ૨૮, ૨૯મી ફેબ્રુઆરી અને ૧લી માર્ચ ૨૦૨૦ના રોજ ટેન્ટ સીટી ૨, ખાતે ટુર્નિંગ ટુ રૂટ્સ, રિચિંગ ટુ હાઈટ્સ' વિષય પર આયોજિત થવા જઈ રહ્યું છે. જેમાં ૨૮મી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સાંજે ૪:૩૦ કલાકે આ કોન્કલવ ના ઉદ્ઘાટન સત્રમાં પીપલ્સ મજલિસ ઓફ માલદીવ્સના માનનીય સ્પીકર મોહમ્મદ નાશીદ,ગુજરાત મુખ્યમંત્રી વિજય રૂપાણી,વિદેશ મંત્રી એસ.જયશંકર,જેવા દિગ્ગજ નેતાઓ હાજર રહી ત્રણ દિવસ મહત્વના મુદ્દા પર ચર્ચા કરશે.

ભારતની સભ્યતા સ્થિતિસ્થાપક છે.જ્યાં સુધી ઈતિહાસ યાદ આવે ત્યાં સુધી બહુવિધ ધર્મોનું કેન્દ્ર,સેંકડો ભાષા ઓનું જન્મ સ્થળ, કલા સ્વરૂપો અને પરંપરાઓ આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક તપાસ બંને તરફ ભારત અગ્રેસર છે. તેના મૂલ્યો પ્રાચીન ભારતીય સાંસ્કૃતિક નૈતિકતામાં મૂળ છે પરંતુ તેમનો અભિગમ બદલાતા સમય સાથે ગતિશીલ વૈશ્વિક પડકારોને સમાવી શકે છે. સદીઓના આક્રમણ અને સાંસ્કૃતિક હુમલા સહન કર્યા હોવા છતાં,ભારતની જનતાએ ક્યારેય પણ લડત લડવાની છોડી નથી અને પોતાની ઓળખ યથાવત રાખી છે.



ટેન્ટ સીટી -૨ ખાતે ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા ૨૮, ૨૯મી ફેબ્રુઆરી અને ૧લી માર્ચ સુધી આયોજન

વિશ્વભરના બૌદ્ધિક લોકો એકબીજા સાથે વિચાર વિમર્શમાં સંકળાયેલા જોવા મળશે,અને 'ન્યૂ ઈન્ડિયા ટર્નીંગ ટુ રૂટ્સ, રાઇઝિંગ ટુ હાઈટ્સ'' થીમ પર ચર્ચા કરશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના એક સંબોધનમાં કહ્યું હતું કે વર્ષ ૨૦૨૨ આપણી આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ કરે છે, અને આ વર્ષ સુધીમાં 'સપનાનું ભારત' અથવા 'આપણા સ્વપ્નનું ભારત'' બનાવવા માટે,૧.૩ અબજ ભારતીયોએ સમાન ભાગીદાર બનવું પડશે. આપણી લોકશાહીની જેમ, નવું ભારત બનાવવાનું ભવ્ય સાહસ છે, અને એટલે જ દરેક ભારતીયની ભાગીદારીની માંગ કરે છે.લોકશાહી પ્રક્રિયા આજે માત્ર મતદાન અને ચૂંટણીઓ જીતવા સુધી મર્યાદિત નથી પરંતુ રાષ્ટ્ર નિર્માણ પ્રત્યે આપણા નાગરિકો ના ઉત્સાહનું પ્રતિબિંબ પણ છે.આપણે નવું ભારત બનાવવાની ઇચ્છા રાખી શકતા નથી, જે આપણા પ્રાચીન મૂલ્યો અને પરંપરાઓથી અલગ થઈ ગયું હોય. આ અઢી દિવસમાં વિશ્વભરના બૌદ્ધિક લોકો એકબીજા સાથે વિચાર - વિમર્ષમાં સંકળાયેલા જોવા મળશે,અને 'ન્યૂ ઈન્ડિયા ટર્નીંગ ટુ રૂટ્સ, રાઇઝિંગ ટુ હાઈટ્સ'' થીમ પર ચર્ચા કરશે.

દેડીયાપાડાના સાંકળી ગામમાં પાણીના બોર બાબતે મારામારી : એકને ઈજા

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા: નર્મદા જિલ્લાના દેડીયાપાડા તાલુકાના સાંકળી ગામમાં પાણીના બોર બનવવા બાબતે મારા મારી માં અકને ઈજા થઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર સાંકળી ગામના લક્ષ્મણભાઇ મીરીયાભાઈ વસાવા એ ગામના દશરીયા માકતા ભાઇ વસાવાને જણાવ્યું કે પાણીનો બોર મારા નામનો મંજુર થયો છે અને તુશા માટે તારા ઘર બાજુ બોર કરાવવાની વાત કરે છે તેમ કહેતા તે એકદમ ઉશ્કેરાઇ ગયા બાદ લક્ષ્મણ ભાઇને ગમેતેમ ગાળો બોલી બે ત્રણ તમાચા મારી લાકડી વડે લક્ષ્મણ ભાઇને સાપાટા મારી ઈજા પહોંચાડી હોય આ બાબતે લક્ષ્મણ ના ભાઈ જીગ્નેશ મીરીયાભાઈ વસાવાએ દશરીયા વસાવા વિરુદ્ધ ફરિયાદ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે.

આંધ્રપ્રદેશના વેપારીએ માલ ખરીદી ૩૧ લાખની ઠગાઈ કરી

બીજી પાર્ટીના નામે માલ ખરીદી કરી છેતરપિંડી

સુરત

આંધ્રપ્રદેશના એજન્ટે સુરતના પરવત પાટીયા વિસ્તારના વેપારી પાસેથી સાડી, કુર્તી અને ડ્રેસ મટીરિયલ્સનો માલ ખરીદી પેમેન્ટ પેટે આપેલા ચેકો રિર્ટન કરી રૂપિયા ૩૧.૫૯ લાખની ઠગાઈ કરી હતી.

પુણા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કતારગામ ધનરાજ સોસાયટીમાં રહેતાં અને પરવત પાટીયા રઘુવીર ટેક્ષટાઈલ્સમાં દુકાન ધરાવતા ચેતન રતિલાલ સાવલીયાએ આરોપી અરૂણકુમાર નાગરાજ (એજન્ટ, આંધ્રપ્રદેશ) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ બીજી પાર્ટીના નામે ફરિયાદી પાસેથી રૂપિયા ૩૧,૫૯,૭૫૪ની કિંમતનો માલ ખરીદી આપેલા ચેકો રિર્ટન થયા બાદ પેમેન્ટ નહીં ચૂકવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. પુણા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

ઉધનાના વેપારી સાથે બે પેઢી દ્વારા લાખો રૂપિયાની ઠગાઈ

નવાઝ સિલ્ક અને રાજા એમ્બ્રોયડરી સામે ગુનો દાખલ

સુરત

ઉધના હરિઈચ્છા ઈન્ડસ્ટ્રીયલમાં એસ. એ. ટેક્સટાઈલ્સના નામથી વેપાર કરતા વેપારી સાથે સલાબતપુરાના ત્રણ વેપારીએ વેલ્વેટ ફેબ્રિક્સનો માલ ખરીદી રૂપિયા ૧૫.૧૬ લાખનું પેમેન્ટ નહીં ચૂકવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી.

ઉધના પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ અડાજણ પાટીયા આશિયાના કોમ્પ્લેક્ષમાં રહેતા સલમાન અમીન વાપીવાળાએ આરોપી રસીદ ઉર્ફે નાસીર રઝાક, ગગન, ઉસ્માનગની હાજી જીક્કર અગાડી, રઈસ બાપુ વિરૂદ્ધ ઉધના પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. સલાબતપુરા માલીની વાડીમાં નવાઝ સિલ્ક, રાજા એમ્બ્રોઈડરીના નામથી વેપાર કરતા આરોપીઓએ વિશ્વાસ કેળવી સમય મર્યાદામાં પેમેન્ટ ચૂકવી દેવાની ખાતરી આપી રૂા.૧૫,૧૬,૬૨૦ની કિંમતનો ફેબ્રિક્સનો માલ ખરીદી પેમેન્ટ નહીં ચૂકવી છેતરપિંડી વિશ્વાસઘાત કરી હતી. ઉધના પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

૯.૨૬ લાખની ઉઘરાણી કરાતા વેપારીને મારી નાંખવાની ધમકી

મહાવીર માર્કેટના વેપારી સહિત ત્રણ સામે ગુનો દાખલ

સુરત

રિંગરોડ મહાવીર માર્કેટના સુહાના સિલ્ક મિલ્સે કાપડ દલાલ સાથે મળી વેપારી ચેતન કાપડીયા સાથે રૂપિયા ૯.૨૬ લાખની ઠગાઈ કરી હતી. તેમજ વેપારી ચેતના કાપડીયાએ ઉઘરાણી કરતા આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કતારગામ નગીનાવાડીમાં રહેતા ચેતન ચંદ્રકાંત કાપડીયાએ આરોપી પ્રકાશચંદ્ર ભાટી, રમેશભાઈ (સુહાના સિલ્ક મિલ્સ), મહાવીર માર્કેટ, રિંગરોડ, કાપડ દલાલ, સુરેન્દ્રભાઈ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ગુનાહિત કાવતરૂ રચી ફરિયાદી પાસેથી બેંગ્લોરી સાર્ટીનનું ગ્રે કાપડનો જથ્થો ખરીદી કર્યો હતો. આ માલનું રૂપિયા ૯,૨૬,૪૦૯ના પેમેન્ટની ઉઘરાણી ફરિયાદીએ કરતા આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

કતારગામ ઝોને વધુ ૪૭ મિલ્કતો સીલ કરી

સુરત

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૧૯-૨૦ દરમ્યાન હાલમાં રીક્વરીની ઝુંબેશ ચાલુ હોય જે અંગે તા.૨૫-૨-૨૦૨૦ના રોજ મિલ્કતોમાં રીક્વરી કરતા પટેલ ઈન્ડ. ફટાકડાવાડી વેડરોડ, પટેલ ગોવિંદ-ફટાકડાવાડી,વેડરોડ, સંઘવી વેડરોડ તથા રીલાયન્સ નગર કોસાડ રોડ, કોસાડ આવાસ વગેરે વિસ્તારમાં કુલ ૪૭ મિલ્કતોને સીલ કરવામાં આવતા રૂા.૧૬,૯૨,૧૧૬ની વસૂલાત કરવામાં આવેલ છે.

રાજપીપળાના સફેદ ટાવર પાસે નશેબાજ ટ્રકચાલકે રેલિંગ તોડ્યા બાદ બીજી ઘટનાથી લોકોમાં ફફડાટ

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : રાજપીપળા દરબાર રોડ તરફ થી જુના પો.સ્ટે.જવાના માર્ગ પર ગતરાત્રે કોઈ વાહન ચાલકે બેફામ વાહન હંકારતા છેક શાક માર્કેટ સુધી પાર્ક કરેલા વાહનો, કેબલના લટકતા વાયરોને નુકસાન કરી વાહન ચાલાક નાસી છૂટ્યો હતો લોકોએ સવારે ઉઠી જોયું ત્યારે આ બાબત ખબર પડી જેમાં કાર, બાઈક, વાયરો સહિતને નુકસાન થયું હતું.જોકે રાત્રીના સમયે આ ઘટના બનતા કોઈ રાહદારી અડફેટે માં આવ્યા નથી બાકી મોટી દુર્ઘટના બની હોત આ બાબતે કોઈ પોલીસ ફરિયાદ થઈ નથી પરંતુ હાલ માજ સફેદ ટાવર પાસે એક નસેબાજ ટ્રક ચાલાકે ભરચક વિસ્તાર માજ નસમાં ધૂત થઈ રેલીગ સાથે ટ્રક અથાડી નુકસાન કર્યું હતું આમ ટૂંકા ગાળામાજ આવી બીજી ઘટના બનતા તંત્ર એ હવે કડક થવું જરૂરી બન્યું છે.





રાજપીપળા શહેરમાં વધુ એક વાહન ચાલકે બેફામ વાહન હંકારી વાહનોનો ખુરદો બોલાવ્યો

જુના પો.સ્ટે.થી શાક માર્કેટ તરફ જવાના રસ્તે ગતરાત્રે વાહન ચાલકે આડેધડ વાહન ચલાવતા પાર્ક કરેલા વાહનોને નુકશાન

વારંવાર આવી ઘટના બને છે અને તાજેતરમાં જ આ બીજી ઘટના બની, સદનસીબે કોઈને ઈજા કે જાનહાનિ નથી છતાં તંત્ર એ કડક થવું જરૂરી છે

સ્ટેચ્યુ ઑફ યુનિટી ખાતે સમૂહમાં ૧૦૮ સૂર્યનમસ્કાર દ્વારા મોદીના ફિટ ઈન્ડિયા'' સૂત્રને સાકાર કરવા પ્રયાસ

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : તા,૨૯ ફેબ્રુઆરીના લીપ દિવસે ૧૮૨ સાધકો કેવડિયા કૉલોની સ્ટેચ્યુ ઑફ યુનિટી ખાતે સરદાર વલ્લભભાઇ પટેલની વિરાટ પ્રતિમા નીચે ૧૦૮ સૂર્ય નમસ્કાર કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'ફિટ ઈન્ડિયા'' સૂત્રને સાકાર કરવા જઈ રહ્યા છે.

વડોદરાની યોગનિકેતન સંસ્થા છેલ્લાં ૩૪ વર્ષથી પરંપરાગત યોગ અને સંગીત શિક્ષણ દ્વારા સંસ્કાર નગરીની જનતાના સર્વાગી સ્વાધ્યમાં પૌતાનું આગવું યોગદાન આપી રહીં છે. જાહેર જનતામાં યોગનો પ્રચાર-પ્રસાર કરવા માટે વિવિધ પ્રકારના કાર્યક્રમૌ દર વર્ષે પ્રયૌજવામાં આવે છે,આ કાર્યક્રમોમાં સામુહિક સૂર્ય નમસ્કાર કાર્યક્રમે શહેરીજનોમાં વિશેષ રીતે આકર્ષણ ઊભું કર્યું છ. ચાલુ માસે તા,૨૯ ફેબ્રુઆરીના લીપ દિવસે વહેલી સવારે ૯ વાગ્યે ૧૦૮ સૂર્યનમસ્કારની સંઘને તાલીમ લઈને તૈયાર થયેલા ૧૮૨ સાધકો કેવડિયા કૉલોનીમાં સ્ટેચ્યુ ઑફ યુનિટી ખાતે સરદાર વલ્લભભાઇ પટેલની વિરાટ પ્રતિમા નીચે ૧૦૮ સૂર્યનમસ્કાર કરીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના 'ફિટ ઈન્ડિયા'' સૂત્રને સાકાર કરવા જઈ રહ્યા છે. અત્યાર સુધીમાં થયેલા તમામ સામુહિક ૧૦૮ સૂર્યનમસ્કાર તથા ચંદ્રનમસ્કાર માટે સાધકોને એક મહિનાની તાલીમ આપીને તૈયાર કરવાની જવાબદારી સંસ્થાના યોગશિક્ષક અને કલાકાર પ્રવીણ મેરીપલ્લીએ સંભાળી છે.

તા.૨૯ ફેબ્રુઆરીના રોજ થનારા ૧૦૮ સૂર્યનમસ્કાર ખાતે સરદાર વલ્લભભાઇ પટેલની વિરાટ પ્રતિમા નીચે ૧૦૮ સૂર્યનમસ્કાર કરીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના 'ફિટ ઈન્ડિયા'' સૂત્રને સાકાર કરવા જઈ રહ્યા છે. વિશ્વભરમાં યોગ અંગેની તાલીમનો ભાર પણ છેલ્લા એક મહિનાથી તેમણે જ સંભાળેલો છે, પ્રવીણ મેરીપલ્લીએ ભારત અને નેપાળમાં હિમાલય, આર્મેનિયા,ઑસ્ટ્રીયા અને જર્મનીમાં ગાત્રો ગાળતી ઠંડીમાં બરફથી છાયેલા પ્રાણવાયુની અછત ધરાવતા પર્વત શિખરો પર સમુદ્રની સપાટીથી ૧૭૩૭ થી ૧૪૭૦ મીટરની ઊંચાઈએ ૧૦૮ સૂર્યનમસ્કાર કરવાની સિદ્ધિ મેળવીને લિમ્કા બૂકમાં સ્થાન મેળવેલું છે.



૧૮૨ સાધકો સ્ટેચ્યુ ઑફ યુનિટી ખાતે સરદાર વલ્લભ ભાઈ પટેલની વિરાટ પ્રતિમા નીચે ૧૦૮ સૂર્યનમસ્કાર કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'ફિટ ઈન્ડિયા'' સૂત્રને સાકાર કરવા જઈ રહ્યા છે

પાંડેસરાની કેમિકલ્સ ફેક્ટરીમાં કેમિકલ ડ્રમ ફાટવાની દુર્ઘટનામાં પીળા રંગનો ધૂમાડો



કેમિકલ લીકની દુર્ઘટના બાદ એક પછી એક કેમિકલ ભરેલા ડ્રમના ધડાકા : દુર્ઘટના પર કાબૂ મેળવવા ૨૩ ફાયર ફાયટરોના પ્રયાસો

સુરત

સવારે સવા અગિયાર વાગ્યાના સુમારે પાંડેસરા જીઆઈડીસી ખાતે કેમિકલ ફેક્ટરીમાં અચાનક કેમિકલ ભરેલ ડ્રમમાં એક પછી એક વિસ્ફોટ થતા ફાયર બ્રિગેડની ૨૩ ગાડીઓ ઘટના સ્થળે પહોંચી દુર્ઘટના પર કાબુ મેળવવાનો પ્રયાસ હાથ ધર્યો છે.

ફાયર વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ૧૧.૨૧ કલાકે ફાયર કન્ટ્રોલ રૂમમાં કોલ મળ્યો હતો કે પાંડેસરા જીઆઈડીસી ખાતે કેમિકલ ભરેલ ફેક્ટરીમાં કેમિકલ ડ્રમ ફાટ્યા હોવાનો મેસેજ મળ્યો હતો. બનાવની જાણ થતા જ કેમિકલ ફેક્ટરીમાં દુર્ઘટનાની ગંભીરતા સમજીને ફાયર સ્ટાફ દ્વારા ભેસ્તાન સહિત આજુબાજુના તમામ ફાયર સ્ટેશનથી ફાયર ફાયટર ઘટના સ્થળે રવાના કરવામાં આવ્યા હતા.

પાંડેસરા જીઆઈડીસી મારૂતિ ડાઈંગ મિલ પાસે પ્લોટ નં.૨૭૪માં આવેલ વોકીટોકીયમ ઈન્ડસ્ટ્રીઝમાં આગ લાગી હતી. અહીં કેમિકલ ફેક્ટરી હોવાનું જાણવા મળતા અને કેમિકલ ડ્રમ ફાટવાની દુર્ઘટના મોટું સ્વરૂપ ધારણ કરતા તાત્કાલિત ૨૩ જેટલા ફાયર ફાઈટરોની મદદથી દુર્ઘટના કાબુમાં લેવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. ચીફ ફાયર ઓફિસર બસંત પરીખ રજા પર હોવાથી ઈન્ચાર્જ ફાયર ઓફિસર મખ્ખીજાનીએ ઉચ્ચ અધિકારી ડેપ્યુટી કમિશનર ઉપાધ્યાયને જાણ કરવામાં આવી હતી. દુર્ઘટનામાં કોઈ કર્મચારી કે વ્યક્તિ ફંસાયો હોવાની હાલ કોઈ માહિતી મળી નથી. ફાયર સ્ટાફ કેમિકલ ફેક્ટરીમાં સર્જાયેલી દુર્ઘટના પર મેળવવાનો પ્રયાસ કરી રહી છે. ફેક્ટરીમાં રહેલ કેમિકલના ડ્રમ અને જથ્થો હોવાથી મોટો ધડાકો થઈ રહ્યો છે. ફાયર સ્ટાફ બહારથી કામગીરી બજાવી રહ્યો છે.

બપોર સુધી દુર્ઘટના પર કાબુ મેળવી શકાયો નથી. દુર્ઘટનામાં કોઈ વ્યક્તિ ફંસાયો ન હોવાની ખાતરી થતા ફાયર સ્ટાફે રાહત અનુભવી છે. ફેક્ટરીમાંથી પીળા રંગનો ધુમાડો નીકળતા જીઆઈડીસીની અન્ય મિલો અને ફેક્ટરી માલિકો અને કારીગરોના ટોળા ઘટના સ્થળે ભેગા થયા હતા. પોલીસ સ્ટાફે ભીડને હટાવવાની કામગીરી કરી ફાયરના વાહનોને સ્થળ સુધી પહોંચવા રસ્તો ખુલ્લો કર્યો હતો.

પ્રવાસીઓ માટે ખુશખબર... સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે 'ફેરી બોટ' શરૂ કરાશે

કેવડિયા

જો તમે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ની મુલાકાત લેવાનું વિચારી રહ્યા છો તો તમારા માટે આ સારા સમાચાર છે. માહિતી મુજબ 'સ્ટેચ્યુ ઓફ સ્ટેચ્યુ'ના પ્રવાસન માટે વધુ ૩૮૭ કરોડની બજેટમાં ફળવણી થતા હવે સરકાર મારફતે પ્રવાસીઓ માટે અનેક સુવિધા શરૂ કરવામાં આવશે. જેમાં થોડા જ દિવસોમાં એક અનોખી સેવા 'સ્ટેચ્યુ ઓફ લિબર્ટી' જેવી શરૂ કરવામાં આવશે.

મળતી માહતી મુજબ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' જોવા માટે દિન-પ્રતિદિન પ્રવાસીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ત્યારે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' વિસ્તારમાં ૧૭ જેટલા અલગ-અલગ સ્થળો 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' વિસ્તારમાં પ્રવાસીઓ માટે ફરવા માટે બનાવવામાં આવ્યા છે. ત્યારે આ વર્ષના ગુજરાત સરકારના બજેટમાં ૩૮૭ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. જેને લઈને 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના પ્રવાસન ઉદ્યોગને વધુ વેગવાન બનાવવામાં આવશે. જે હેઠળ જલ્દી પ્રવાસીઓ માટે 'સ્ટેચ્યુ ઓફ લિબર્ટી' જેવી 'ફેરી બોટ' સેવા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ખાતે પણ શરૂ કરવામાં આવશે.

હાલમાં જંગલ સફારીથી લઈને અનેક આકર્ષણો છે. ત્યારે આગામી દિવસોમાં 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' વિસ્તારમાં પ્રવાસીઓ માટે શહેરી બસ સેવા પણ શરૂ કરવામાં આવશે અને આ ફેરી બોટ સેવા 'સ્ટેચ્યુ ઓફ લિબર્ટી' જેવી હશે. જે માટે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામ ચાલી રહ્યું છે. તેમજ આગામી સમયમાં અન્ય અનેક અને અનોખી સુવિધાઓ પ્રવાસીઓ માટે શરૂ કરવામાં આવશે.